ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP) વિશેષાંક

જૂન - ઓગસ્ટ, 2018

# ગ્રામોદય સંકલ્પ

ખંડ 2, અંક 4

પંચાયતી રાજ
ગ્રામીણ વિકાસ
તથા પેયજળ
તેમજ સ્વચ્છતા
મંત્રાલય દ્વારા
પ્રકાશિત ન્યૂઝ
મેગેઝિન

## ગાંધીજીનું ગ્રામસ્વરાજ - વિકેન્દ્રીકરણનું મૉડલ

## ગ્રામ પંચાયતોના માધ્યમથી ગ્રામ્ય મહિલાઓનું સશક્તિકરણ

## જીપીડીપીથી મુશ્કેલ પથ બન્યો સુગમ, સુખી ગામનું સપનું થઈ રહ્યું છે સાકાર

## જનસશક્તિકરણ: મોબાઇલ એપ



“મહાત્મા ગાંધીએ હંમેશા ગામડાંઓના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ‘ગ્રામસ્વરાજ’ અંગે વાત કરી હતી. ગામડાંઓમાં પરિવર્તનથી ભારતનું પરિવર્તન સુનિશ્ચિત થશે.”



# પ્રધાનમંત્રી- ગ્રામસ્વરાજથી દેશનું નિર્માણ

આજે દેશ આત્મવિશ્વાસથી ભરેલો છે. સપનાંઓના સંકલ્પની સાથે પરિશ્રમની પરાકાષ્ઠાને પગલે દેશ નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે.

**15 ઑગસ્ટ, 2018**

અમારો પ્રયાસ કૃષિ ક્ષેત્રમાં લોકોને આત્મનિર્ભર બનાવવાનો છે, જન-ધન, વનધન, ગોબરધન એમ ત્રણેયનું લક્ષ્ય જનજાતિય અને કૃષિ સમુદાયોને સશક્ત બનાવવાનો છે.

**24 એપ્રિલ, 2018**

મહાત્મા ગાંધીએ હંમેશા ગામડાંઓના મહત્વ પર ભાર મૂક્યો હતો અને 'ગ્રામસ્વરાજ' અંગે વાત કરી હતી. ગામડાંઓમાં પરિવર્તનથી ભારતનું પરિવર્તન સુનિશ્ચિત થશે.

**24 એપ્રિલ, 2018**

એક આત્મનિર્ભર હિંદુસ્તાન હોય, એક સામર્થ્યવાન હિંદુસ્તાન હોય, વિકાસની ગતિને સતત જાળવી રાખનાર, સતત નવી ઊંચાઈઓને સર કરનારું હિંદુસ્તાન હોય, દુનિયામાં હિંદુસ્તાનની શાખ હોય અને અમે ઇચ્છીએ છીએ કે, દુનિયામાં હિંદુસ્તાનનો દબદબો પણ હોય. અમે આવું હિંદુસ્તાન બનાવવા માંગીએ છીએ.

**15 ઑગસ્ટ, 2018**

દરેક ભારતીય પાસે પોતાનું ઘર હોય. દરેક ઘરમાં વીજજોડાણ હોય. દરેક ભારતીયને ચૂલાના ધુમાડાંથી મુક્તિ મળે. દરેક ભારતીયને જરૂરિયાત મુજબ પાણી મળે. દરેક ભારતીયને શૌચાલય મળે. દરેક ભારતીયને કુશળતા પ્રાપ્ત થાય. દરેક ભારતીયને સારી અને સસ્તી સ્વાસ્થ્ય સેવાઓ મળે. દરેક ભારતીયને સુરક્ષાકવચ મળે. દરેક ભારતીયને ઇન્ટરનેટની સેવા મળે. આ મંત્રને સિદ્ધ કરીને અમે દેશને આગળ વધારવા માંગીએ છીએ.

**15 ઑગસ્ટ, 2018**

# વિષયસૂચિ



ગાંધીજીનું ગ્રામસ્વરાજ – વિકેન્દ્રીકરણનું મૉડલ 06




15 ગામડાંઓનો વિકાસ સરકારનો સંકલ્પ




‘એપ’થી ગ્રામલોકોને મળ્યો ન્યાય 32

## પંચાયતી રાજ મંત્રાલય


| | |
|---|---|
| ગ્રામસ્વરાજ અભિયાન | 09–11 |
| જીપીડીપીથી મુશ્કેલ પથ બન્યો સુગમ, સુખી ગામનું સપનું થઈ રહ્યું છે સાકાર | 12–14 |
| ગ્રામ પંચાયતોના માધ્યમથી ગ્રામ્ય મહિલાઓનું સશક્તિકરણ | 16–18 |
| સફળતાની વાત | 19–20 |
| સામુહિક પ્રયાસોથી ઉજળ્યું ચાંદસમંદ ગામ | 21–22 |
| ગ્રામ પંચાયત વિકાસ યોજના | 24–25 |


## ગ્રામ્ય વિકાસ મંત્રાલય


| | |
|---|---|
| ચપકા ગ્રામ પંચાયત | 23 |
| બીજ માતા | 26–27 |
| થેન્નલા એગ્રો ફાર્મર્સ પ્રોડ્યૂસર કંપની લિમિટેડ | 28 |
| ગુલાબી બની જોડંદા જરિયા ગામના લોકોની જિંદગી | 31 |


## પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય


| | |
|---|---|
| સફળતાની વાત | 35 |
| શું તમે જાણો છો? | 41 |
| ગ્રામીણના સ્વચ્છતા સંદેશવાહક ચતુરસિંહ-મેડમ બાતૂની | 45 |
| રાઉન્ડ અપ એક્ટિવિટી | 46 |



### સલાહકાર મંડળ
સચિવ, પંચાયતી રાજ મંત્રાલય
સચિવ, ગ્રામીણ વિકાસ મંત્રાલય
સચિવ, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય

### મુખ્ય સંપાદક
અમરજીત સિંહા
સચિવ, પંચાયતી રાજ મંત્રાલય
તેમજ ગ્રામીણ વિકાસ મંત્રાલય

### સંપાદક મંડળ
આર્થિક સલાહકાર, પંચાયતી રાજ મંત્રાલય
સંયુક્ત સચિવ, ગ્રામીણ વિકાસ મંત્રાલય
મહાનિદેશક, પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય
નિદેશક (આઈ.ઈ.સી.), ગ્રામીણ વિકાસ મંત્રાલય
નિદેશક (આઈ.ઈ.સી.), પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય
નિદેશક (મીડિયા), પંચાયતી રાજ મંત્રાલય

### સંકલન તેમજ અનુવાદ
જાગરણ પ્રકાશન લિ.




વિરલ મહાનાયક – અટલ બિહારી વાજપેયી 08



36 સફળતાની વાત પેયજળ તેમજ સ્વચ્છતા



**નરેન્દ્રસિંહ તોમર**
**ગ્રામીણ વિકાસ,**
**પંચાયતી રાજ તેમજ ખાણ મંત્રી**
**ભારત સરકાર**
**કૃષિ ભવન, નવી દિલ્હી**

# સંદેશ

પંચાયતો બંધારણીયરૂપે માન્યતાપ્રાપ્ત લોકપ્રિય સંસ્થાઓ છે. સ્થાનિક સ્વશાસનમાં સામાન્ય લોકોના હિતોની રક્ષાનો ઉદ્દેશ્ય નિહિત હોય છે. સ્થાનિકોની સક્રિય સહભાગીદારીથી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની યોજનાઓ તૈયાર કરવી તથા લાગુ કરવી એ પંચાયતોની બંધારણીય જવાબદારી છે. એ વાત સાચી છે કે, સત્તા તેમજ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગામના છેવાડાના વ્યક્તિની સહભાગીદારીથી જ સ્થાનિક સ્વશાસનની સફળતાને આંકી શકાય છે. આ જ પરિપ્રેક્ષ્યમાં ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)ને વધુ સારી બનાવવા તથા તેમાં સર્વજનની સહભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર, ગાંધી જયંતીના દિવસ 02 ઑક્ટોબર, 2018થી જીપીડીપી નિર્માણ સંબંધિત સઘન જન-જાગૃતિ અભિયાનનો શુભારંભ કરવા જઈ રહી છે. આગામી નાણાકીય વર્ષ માટે વિસ્તૃત જીપીડીપી-નિર્માણના આ મહત્વાકાંક્ષી અભિયાન હેઠળ વિવિધ મંત્રાલયોની વચ્ચે સમન્વય સ્થાપવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવશે. આ અભિયાન 31 ડિસેમ્બર, 2018 સુધી ચાલશે. પંચાયતો પાસે અમે એવી આશા અને અપેક્ષા રાખીએ છીએ કે, તેઓ તેમના તમામ આંતરિક અને બાહ્ય સંસાધનોનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કરી ગ્રામવાસીઓની સહમતિ અને સહયોગથી ગ્રામ પંચાયત વિકાસ યોજનાનું નિર્માણ કરશે. મને વિશ્વાસ છે કે, જીપીડીપી હેઠળ તૈયાર કરવામાં આવી રહેલી યોજનાઓથી ગામડાંઓ આર્થિક અને સામાજિક રીતે સમૃદ્ધ બનશે. આપણે જીપીડીપીના માધ્યમથી કૃષિ, વૈકલ્પિક ઊર્જા, જળ વ્યવસ્થાપન, સ્વચ્છતા, કૌશલ્યવિકાસ તેમજ અન્ય સંબંધિત ક્ષેત્રોમાં થઈ રહેલા નવીન પ્રયોગો અને નવાચારોને સુદૂરના ગામડાંઓ સુધી પહોંચાડવા પડશે. આ માટે સુઆયોજિત તેમજ સારી રીતે વિચારીને કરવામાં આવેલું વ્યવસ્થાપન, સશક્ત તેમજ નવા ભારતના નિર્માણની દિશામાં એક મહત્ત્વનું પગલું હશે.

**"સબકા સાથ, સબકા વિકાસ"**ના મૂળ-મંત્ર હેઠળ તમામ ગ્રામવાસીઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં સાંકળવાનું અમારું મુખ્ય લક્ષ્ય છે. અમારું એવું સ્પષ્ટપણે માનવું છે કે, સ્થાનિક સ્વશાસન વ્યવસ્થા ત્યારે જ સશક્ત તેમજ સુદ્રઢ થઈ શકશે જ્યારે સામાન્ય લોકોને ગ્રામસભા અને ગ્રામ પંચાયતોની કામગીરીમાં પોતાની સહભાગીદારીના મહત્ત્વ અંગે સભાનતા કેળવાશે. મારો આપ સૌ પંચાયત પ્રતિનિધિઓને આગ્રહ અને વિનંતી છે કે, **"સબકી યોજના, સબકા વિકાસ"** પર આધારિત સમગ્ર જીપીડીપી નિર્માણના આ મહત્વાકાંક્ષી અભિયાનને પોતાના અમૂલ્ય યોગદાન, સક્રિય સહયોગ અને ઉત્સાહપૂર્વકની સહભાગીદારી દ્વારા સંપૂર્ણપણે સફળ બનાવીને રાષ્ટ્રનિર્માણમાં સહયોગી બનો.

જય હિંદ.

(નરેન્દ્રસિંહ તોમર)






**રાજ્ય કક્ષાના મંત્રી**
**કૃષિ તેમજ ખેડૂત કલ્યાણ મંત્રાલય**
**તેમજ પંચાયતી રાજ મંત્રાલય,**
**ભારત સરકાર**

# સંદેશ

આપણા બંધારણના કેન્દ્રમાં ભેદભાવમુક્ત અને સમાનતા પર આધારિત સમાજની સ્થાપનાની અવધારણા રહેલી છે. આ અવધારણાને સાકાર કરવા માટે બંધારણના 73મા સુધારામાં પંચાયતી રાજ સંસ્થાઓના સુદ્રઢીકરણ તેમજ સુશાસનને સુનિશ્ચિત કરવાની સાથે-સાથે જનતાની જરૂરિયાતો અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે વિકાસની યોજનાઓના નિર્માણ, અમલીકરણ તથા તેની પર દેખરેખ રાખવાની જવાબદારી પણ ગ્રામ પંચાયતોને સોંપવામાં આવી છે. 'ગ્રામ પંચાયત વિકાસ યોજના' (જીપીડીપી)ની કલ્પના પણ એક સહભાગી યોજના તરીકે કરવામાં આવી છે. તેનાથી ગામડાંના મૂળભૂત માળખાંથી માંડીને નાના-મોટા તમામ પ્રકારના વિકાસકાર્યો માટે ગ્રામ પંચાયતો ગ્રામસભાના માધ્યમથી યોજનાઓ તૈયાર કરી શકે છે.

પંચાયતોને 14મા નાણાં પંચની ભલામણોને પોતાની ઇચ્છા મુજબ લાગુ કરવાની સ્વતંત્રતા આપીને વર્તમાન કેન્દ્ર સરકારે તેમને તેમના વાસ્તવિક અધિકારો સોંપવાનું કામ કર્યું છે. અગાઉ આ રકમ જિલ્લા, બ્લૉક અને ગ્રામ પંચાયતો માટે ફાળવવામાં આવતી હતી પરંતુ 14મા નાણાં પંચની ભલામણો હેઠળ આ રકમ ફક્ત ગ્રામ પંચાયતો માટે જ છે. 14મા નાણાં પંચની ભલામણો અનુસાર, અનુદાન મેળવવા માટે ગ્રામ પંચાયત વિકાસ યોજનાનું નિર્માણ અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે.

લાંબા સમયમાં વિકાસના પરિમાણો અને પડકારોને જોતાં આપણે જીપીડીપીની ગુણવત્તામાં ગુણાત્મક સુધારો કરવો જોઇએ તથા સ્વસહાય જૂથોને સાથે લઇને મહિલા સશક્તિકરણ તેમજ ચીરસ્થાયી વિકાસના લક્ષ્યોને ધ્યાનમાં રાખી જીપીડીપીનું નિર્માણ કરવાનું રહેશે. જીપીડીપીના પ્રભાવશાળી અમલીકરણથી ગામમાં વિકાસની સાથે-સાથે રોજગારીની તકો પણ પેદા થશે. યોજનાઓના અમલીકરણમાં નિરીક્ષણ અને પારદર્શક્તા રાખવાથી ગરીબી ઘટશે તથા શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, પેયજળ, પોષણ, ખાદ્યસુરક્ષા, નિરંતર રોજગારી, આવાસ, વીજળી, જાતિગત સમાનતા અને સામાજિક ન્યાયના લક્ષ્યો સહજતાથી પ્રાપ્ત કરી શકાશે.

જે રીતે 14મા નાણાં પંચના અનુદાને ગ્રામ્ય ભારતના વિકાસના સ્વરૂપની કાયાપલટ કરી નાંખી છે, તે જ પ્રકારે ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)ના નિર્માણથી ગ્રામ પંચાયતોના સમગ્ર અને સુઆયોજિત વિકાસનો માર્ગ મોકળો થયો છે. આ પંચાયતી રાજ મંત્રાલયના સતત પ્રયાસોનું જ ફળ છે કે, રાજ્ય સરકારોના સહયોગમાં મોટી સંખ્યામાં આપણી ગ્રામ પંચાયતો જીપીડીપીનું નિર્માણ કરવામાં સફળ રહી છે. સમગ્રતયા અને સર્વાંગી વિકાસ સંબંધિત અમારા મંત્રો 'સબકા સાથ સબકા વિકાસ' અને 'સાફ નીયત સબકા વિકાસ'ના ગત વર્ષોના અનુભવને જોતાં જીપીડીપીને વધુ સશક્ત, પારદર્શક તેમજ ધારદાર બનાવવાનો આ જ યોગ્ય સમય છે. ગ્રામ પંચાયત વિકાસ યોજનાની ગુણવત્તાને વધુ સારી બનાવવા અને તેમાં સર્વજનની સહભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર 2 ઑક્ટોબર, 2018થી 31 ડિસેમ્બર, 2018ના સમયગાળામાં જન-યોજના અભિયાન ચલાવવાની છે. આ મહત્વાકાંક્ષી જન-જાગૃતિ અભિયાનમાં ભારત સરકારના અઢાર મંત્રાલયો તેમજ વિભાગોની યોજનાઓના અમલીકરણ માટે સમન્વિત કાર્યયોજના બનાવવામાં આવશે તથા આ અભિયાનની સફળતાની સાથે-સાથે નવા ભારતના નિર્માણની દિશામાં હું આપ સૌ પંચાયત પ્રતિનિધિઓની સક્રિય સહભાગીદારીની અપેક્ષા રાખું છું.

શુભેચ્છા સહ

(પરષોત્તમ રૂપાલા)

# ગાંધીજીનું ગ્રામ સ્વરાજ – વિકેન્દ્રીકરણનું મૉડલ



**ગાંધીજીએ એક શક્તિશાળી ભારતની કલ્પના કરી હતી, જેની રચના એવા ગામડાંઓથી થયેલી હોય જે આત્મનિર્ભર હોવાની સાથે-સાથે અન્ય ગામડાંઓ સાથે વાણિજ્ય અને વિનિમયથી જોડાયેલાં રહે.**



'સ્વરાજ' શબ્દ ભારતીય સ્વતાંત્રતા સંગ્રામનો અવિભાજ્ય હિસ્સો રહ્યો છે અને તેની વ્યાખ્યા ઘણાં સંદર્ભોમાં કરવામાં આવી છે. હોમ રૂલ અને સ્વશાસન તેના સર્વસામાન્ય અર્થો થતાં હતાં, જેનું રાજનીતિજ્ઞો દ્વારા વારંવાર પુનરુચ્ચારણ થતું હતું. પરંતુ મહાત્મા ગાંધી માટે સ્વરાજનો અર્થ એક રાજકીય મુદ્દાથી સવિશેષ હતો.

એટલે સુધી કે, જ્યારે તેમણે વર્ષ 1909માં જહાજમાં પોતાની યાત્રા દરમિયાન 'હિંદ સ્વરાજ' લખ્યું ત્યારે પણ તેઓ સંપૂર્ણપણે આશ્વસ્ત હતા કે, ભારતને એક અલગ પ્રકારના સ્વરાજની જરૂરિયાત છે- સ્વરાજ હાંસલ કરતાં પહેલાં પોતાના પર સંપૂર્ણપણે આત્મનિયંત્રણની સ્થિતિ પ્રાપ્ત કરવી. તેમનો આ વિચાર સ્વરાજની તેમની વ્યાખ્યામાં તો હંમેશાથી રહેલો છે પરંતુ ગ્રામસ્વરાજમાં પણ તે છે.

મહાત્મા ગાંધીના દ્રષ્ટિકોણનો સંપૂર્ણ ભાર સામાજિક સમાનતા, સાંપ્રદાયિક સદભાવ અને શ્રમની ગરિમા જેવા સ્થાયી વિચારો પર કેન્દ્રિત હતો, જે આ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ દેશમાં લોકો વચ્ચે રહેલાં અંતરને દૂર કરી શકે, જેથી ભારતનું બુદ્ધિધન આપણા સંયુક્ત અસ્તિત્વમાં સ્વતંત્રતાપૂર્વક પોતાનું સર્જનાત્મક યોગદાન આપી શકે.

ગાંધીજીએ એક શક્તિશાળી ભારતની કલ્પના કરી હતી, જેનો પ્રારંભ ગામડાંઓથી થાય. ગામડાંઓ પોત-પોતાની રીતે સ્વાયત્ત હોય પરંતુ તેઓ વાણિજ્ય અને વિનિમયના ક્ષેત્રમાં એકબીજા પર નિર્ભર હોય. ભારત જો એક શરીર છે તો તેના પ્રત્યેક અંગ સ્વસ્થ હોય તે જરૂરી છે. એક શક્તિશાળી રાષ્ટ્રના નિર્માણ માટે ગામડાંઓ આધુનિક અને આત્મનિર્ભર હોય તે જરૂરી છે, જેથી કરીને ગામડાંના લોકો સન્માનભર્યુ જીવન જીવી શકે. આ જ વાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ સંસદમાં પોતાના પ્રથમ વક્તવ્યમાં કહી હતી. તેમનો પ્રત્યેક શબ્દ 'હિંદ સ્વરાજ'થી પ્રભાવિત હતો. જેને ગાંધીજીએ સ્વ પર શાસન કરવું કહ્યું હતું, તેને જ મોદીજીએ કોઇપણ કરવામાં આવેલાં કાર્યમાં અનુશાસન અને દેશ માટે કટિબદ્ધતાનું નામ આપ્યું.

આ 'સ્વયંની ઉપર શાસન' એક વ્યક્તિથી માંડીને સમગ્ર દેશમાં પ્રવાહિત થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોતાની સંપૂર્ણ ક્ષમતાઓને પ્રાપ્ત કરી ગરિમાપૂર્ણ જીવન જીવી શકે છે. આ પરિકલ્પનામાં સૌથી નાનું એકમ વ્યક્તિ હશે તો સૌથી નાનું રાજકીય અને આર્થિક એકમ ગ્રામ અથવા ગામડું હશે. તેનો ધ્યેય આત્મશક્તિની ઉન્નતિ સાધીને વાણિજ્ય, શિક્ષણ અને આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવાનો હતો.

આ પરિકલ્પનામાં વ્યક્તિઓની કુશળતાને પ્રોત્સાહિત કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો અને શિક્ષણનું મુખ્ય ધ્યાન તેની પર જ કેન્દ્રિત હતું. આથી જ એક શિલ્પકારનો દીકરો પોતાની રોજગારી રળવા માટે કુશળતા ધરાવતો હોય અને આ સાથે જ તેના માટે અન્ય કોઈ શિક્ષણ પણ ઉપલબ્ધ



હોય. ટેકનોલોજીનું કામ રોજગારી વધારવાનું હતું, નોકરીઓ છીનવવાનું નહીં. તે વિકેન્દ્રિકરણનું એક મૉડલ હતું, જેને સ્વતંત્રતા બાદ તિલાંજલી આપી દેવામાં આવી. ગાંધીજીએ ગામડાંઓ માટે મધપૂડા જેવી સક્ષમ સંરચનાની કલ્પના કરી હતી, જેમાં પ્રત્યેક ગામ અન્ય ગામો સાથે જોડાયેલા હોય, જ્યારે આધુનિક વિકાસના દ્રષ્ટિબિંદુથી તેણે કેટલાક જ શહેરો સાથે જોડાવાનું હતું.

પરંતુ આપણે તેનાથી અલગ માર્ગ પસંદ કર્યો. શહેરોના વિકાસ માટે ગામડાંઓ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવ્યાં. આવા શહેરો મોટા થતાં ગયાં અને રાક્ષસની જેમ ગામડાંઓને ગળી ગયાં. શહેરો તરફ સ્થળાંતરને કારણે ગામડાંઓ પ્રતિભાહિન થઈ ગયાં. પુસ્તકિયા જ્ઞાન અને ડિગ્રીઓએ પારંપરિક કૌશલ્યને લુપ્ત કરી નાંખ્યું. સ્નાતકની ડિગ્રી લીધા બાદ ખેડૂતનો દીકરો શહેરમાં આવી ગયો, જેનો અર્થ હતો મજૂરની જિંદગી જીવવી. તેણે ગામમાં શ્રમનું ગરિમાપૂર્ણ જીવન જીવવાને બદલે શહેરની અપમાનિત જિંદગી સ્વીકારી. દેશ તેના પરિણામે ઉત્પન્ન થનારી અરાજક્તાને આજે પણ ભોગવી રહ્યો છે. તેનું મૂળ કારણ હતું શ્રમ પ્રત્યે સન્માનનો અભાવ.

ગાંધીજીના ગ્રામસ્વરાજમાંથી લેવામાં આવેલ કુટીર ઉદ્યોગ, પરંપરાગત શિલ્પકારી અને ગ્રામ આધારિત ઉદ્યોગની પરિભાષા ક્યારેય કાગળમાંથી બહાર આવી વાસ્તવિક્તાના ધરાતલ પર સાકાર થઈ શકી નહીં. આ તથ્ય મહાત્મા ગાંધી દ્વારા વર્ષ 1946માં પોતાની પરિકલ્પનાની આપવામાં આવેલી વ્યાખ્યાથી તદ્દન વિપરિત છેઃ

‘સ્વતંત્રતાની શરૂઆત નીચેથી થાય છે... સમાજની રચના એવી હોવી જોઇએ જેમાં પ્રત્યેક ગામ આત્મનિર્ભર અને પોતાની બાબતોનું વ્યવસ્થાપન કરવામાં સક્ષમ હોય... તેનું પ્રશિક્ષણ એવું હોવું જોઇએ કે તે કોઇપણ બાહ્ય હુમલા સામે આત્મરક્ષાનો પ્રયાસ કરવા જતાં નાશ પામવા માટે પણ તૈયાર હોય... તેનો અર્થ એ નથી કે, તે પડોશીઓ પાસેથી કે દુનિયા પાસેથી સહાય ન લે. તે પારસ્પરિક શક્તિઓનો સ્વતંત્ર અને સ્વૈચ્છિક સંબંધ હશે... આ માળખું ઘણી સંખ્યામાં ગામડાંઓથી બનેલું હશે, જેમાં સતત વધનારા તેમજ વિસ્તરનારા વૃત્ત હશે. વિકાસ એક પિરામિડ જેવો નહીં હોય, જેમાં ઉપલો હિસ્સો નીચેના ભાગ પર નિર્ભર રહે છે. તેના બદલે તે એક મહાસાગર જેવો વૃત્ત હશે, જેના કેન્દ્રમાં વ્યક્તિ હશે. આથી સૌથી બાહ્ય ઘેરાવો આંતરિક વૃત્તને મહત્વહિન બનાવવા માટે શક્તિનો ઉપયોગ નહીં કરે. તેના બદલે તે પોતાની અંદર સમાવિષ્ટ તમામ વૃત્તોને શક્તિ પ્રદાન કરશે અને તેના બદલે તેમની પાસેથી પણ શક્તિ મેળવશે.’



મહાત્મા ગાંધીની પરિકલ્પના મુજબ, ભારતીય ગામડાંઓનું પુનઃસ્થાપન એક અઘરું કામ છે, કારણ કે, પરિસ્થિતિ એટલી હદે બદલાઈ ચૂકી છે કે, તેને પરિવર્તિત કરવી શક્ય લાગતું નથી. ગ્રામ્ય-શહેરી ભારતનું સ્વરૂપ એટલું બદલાઈ ગયું છે કે, તેને ઓળખવું શક્ય નથી. પરંતુ ગામડાંઓ હજુ પણ જીવિત છે. ગ્રામ-આધારિત ઉદ્યોગો, શૈક્ષણિક સુવિધાઓ અને કૌશલ્ય આધારિત કાર્યોને પ્રોત્સાહન આપીને આપણે હજુ પણ ગામડાંઓને બચાવી શકીએ છીએ. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે ગ્રામવાસીઓ, ખાસ કરીને યુવાન પેઢી પોતાના પરિવેશમાં આત્મસન્માનની ભાવનાને અનુભવે. ગામડાંઓ તરફ વાપસીની યાત્રા ત્યારે જ શરૂ થઈ શકે છે જ્યારે લોકોને ગૌરવભર્યું જીવન જીવવાની તકો પૂરી પાડવામાં આવે, એક એવું આર્થિક સમૃદ્ધિથી ભરપૂર જીવન જ્યાં આધુનિક્તા અને પરંપરા વચ્ચે સન્માનભર્યો સંબંધ હોય અને ગ્રામવાસીઓનું ઉત્પાદન દેશની આર્થિક ઉન્નતિમાં યોગદાન આપી શકે.

આ એક એવો મુદ્દો છે જ્યાં મહાત્મા ગાંધીના વિચારોને પુનર્જીવિત કરવા જરૂરી છે, કારણ કે, તેઓ શ્રમના ગૌરવભર્યા જીવનની વાત કરે છે, એકબીજા પર નિર્ભર હોવાની વાત કરે છે. તેઓ સ્વતંત્ર હોવાની તરફેણ કરે છે અને ફક્ત અન્યોને જ નહીં પરંતુ પોતાને પણ વાસ્તવમાં સન્માન આપવાની પણ વાત કરે છે. સ્વરાજનું લક્ષ્ય ત્યારે જ હાંસલ થશે જ્યારે આ સમાજ છેવાડાના પાયદાન પર ઊભેલી વ્યક્તિ સુધી પહોંચશે. ♦

**ડૉ. આલોક વાજપેયી**
**મનોચિકિત્સક અને ક્યુરેટર-**
**એન ઑવર વિથ ધી મહાત્મા**



# વિરલ મહાનાયક અટલબિહારી વાજપેયી

ઇતિહાસ અનાયાસે જ કોઇને મહાનાયક નથી બનાવી દેતો. તેના માટે સમસ્ત જીવનને સોનાની જેમ પડકારો અને મુશ્કેલીઓની આગમાં તપાવવું પડે છે. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીજી પણ સદીના આવા જ મહાનાયક હતા, જેમણે પ્રવાહોની વિપરિત જઇને દેશ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આથી અટલજી વિરલ છે. દિગ્ગજ રાજનેતા, વિદેશી બાબતોના જાણકાર અને કુશળ પ્રશાસક હોવાની સાથે-સાથે તેઓ એક સંવેદનશીલ કવિ અને પત્રકાર પણ હતા. અટલબિહારી વાજપેયી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) સાથે જોડાયેલા હતા. આરએસએસએ તેની રાજકીય શાખા જનસંઘની સ્થાપના કરી, જેના પહેલાં અધ્યક્ષ શ્યામાપ્રસાદ મુખરજીના સહયોગી તરીકે તેમને કામ કરવાનો મોકો મળ્યો. ત્યારબાદ તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. પોતાની પ્રતિભાના બળે તેઓ આગળ વધતાં રહ્યાં. તેઓ એક સારા લેખક અને પત્રકાર પણ હતાં. લખનઉથી પ્રકાશિત થતાં રાષ્ટ્રધર્મ માસિકના તેઓ સંપાદક હતા. તેમને દેશની આર્થિક પ્રગતિ, વંચિતોના ઉત્થાન તેમજ બાળકો અને મહિલાઓના કલ્યાણની ચિંતા હંમેશા



રહેતી હતી. સમાજસેવક, વિચારક, રાજનેતા, કવિ, પત્રકાર, વડા પ્રધાન, જનનેતા જેવા અનેક સ્વરૂપે તેમણે પોતાના જીવનને મન ભરીને માણ્યું, જેનું વર્ણન તેમણે પોતાના જ શબ્દોમાં કંઇક આ રીતે કર્યું છે... મેં જી ભર જિયા, મેં મન સે મરું, લોટકર આઉંગા, કૂચ સે ક્યોં ડરું?

સમગ્ર વિશ્વને સંમોહિત કરનારા સ્મિત અને શબ્દોની ચમત્કૃતિથી સજ્જ સૌ પ્રત્યે આત્મીયતાની ભાવના રાખનારા અટલજી ભલે આ દુનિયા છોડીને ચાલ્યાં ગયા હોય પરંતુ સામાન્ય લોકોના દિલમાં તેમનું સ્થાન હંમેશા જળવાઈ રહેશે.

તેઓ અજાતશસ્ત્રુ હતા. તેમના વિરોધીઓ પણ તેમની પ્રતિભાના વખાણ કરતાં હતાં. અને આ જ કારણસર પી. વી. નરસિંહા રાવના કાર્યકાળમાં અટલજીને વિદેશમાં ભારતીય પ્રતિનિધિમંડળના નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવી. જોકે, તેઓ તે વખતે વિપક્ષના નેતા હતા. દેશના વડા પ્રધાન તરીકે અટલજીએ પાકિસ્તાન અને ચીન સાથે સંબંધ સુધારવાની દિશામાં અભૂતપૂર્વ પગલાં લીધાં. આંતરરાષ્ટ્રીય દબાણ હોવા છતાં કુટનીતિ અને દ્રઢ ઇચ્છાશક્તિ દર્શાવી તેમણે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરાવ્યાં અને કારગિલ યુદ્ધ જીતીને પાકિસ્તાનને ધૂળ ચાટતું કરી દીધું. ♦

## શ્રી અટલબિહારી વાજપેયીના કેટલાક મહત્વના કાર્યો

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**
અટલજીએ 15 ઓગસ્ટ, 2000થી ગામડાંઓને માર્ગોથી જોડવાનું કામ શરૂ કર્યું. આ યોજનાને પગલે આજે લાખો ગામ માર્ગોથી જોડાઈ શક્યાં છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્યવિસ્તારોમાં 500 અથવા તેનાથી વધુ વસતી ધરાવતાં (પર્વતીય અને રણવિસ્તારોમાં 250 લોકોથી વધુ વસતી ધરાવતા ગામ) માર્ગ-સંપર્કથી વિહોણા ગામડાંઓને મુખ્ય માર્ગોથી જોડવાનો છે.

**સ્વર્ણિમ ચતુર્ભુજ**
દેશના મોટા શહેરોને રોડ માર્ગે જોડવાની શરૂઆત પણ અટલજીના કાર્યકાળમાં જ થઈ. 5846 કિમીની સ્વર્ણિમ ચતુર્ભુજ યોજનાને તે સમયે દુનિયાના સૌથી લાંબા રાજમાર્ગોવાળી યોજના માનવામાં આવી હતી. દિલ્હી, કોલકાતા, ચેન્નઈ તેમજ મુંબઈને આ રાજમાર્ગથી જોડવામાં આવ્યાં.

**સર્વશિક્ષા અભિયાન**
સર્વશિક્ષા અભિયાન ભારત સરકારનો એક મુખ્ય કાર્યક્રમ છે, જેની શરૂઆત (2001-02) અટલબિહારી વાજપેયી દ્વારા એક નિશ્ચિત મુદતની અંદર પ્રાથમિક શિક્ષણના સાર્વભૌમિકરણનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કરવામાં આવી હતી.

**અંત્યોદય અન્ન યોજના**
વર્ષ 2001થી લક્ષિત સાર્વજનિક વિતરણ પ્રણાલી યોજના હેઠળ ગરીબી રેખાથી નીચે જીવન જીવનારા અત્યંત ગરીબ પરિવારો માટે અંત્યોદય અન્ન યોજના લાગુ કરવામાં આવી હતી.

# ગ્રામસ્વરાજ અભિયાન



**નરેન્દ્રસિંહ તોમર**
ગ્રામ્યવિકાસ, પંચાયતી રાજ
તથા ખાણ મંત્રી, ભારત સરકાર

ગ્રામસ્વરાજ અભિયાન દેશના વંચિત તેમજ ગરીબ પરિવારો સુધી કલ્યાણકારી યોજનાઓની પહોંચ સુનિશ્ચિત કરવા માટેનું એક વિશેષ અભિયાન હતું, જેની શરૂઆત માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ 14 એપ્રિલ, 2018થી ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસ નિમિત્તે કરવામાં આવી હતી. આ અભિયાનનો ઉદ્દેશ્ય સામાજિક સમરસતા અને સૌહાર્દને પ્રોત્સાહન આપવાનો, વંચિતો અને ગરીબો માટે સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી મુખ્ય વિકાસ યોજનાઓ અને કલ્યાણકારી કાર્યક્રમો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા કેન્દ્ર સરકારની આ યોજનાઓ તથા કાર્યક્રમોથી કોઈ કારણોસર વંચિત રહી ગયેલાં કે છુટી ગયેલાં તમામ પાત્ર વ્યક્તિઓને આ યોજનાના દાયરામાં લાવીને લાભાન્વિત કરવાનો હતો.




**14 એપ્રિલ, 2018થી 5 મે, 2018 દરમિયાન 'ગ્રામ સ્વરાજ અભિયાન - સબકા સાથ, સબકા ગાંવ, સબકા વિકાસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કેન્દ્ર સરકારની અહીં નીચે લખેલી 7 મુખ્ય યોજનાઓને સામેલ કરવામાં આવી હતી (1) પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના (2) ઉજાલા યોજના (3) પ્રધાન મંત્રી જન ધન યોજના (4) પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના-સૌભાગ્ય યોજના (5) પ્રધાન મંત્રી સુરક્ષા બીમા યોજના (6) પ્રધાન મંત્રી જીવન જ્યોતિ બીમા યોજના અને (7) મિશન ઇન્દ્રધનુષ.**

ગ્રામસ્વરાજ અભિયાન દરમિયાન આ યોજનાઓ સો ટકા આવરી લેવાના ઉદ્દેશ્યથી 16,850 ગામડાંઓ માટે વિશેષ પહેલ શરૂ કરવામાં આવી. જેમાં ચૂંટણી આવી રહી હોવાથી કર્ણાટક અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ચિન્હિત ગામડાંઓના તમામ પાત્ર લાભાર્થીઓ સુધી આ સાતેય યોજનાઓની 100 ટકા પહોંચ સુનિશ્ચિત કરવાનો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિવિધ હિતધારકો તરફથી મોટા પાયા પર સમન્વય અને સક્રિય સહયોગ પ્રાપ્ત થયો, જે આ કાર્યક્રમ પ્રત્યે સામાન્ય જનતાના ભારે ઉત્સાહને પ્રતિબિંબિત કરે છે. આ કાર્યક્રમને યુદ્ધસ્તરે કાર્યાન્વિત કરવા અને સફળ બનાવવા માટે પસંદગીની પંચાયતી રાજ સંસ્થાઓના 33 લાખ પ્રતિનિધિઓ, મહિલા સ્વ-સહાય જૂથ (એસએચજી)ના 5 કરોડ સભ્યો, ધારાસભ્યો, સાંસદો, વિવિધ કેન્દ્રિય મંત્રીઓ, રાજ્ય સરકારો અને સ્થાનિક શાસનના પદાધિકારીઓ તથા કર્મચારીઓએ કોઈ કસર બાકી રાખી નહીં. ગ્રામ સ્વરાજ અભિયાનના મહત્વ અને સફળતાનો ઉલ્લેખ કરતાં માનનીય વડા પ્રધાનજીએ કહ્યું હતું કે, "ગ્રામ સ્વરાજ અભિયાનના ભાગરૂપે ગામડાંઓમાં વિવિધ ટીમો બનાવવામાં આવી છે અને તે કેન્દ્ર સરકારની સાત મહત્વની યોજનાના સંપૂર્ણ કવરેજને સુનિશ્ચિત કરે છે. આ આંદોલન સેવાઓને લોકોના ઘરના આંગણા સુધી પ્રભાવશાળી રીતે પહોંચાડવાનું એક મહત્વનું ઉદાહરણ છે અને તેનાથી ગામડાંઓનું જીવન સહજ બની રહ્યું છે."

ગ્રામસ્વરાજ અભિયાન હેઠળ 1000થી વધુ વસતી અને 50 ટકાથી વધુ



અનુસૂચિત જાતિની વસતી ધરાવતાં ગામડાંઓને સામેલ કરવામાં આવ્યાં છે. પૂર્વોત્તર રાજ્યોના કિસ્સામાં 500થી વધુ વસતી અને 50 ટકાથી વધુ અનુસૂચિત જાતિ/જનજાતિની વસતી ધરાવતાં ગામડાંઓને સામેલ કરવામાં આવ્યાં. પહેલાં તબક્કાના ગ્રામસ્વરાજ અભિયાનમાં કુલ 16,850 ગામને સામેલ કરવામાં આવ્યાં. આ પ્રકારનું વ્યાપક અભિયાન, અત્યાધુનિક ટેકનોલોજી અને નવીન ટેકનોલોજીનો ઉપયોગ કર્યા વગર પ્રભાવશાળી રીતે સંચાલિત કરી શકવું શક્ય નહોતું, આથી નિશ્ચિત લક્ષ્યોને સમયમર્યાદાની અંદર પૂર્ણ કરવા, પ્રભાવશાળી નેતૃત્વ અને જરૂરિયાત મુજબ પ્રભાવશાળી હસ્તક્ષેપ (ઇન્ટરવેન્શન) સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ડી.આર.ડી.ઓ. દ્વારા રીયલ ટાઇમ ડેટા કેપ્ચરિંગ અને મોનિટરિંગ પોર્ટલની સાથે એક મોબાઇલ એપ પણ વિકસિત કરવામાં આવેલ છે. ગ્રામસ્વરાજ અભિયાનના પ્રથમ તબક્કાની સફળતાથી પ્રેરિત થઇને સરકારે ગ્રામસ્વરાજ અભિયાન (જીએસએ)ને 'વિસ્તારિત ગ્રામસ્વરાજ અભિયાન' તરીકે 1 જૂન, 2018થી 15 ઑગસ્ટ, 2018ના સમયગાળા માટે લાગુ કર્યું. વિસ્તારિત ગ્રામસ્વરાજ અભિયાનમાં 117 મહત્વાકાંક્ષી જિલ્લાના 1000થી વધુ વસતી ધરાવતાં ગામ, કર્ણાટક તેમજ પશ્ચિમ બંગાળના 1000થી વધુ વસતી ધરાવતાં ગામ તથા 50 ટકાથી વધુ અનુસૂચિત જાતિની વસતી ધરાવતાં ગામનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રકારે ગ્રામસ્વરાજ અભિયાનના આ તબક્કામાં કુલ 48,929 ગામનો સમાવેશ કરવામાં આવ્યો.

આ અભિયાનના બંને તબક્કા દરમિયાન કેન્દ્ર સરકારની 7 મુખ્ય યોજનાઓ અને મહત્વાકાંક્ષી કાર્યક્રમોથી વંચિત રહી ગયેલાં તમામ પાત્ર વ્યક્તિઓને આ યોજનાઓના દાયરામાં લાવવામાં અપેક્ષા મુજબની સફળતા પ્રાપ્ત થઈ. ગ્રામસ્વરાજ અભિયાન અને વિસ્તારિત ગ્રામસ્વરાજ અભિયાનના 7 મુખ્ય કાર્યક્રમો હેઠળ પ્રાથમિક્તા ધરાવનારા 5 ક્ષેત્ર નિર્ધારિત કરવામાં આવ્યાં. જે છેઃ શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ, કૌશલ્ય અને કૃષિ. વિસ્તારિત અભિયાન હેઠળ વધુ સારું પરિણામ પ્રાપ્ત કરવા માટે કૃષિમાં કાયાપલટ યોજના (ઉદાહરણ તરીકે, સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ, કઠોળ અને તેલિબિયાંના બીજની મિની કિટ, બાગાયતી પાક કે વાંસના છોડ વાવવા) જેવી પ્રવૃત્તિઓને સામેલ કરવામાં આવી. વિસ્તારિત ગ્રામ સ્વરાજ અભિયાન દરમિયાન ઘણી મુખ્ય યોજનાઓનું સો ટકા કવરેજ કરવામાં સફળતા મળી.

● અભિયાનના બંને તબક્કામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 48.28 લાખ નવા એલપીજી ગેસ કનેક્શન વિતરિત કરવામાં આવ્યાં અને તેનું 100 ટકા કવરેજનું લક્ષ્ય પ્રાપ્ત કરી લેવામાં આવ્યું. આ યોજનાના પ્રભાવશાળી રીતે થયેલાં અમલીકરણથી મહિલાઓને સ્વચ્છ રસોઈ ગેસ પૂરો પાડવાનું જંગી કાર્ય પૂર્ણ થયું. તેનાથી મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને સંરક્ષિત કરવામાં સફળતા મળી છે. હવે તેમને રસોઈના ધુમાડાથી મુક્તિ મળવાની સાથે ઇંધણા શોધવા માટે અસુરક્ષિત સ્થળોએ ભટકવું પડતું નથી.

● પ્રધાનમંત્રી સહજ બીજલી હર ઘર યોજના - સૌભાગ્ય હેઠળ ગ્રામ્ય વિસ્તારોના તમામ ગરીબ કુટુંબોને મફત વીજજોડાણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં. ડિસેમ્બર, 2018 સુધીમાં તેના હેઠળ દેશના અંદાજે 4 કરોડ જેટલાં એવા કુટુંબોને મફત વીજજોડાણ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે, જેમના ઘરોમાં હજુ પણ વીજજોડાણ નથી. આ અભિયાન દરમિયાન 31.26 લાખ ઘરમાં નવા વીજજોડાણો પૂરાં પાડવામાં આવ્યાં.

● જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) પર વૈશ્વિક ચિંતાઓ અને પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખી આજના યુગમાં ઊર્જા-કાર્યક્ષમતાનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ પરવડે તેવી કિંમતના એલઇડી બલ્બો દ્વારા 5 જાન્યુઆરી, 2015ના રોજ ઉન્નત જ્યોતિની ઉજાલા યોજના શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ્ય માર્ચ 2019 સુધીમાં દેશમાં 770 મિલિયન પરંપરાગત બલ્બોને સ્થાને એલઇડી બલ્બનો ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે. વધુ સારું અજવાળુ, વીજળીના બિલનો ખર્ચ ઘટાડવા તથા ઊર્જા સુરક્ષામાં યોગદાન આપવાના ઉદ્દેશ્યથી દેશના ગામડાંઓના તમામ કુટુંબોને ઊર્જા-કાર્યક્ષમ એલઇડી બલ્બ પૂરાં પાડવામાં આવી રહ્યાં છે. વિસ્તારિત ગ્રામસ્વરાજ અભિયાન દરમિયાન 68.25 લાખ નવા એલઇડી બલ્બ વિતરિત કરવામાં આવ્યાં.

● રાષ્ટ્રીય સ્તરે આર્થિક સમાવેશન કરવા માટે ઓગસ્ટ, 2014માં પ્રધાનમંત્રી જનધન યોજના શરૂ કરવામાં આવી. તેનો ઉદ્દેશ્ય દરેક કુટુંબનાં ઓછામાં ઓછાં એક પ્રાથમિક બેંક ખાતાની સાથે બેંકિંગ સુવિધાઓ સુધીની તેમની પહોંચ સુનિશ્ચિત કરવાનો છે. આ યોજનામાં કોઇપણ વ્યક્તિ કોઇપણ બેંક શાખા કે બેંક-મિત્ર આઉટલેટમાં પોતાના ગ્રાહકને ઓળખો એટલે કે, કેવાયસી સંબંધિત વિગતો

આપીને પ્રારંભિક બચત બેંક ખાતું ખોલાવી શકે છે. જનધન ખાતું ખોલવા માટે લઘુત્તમ રકમ જમા કરવાની કે ખાતામાં તેને જાળવી રાખવાની કોઈ જરૂર હોતી નથી. જનધન ખાતાધારકોને મફતમાં રુપે ડેબિટ કાર્ડ આપવામાં આવે છે અને તેની સાથે જ એક લાખ રૂપિયાનું અકસ્માત વીમા કવચ પણ મળે છે. ગ્રામસ્વરાજ અભિયાનના બંને તબક્કા હેઠળ 73.51 લાખ નવા જનધન ખાતા ખોલવામાં આવ્યાં.

● સાવ નજીવું પ્રીમિયમ ચૂકવવા પર જીવન વીમાની સુવિધા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ની સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં 18થી 50 વર્ષની વયના તમામ બેંક ખાતાધારકોને પ્રતિવર્ષ 2 લાખ રૂપિયાનું જીવન વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અંશદાતાને પ્રતિ વર્ષ રૂ. 330ના પ્રીમિયમ પર કોઇપણ કારણોસર થતાં મૃત્યુ માટે સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. યોજનાના લાભાર્થીના બેંક ખાતામાંથી આ પ્રીમિયમ આપમેળે જ કપાઈ જાય છે. દર વર્ષે તે રીન્યૂ થઈ શકે છે. ગ્રામસ્વરાજ અભયિાનના બંને તબક્કા હેઠળ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં નવા 50.43 લાખ લોકોનો વીમો ઉતારવામાં આવ્યો છે.

● 18થી 70 વર્ષની વયના તમામ બેંક ખાતાધારકને ફક્ત રૂ. 12ના વાર્ષિક પ્રીમિયમ પર 2 લાખ રૂપિયાનું અકસ્માત વીમા કવચ, મૃત્યુ અથવા અપંગ થઈ જવાના કિસ્સામાં પૂરું પાડવામાં આવે છે. અભિયાન દરમિયાન 84.99 લાખ નવા લાભાર્થી આ યોજના સાથે જોડાયા.

● મહિલાઓ અને બાળકોના રસીકરણ સાથે જોડાયેલા મહત્વાકાંક્ષી કાર્યક્રમ - મિશન ઇન્દ્રધનુષ હેઠળ ડિસેમ્બર, 2018 સુધીમાં 90 ટકા રસીકરણનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે. આ યોજનાનો ઉદ્દેશ્ય નિવારી શકાય તેવી 12 બીમારીઓ સામે રોગપ્રતિકાર મેળવવા એવા બાળકો અને મહિલાઓને રસી આપવાનું છે, જેમનું રસીકરણ નથી થયું અથવા તો ફક્ત આંશિક રસીકરણ થયું છે. મિશન ઇન્દ્રધનુષ હેઠળ આકાંક્ષી જિલ્લાઓમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી. અભિયાન દરમિયાન અઠવાડિયાના સાતેય દિવસ રસીકરણ કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો. અભિયાનના બંને તબક્કા હેઠળ 6.29 લાખ શિશુ અને 1.80 લાખ ગર્ભવતી મહિલાને રોગપ્રતિકારક રસી મુકવામાં આવી.




## 63,974 વંચિત ગામોની કાયાપલટ

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ગતિશીલ નેતૃત્વમાં કેન્દ્ર સરકારે જનજીવનના અત્યંત જરૂરી પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરી દ્રઢ સંકલ્પ અને દ્રઢ ઇચ્છાશક્તિ સાથે કામ કર્યું છે. ઉપરોક્ત સાતેય જન-કલ્યાણકારી યોજનાઓ હેઠળ અપેક્ષાને અનુરૂપ અને કેટલાક કિસ્સામાં તો અપેક્ષાથી પણ વધુ પરિણામ મળ્યાં છે. વાસ્તવમાં જોવામાં આવે તો, 'ગ્રામસ્વરાજ અભિયાન' અને 'વિસ્તારિત ગ્રામ સ્વરાજ અભિયાન' કલ્યાણકારી યોજનાઓને જન-જન સુધી પહોંચાડવાની દિશામાં અભૂતપૂર્વ અને ઐતિહાસિક સાબિત થયાં છે. આ અભિયાનોથી ગામડાં, ગરીબો, ખેડૂતો અને વંચિતોને તેમને હક અપાવવામાં અને તેમને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં મોટી સફળતા મળી છે. દેશના કરોડો ગરીબો, વંચિતોનું જીવન સમૃદ્ધ બને, સુરક્ષિત રહે, સુખી બને આ જ સંકલ્પ સાથે વર્તમાન સરકાર સતત પ્રયાસરત રહી છે અને આ નિરંતરતા અટકવાની નથી. ♦



ગ્રામ્ય ભારતનો નવોદય

# જીપીડીપીથી મુશ્કેલ પથ બન્યો સુગમ, સુખી ગામનું સપનું થઈ રહ્યું છે સાકાર





**અમરજીત સિંહા**

સચિવ, પંચાયતી રાજ મંત્રાલય તથા ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર

દેશના જમીની સ્તરના સમગ્રતયા વિકાસના ઉદ્દેશ્યથી પંચાયતી રાજ મંત્રાલયએ ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)નો શુભારંભ કર્યો. ગામડાંઓના કલ્યાણના ઉદ્દેશ્યથી કરવામાં આવેલ આ નવીન પ્રયાસના અનેક લક્ષ્ય છે, જેમ કે, ગરીબી ઘટાડવી, માનવ વિકાસ, સામાજિક વિકાસ, આર્થિક વિકાસ, પારિસ્થિતિક તંત્રનો વિકાસ, સાર્વજનિક સેવાની પરિપૂર્તિ, સુશાસન વગેરે. ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)નો વિચાર રાષ્ટ્રીય સ્તરે ફેબ્રુઆરી, 2015માં આવ્યો જ્યારે ચૌદમા નાણાં પંચે 2015થી 2020 દરમિયાન રૂ. 2,00,292.20 કરોડ (13મા નાણાં પંચથી ત્રણ ગણી વધુ રકમ)ના અનુદાનની ભલામણ કરી. એવું સુનિશ્ચિત કરવામાં આવ્યું કે, ગ્રામ પંચાયતના હાથોમાં આર્થિક બળ પ્રદાન કરવામાં આવે અને તેમને તેના ઉપયોગ દ્વારા મૂળભૂત સેવાઓ મેળવવાની મંજૂરી આપવામાં આવે.

આયોજનનું કામ સામાન્ય રીતે ખૂબ જ ટેકનિકલ પ્રકારનું હોય છે. તેના માટે એ બાબત જરૂરી છે કે, જેને જવાબદારી સોંપવામાં આવી છે, તેનો હાથ પકડી રાખવો અને સહાય પૂરી પાડવી. તે રીતે, પંચાયતી રાજ મંત્રાલયે તમામ સંબંધિત લોકોને વર્કશૉપ અને રાઇટશૉપના માધ્યમથી પ્રશિક્ષણ અને અનુકૂલનનો લાભ આપવા માટે પારસ્પરિક તાલમેલ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો. શરૂઆતમાં રાજ્યોને રાજ્ય-સ્તરીય એવા કોર ગ્રૂપ બનાવવાનું કહેવામાં આવ્યું, જે જીપીડીપી દિશાનિર્દેશ તૈયાર કરવામાં સહાયક હોય. જુલાઈ 2015માં મંત્રાલયે તમામ રાજ્યો માટે પાંચ દિવસની ગહન કાર્યશાળાનું આયોજન કર્યું. તેના પછી છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન પંચાયતી રાજ મંત્રાલયે સમગ્ર દેશમાં મોટા પાયા પર પ્રશિક્ષણ અને અભ્યાસ કાર્યક્રમ પોતાના હાથમાં લઈ લીધો. તેનું આયોજન ગ્રામીણ વિકાસ તથા પંચાયતી રાજની રાજ્યસ્તરીય સંસ્થાઓના માધ્યમથી કરવામાં આવ્યું છે. તેની ઘણી વર્કશૉપ/રાઇટર્સશૉપ પણ આયોજિત કરવામાં આવ્યાં છે. ભારત સરકારે કેન્દ્ર અને રાજ્ય સરકારોની એવી તમામ યોજનાઓને એકબીજા સાથે જોડવા પર ભાર મુક્યો છે, જેનો ગામડાંઓના સમગ્રતયા વિકાસ અને પંચાયતોના સશક્તિકરણ પર પ્રત્યક્ષ અથવા પરોક્ષ પ્રભાવ છે. ચૌદામા નાણાં પંચ (એફએફસી)એ પંચાયત સ્તરે યોજનાઓને એકબીજા સાથે જોડીને જન-જન સુધી મૂળભૂત તથા અન્ય સેવાઓ પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. પંચાયતી રાજ મંત્રાલયે પંચાયતોને આધિન તમામ સંસાધનોને એક સૂત્રમાં સાંકળવાના ઉદ્દેશ્યથી વિવિધ રાજ્યોની ઉપયુક્ત ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ (જીપીડીપી)ના વિકાસમાં સહયોગ આપ્યો છે. આ સંસાધનોમાં ચૌદમા નાણાં પંચના ફંડ, મનરેગા ફંડ, સ્વચ્છ ભારત ફંડ વગેરેનો સમાવેશ થાય છે. આ ગ્રામ પંચાયત વિકાસ

યોજનાઓ, સંબંધિત સમુદાયો માટે સ્થાનિક વિકાસના લક્ષ્ય નિર્ધારિત કરવા માટેની અને વિકાસ માટે સ્થાનિક સાધનોને શોધવા માટેની માધ્યમ હશે.

એમ કહેવું જરાય અતિશ્યોક્તિ ભરેલું નહીં ગણાય કે, ચૌદામા નાણાં પંચ (એફએફસી)નું અનુદાન, ગ્રામ પંચાયતો માટે જીવનદાયી ઑક્સિજન સમાન છે અને તેનાથી ગ્રામ પંચાયતોમાં નવો જીવ આવ્યો છે. કેન્દ્રમાં વર્તમાન સરકારની સ્વીકૃત એફએફસીની ભલામણો મુજબ, નાણાકીય વર્ષ 2015-20 દરમિયાન લગભગ રૂ. 2,00,292.00 કરોડના અનુદાન સીધા ગ્રામ પંચાયતોને આપવામાં આવશે, જેની રચના બંધારણના ભાગ IX હેઠળ કરવામાં આવી છે. તેમાં 26 રાજ્યો માટે 1,80,262.98 કરોડ રૂપિયા (90%)નું મૂળભૂત અનુદાન છે અને રૂ. 20,029.22 કરોડ (10%) કાર્ય કાર્યદેખાવ પર આધારિત અનુદાન હશે. એફએફસી અનુદાન તેરમા નાણાં પંચના અનુદાનની સરખામણીએ ત્રણ ગણાથી પણ વધુ છે. તેનો ઉપયોગ ગ્રામ પંચાયતોમાં મૂળભૂત સેવાઓમાં સુધારો કરવા માટે થાય છે. નાણાં મંત્રાલયે ભંડોળ જાહેર કરવા અને ઉપયોગ કરવા માટે જે નિર્દેશ આપ્યાં છે, તેમાં કહેવામાં આવ્યું છે કે, એફએફસી એવોર્ડ હેઠળ કોઇપણ ખર્ચ કરતાં પહેલાં ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી) તૈયાર કરવી જરૂરી છે. આથી, ચૌદમા નાણાં પંચે ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)ને સૌથી વધુ મહત્ત્વ આપ્યું છે. તેમાં આર્થિક સક્ષમતા પર ભાર મુકવામાં આવ્યો છે અને સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, જમીની સ્તારે પ્રભાવશાળી આયોજન થાય.

તેમાં દૂરંદેશીતા એ છે કે, ગ્રામ પંચાયત પોતે સમગ્રતયા વિકાસની પંચવર્ષીય અને વાર્ષિક યોજનાઓ બનાવશે. ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ આયોજનમાં સહભાગીદારી અને વિવિધ સંસાધનોને એકબીજા સાથે જોડવા પર આધારિત હશે. જીપીડીપી હેઠળ 14મા નાણાં પંચ, રાજ્ય નાણાં આયોગ, મનરેગા અને એનઆરએલએમથી પ્રાપ્ત થનારી રકમ અને માનવ સંસાધનોને એકત્રિત કરવામાં આવશે. તેમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), પંચાયત ભવન, અંત્યેષ્ઠી સ્થળ અને ગ્રામ પંચાયતની પોતાની આવકનો સમાવેશ કરવામાં આવશે. જીપીડીપીનો મુખ્ય ઉદ્દેશ્ય આ પ્રકારે છેઃ

**(ક)** ગ્રામ પંચાયતનો સમગ્રતયા અને સંકલિત વિકાસ કરવો, જેમાં મૂળભૂત સુવિધાઓના વિકાસની સાથે-સાથે સામાજિક, આર્થિક અને સામુદાયિક વિકાસ પણ સમાવિષ્ટ હોય.

**(ખ)** નિર્ણય પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ કરીને સમુદાયને નિર્ણય લેવામાં સક્ષમ બનાવવો.

**(ગ)** જરૂરિયાતની ઓળખ ગ્રામ પંચાયત સ્તરે કરવી, પરસ્પર સહયોગથી યોજના બનાવવાને અને સંસાધનોને પરસ્પર જોડવાને પ્રાથમિક્તા આપવી.

**(ઘ)** જીપીડીપીનો ડ્રાફ્ટ તૈયાર કરવા તેમજ અમલીકરણમાં અનુસૂચિત જાતિઓ તેમજ અનુસૂચિત જનજાતિઓના કલ્યાણને પ્રાથમિક્તા આપવી.

તેના હેઠળ મૂળભૂત સુવિધાઓ આપવાની સાથે-સાથે રોજગારી, ગરીબી નાબૂદી અને સામાજિક સુરક્ષા જેવા મહત્ત્વના મુદ્દા પર ભાર મુકવામાં આવશે.

એફએફસી એવોર્ડથી ગ્રામ પંચાયત સ્તરે સંકલિત યોજનાઓ તૈયાર કરવાની તક મળી છે અને તેનું નેતૃત્વ પણ ગ્રામ પંચાયતના હાથમાં છે, જેથી જનજન સુધી મૂળભૂત સેવાઓ તેમજ અન્ય સુવિધાઓ સરળતાથી પહોંચી શકે. ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ સંબંધિત સમુદાય માટે સ્થાનિક વિકાસના લક્ષ્ય નિર્ધારિત કરવા અને વિકાસ માટે સ્થાનિક સાધનોને શોધવાની તક હશે.

પંચાયતી રાજ મંત્રાલયે એફએફસી ફંડ, રાજ્યના અનુદાન, આવકના અંગત સ્રોત (ઓએસઆર), મનરેગા ફંડ વગેરે સહિત પંચાયતોને આધિન તમામ સંસાધનોને સંકલિત કરવાના ઉદ્દેશ્યથી વિવિધ રાજ્યોની ઉપયુક્ત ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ (જીપીડીપી)ના વિકાસમાં સહયોગ આપ્યો છે અને ક્ષમતા નિર્માણ પર કામ કરી રહેલ છે. રાષ્ટ્રીય સંસાધન સમુહની રચના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યોના સહભાગી આયોજનના કાર્યોમાં મદદ કરવાનો છે. મંત્રાલયે રાજ્યોને જીપીડીપી પ્રશિક્ષણ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા માટે જણાવ્યું છે. તેના માટે મંત્રાલયનો પ્રયાસ છે કે, ક્લસ્ટર, બ્લોક અને જિલ્લા સ્તરે આયોજનમાં ભાગીદારી સાથે જોડાયેલી ભૂમિકાઓ માટે લોકોને અનુકૂળ વાતાવરણ બનાવવામાં આવે. તમામ ભાગીદાર રાજ્યોએ જીપીડીપીના પોતાના દિશાનિર્દેશો તૈયાર કરી લીધા છે. આ અંગે રાજ્યોએ સારો ઉત્સાહ દાખવ્યો છે. ફાળવણી સૂચકાંક પર નીચલા સ્તરના રાજ્ય જીપીડીપીના ડ્રાફ્ટમાં ગ્રામ પંચાયતને મદદ કરવા માટે સૌથી વધુ ઉત્સાહિત છે. તેમાં વિશેષ ઉલ્લેખનીય છે-



આસામ, ઝારખંડ, ઉત્તરાખંડ, તેલંગણા, આંધ્ર પ્રદેશ, ત્રિપુરા, સિક્કીમ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત વગેરે. જમીની સ્તરે કામ ઝડપી બનાવવા અને ક્ષમતા વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલાં કાર્યો સરાહનીય છે. એમ પણ જોવામાં આવ્યું છે કે, જમીની સ્તરે ગામના લોકો પરંપરાગત વિચારધારાથી અલગ વિચારી રહ્યાં છે, જેથી સ્થાનિક સમસ્યાઓ અને સદીઓથી ચાલી રહેલી સમસ્યાઓનો ઝડપથી નિકાલ આવી શકે. ઘણી ગ્રામ પંચાયતો નવીન વિચારોની સાથે આગળ આવી છે. જીપીડીપીની પરિકલ્પના અને ડ્રાફ્ટ તૈયાર કરવામાં નવા દ્રષ્ટિકોણ જોવા મળ્યાં છે.

વર્ષ 2015-16 દરમિયાન આશરે 1.32

લાખ જીપીડીપી તૈયાર કરવામાં આવી, જ્યારે વર્ષ 2016-17 દરમિયાન આશરે 2.44 લાખ જીપીડીપી બનાવવામાં આવી.

વર્ષ 2017-18 દરમિયાન દેશના વિવિધ હિસ્સાઓની ગ્રામ પંચાયતોમાં આશરે 2.42 લાખ જીપીડીપી તૈયાર થઈ ચૂકી છે. આ વર્ષે, ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન આપવા માટે ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી)ના નામથી એક નવો પુરસ્કાર શરૂ કરવામાં આવ્યો છે. પંચાયતી રાજ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલાં મૉડલ દિશાનિર્દેશોની સાથે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ વિશિષ્ટ દિશાનિર્દેશો મુજબ, પોતાનું જીપીડીપી વિકસિત કર્યું છે. આ વર્ષે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસના પ્રસંગે 3 સર્વશ્રેષ્ઠ ગ્રામ પંચાયતોને જીપીડીપી



પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં. જીપીડીપી ભાગીદારી યોજનામાં યોગદાન આપવા અને જમીની સ્તરે લોકશાહીને સંસ્થાગત બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ સૌથી યોગ્ય સમય છે, જ્યારે આપણે ચર્ચા કરી એવા નિર્ણય પર પહોંચવું જોઇએ કે, જીપીડીપીને કેવી રીતે સતત વિકાસ સંબંધિત લક્ષ્ય હાંસલ કરવાનું મહત્વનું તંત્ર સાચા અર્થમાં બનાવી શકાય અને ગ્રામ પંચાયતને સ્થાનિક શાસનની પ્રભાવશાળી સંસ્થા બનાવવામાં તેને મદદરૂપ થઈ શકાય. આ સાથે જ, યોજનાઓ, અધિકાર તેમજ બાહ્ય ફાળવણીઓથી આગળની વાત વિચારો અને તેની પર કામ કરો. સૌથી મહત્વની વાત એ છે કે, આપણે ગ્રામ પંચાયતના વર્તમાન સ્વરૂપને બદલીએ અને તેનું ક્ષમતાનિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ. સામાજિક-આર્થિક વિકાસની સાથે જ, સાંસ્કૃતિક મૂલ્યો (વારસો, વિવિધતા, રચનાત્મક્તા અને જ્ઞાન)ને પ્રોત્સાહન આપવામાં સ્થાનિક હિતધારક સતત તેમજ સમાવેશી વિકાસના વાહક તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉદ્દેશ્યોને હાંસલ કરવા તેમજ સ્થાનિક સંસ્થાઓ, નાગરિક સમાજ સંગઠનો, ખાનગી ક્ષેત્રો, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ અન્ય સંબંધિત હિતધારકોની વચ્ચે સહભાગીદારી અને જવાબદારીને પ્રોત્સાહન આપવામાં સર્વ-સમાવેશી સ્થાનિક વિકાસ યોજના એક વધુ સારો વિકલ્પ છે.

તેના પરિણામસ્વરૂપ, ગ્રામ પંચાયતો દ્વારા વ્યાપક અને પ્રભાવશાળી જીપીડીપીના નિર્માણ માટે જરૂરી છે કે, ફાળવવામાં આવેલ ફંડને પ્રત્યેક પંચાયતના ક્ષેત્રાધિકારની અંદર ખર્ચ કરવા અને તેની પ્રવૃત્તિઓ સંબંધિત જાણકારી અંગે સાર્વજનિક પ્રગટીકરણ તરીકે પ્રત્યેક પંચાયતને સૂચિત કરવામાં આવે. આ દ્રષ્ટિએ સૂચન આપવામાં આવે છે કે, અલગ-અલગ મંત્રાલયો દ્વારા સંચાલિત યોજનાઓ હેઠળ, ફાળવવામાં આવેલ નાણાં, સંબંધિત રાજ્યના વિભાગોની સલાહ લઈ અલગ-અલગ પંચાયતોને આપવામાં આવે અને આ અંગે સંબંધિત ગ્રામ પંચાયતને સૂચિત કરવામાં આવે. ગ્રામ પંચાયતોને પણ એવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ અંગે વ્યાપકપણે સંવેદનશીલ થવું જરૂરી છે, જેને તેમની તરફથી વિશિષ્ટ યોજના માટે જરૂરી સમર્થન સુનિશ્ચિત કરવા માટે પૂર્ણ કરવી જરૂરી છે. પંચાયતી રાજ પ્રણાલી ત્રણ સ્તરે ચૂંટવામાં આવેલ 31 લાખથી વધુ પ્રતિનિધિઓની સાથે જન-કેન્દ્રિત વિકાસનું નેતૃત્વ કરી રહી છે. ભારતમાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ, 14 લાખથી વધુ મહિલા પ્રતિનિધિ છે. જીપીડીપીની પ્રક્રિયામાં સુશાસન દ્વારા જાતિભેદ પર લગામ કસાશે. તેનાથી પારદર્શક્તા, જવાબદારી અને સમાન નાગરિક તરીકે મહિલા અધિકારોને પ્રોત્સાહન મળશે. સાર્વજનિક સેવાઓની કુશળતા અને કાબેલિયતમાં વધારો થશે અને વર્ષ 2030 સુધીમાં વૈશ્વિક એસડીજી એજન્ડા પ્રાપ્ત કરવા માટે સંસ્થાગત, વ્યક્તિગત અને પરિચાલન ક્ષમતાઓનું નિર્માણ થઈ શકશે. અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે, જાતિ આધારિત યોજના અને જાતિય વિશ્લેષણને એક અલગ કાર્ય ન બનાવીને, નિયમિત જીપીડીપી યોજના પ્રક્રિયાનો હિસ્સો બનાવવો જરૂરી છે. જીપીડીપી, સરકારી યોજનાઓ તથા મુખ્ય કાર્યક્રમો, પંચાયતોની પ્રક્રિયા અને સંસાધન તથા જવાબદારીના ઉપાયો પર જાગૃતિ પેદા કરવા માટે વંચિત સમુદાયો અને મહિલાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. રાજ્યોના બજેટ, યોજના-નિર્માણ, અમલીકરણ અને જીપીડીપીના નિરીક્ષણમાં મહિલાઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઇએ.

વ્યાપક સ્તરે જીપીડીપી નિર્માણ અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવા તથા ગ્રામ્ય ભારતમાં પરિવર્તનની ક્રાંતિ લાવવા માટે પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર 2 ઑક્ટોબરથી 31 ડિસેમ્બર, 2018 સુધી અભિયાન ‘સબકી યોજના સબકા વિકાસ’ શરૂ કરવા જઈ રહ્યું છે. આ દરમિયાન દરેક પંચાયત દ્વારા વિસ્તૃત જીપીડીપી તૈયાર કરવામાં આવશે. છઠ્ઠા અનુસૂચિત ક્ષેત્રોમાં ગ્રામ વિકાસ યોજના (જીપીડીપી) સંબંધિત ગ્રામ પરિષદો કે સત્તા દ્વારા તૈયાર કરવામાં આવશે. આ યોજનામાં સંબંધિત મંત્રાલયો અને વિભાગોના સંસાધનોના સમર્થનથી પંચાયતની વિકાસ સંબંધિત જરૂરિયાતોને સામેલ કરવામાં આવશે. જીપીડીપી અભિયાન દેશની ગ્રામસભાઓનું નેતૃત્વ કરી રહેલાં 31 લાખ ચૂંટાયેલાં પ્રતિનિધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે-સાથે તેમને દીનદયાળ અંત્યોદય યોજના એનઆરએલએમ હેઠળ જીપીડીપીના માધ્યમથી ગામડાંઓના વિકાસની રૂપરેખા તૈયાર કરવામાં અને તેના અમલીકરણ માટે લગભગ 5.25 કરોડ મહિલા સ્વ-સહાય જૂથો પાસેથી પણ સમર્થન પ્રાપ્ત કરાવવામાં મદદ પૂરી પાડશે. ♦

# ગામડાંઓનો વિકાસ, સરકારનો સંકલ્પ – વડા પ્રધાન

## રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, 24 એપ્રિલ, 2018






24 એપ્રિલ, 2018ના રોજ પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વડા પ્રધાનએ રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનની શરૂઆત કરી. તેમણે દેશની 2.5 લાખ પંચાયતોને સલામી આપી અને તેમને પોતાની શુભેચ્છાઓ પાઠવી. તેમણે જણાવ્યું કે, આદરણીય બાપુના સપનાંઓને અનુભવવાનો આ મહત્ત્વનો પ્રસંગ હતો, કારણ કે, મહાત્મા ગાંધીએ ભારતની સાચી ઓળખ તેના ગામડાંઓ હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે સર્વશ્રેષ્ઠ પંચાયત પુરસ્કાર યોજના હેઠળ રાષ્ટ્રીય ઈ-પંચાયત પુરસ્કાર અને ગ્રામ પંચાયત વિકાસ પુરસ્કાર યોજનાના વિજેતાઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યાં. આ વર્ષે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસના મહત્વના પ્રસંગે માનનીય વડા પ્રધાને રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (આરજીએસએ)ની પુનઃસંયોજિત યોજનાની સાથે-સાથે સ્થાનિક સરકાર નિર્દેશિકા (એલજીડી)ની શરૂઆત કરી. વડા પ્રધાને ઈ-પંચાયત પુરસ્કાર અને ગ્રામ પંચાયતોના સંદર્ભમાં સારું પ્રદર્શન કરનારા રાજ્યોને જીપીડીપી પુરસ્કારો એનાયત કર્યા. માનનીય વડા પ્રધાને જનસમુહની સાથે-સાથે સમગ્ર દેશની ગ્રામસભાઓને સંબોધિત કરી.

પશ્ચિમ બંગાળ, કર્ણાટક તેમજ સિક્કીમની એક-એક ગ્રામ પંચાયતને જીપીડીપી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. પ્રભાવશાળી ગ્રામસભાઓના માધ્યમથી ગામડાંની સામાજિક તેમજ આર્થિક સંરચનાની સુધારણા માટે વધુ સારું પ્રદર્શન કરનારી 21 ગ્રામ પંચાયતોને નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પુરસ્કાર (એનડીઆરજીજીએસપી)થી સન્માનિત કરવામાં આવી. સામાન્ય તેમજ નવ થીમ પર આધારિત શ્રેણીઓ, એટલે કે, સ્વચ્છતા, નાગરિક સેવાઓ (પેયજળ, સ્ટ્રીટ લાઇટ, મૂળભૂત માળખું), કુદરતી સ્રોતોનું વ્યવસ્થાપન, ઉપેક્ષિત વર્ગ (મહિલા, એસસી/એસટી, વિકલાંગો, વૃદ્ધો)ની સેવા, સામાજિક ક્ષેત્રમાં પ્રદર્શન, આપદા વ્યવસ્થાપન, ગ્રામ પંચાયતને સમર્થન આપવા માટે સ્વૈચ્છિક ભૂમિકા ભજવનારા સીબીઓ/વ્યક્તિ, મહેસૂલ નિર્માણમાં નવીનીકરણ અને ઈ-શાસનના ક્ષેત્રમાં સેવા તેમજ નાગરિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી 191 પંચાયત (જિલ્લા, માધ્યમિક તેમજ ગ્રામ પંચાયત)ને દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર (ડીડીયૂપીએસપી) પણ એનાયત કરવામાં આવ્યાં. પંચાયતી રાજ દિવસના પ્રસંગે તેમના દ્વારા આપવામાં આવેલાં વક્તવ્યના કેટલાક મહત્વના અંશ નીચે મુજબ છે:

- પંચાયતી રાજ દિવસ સંકલ્પોને સ્વીકારવાનો દિવસ હોવો જોઇએ. અમને સરકાર બનાવવા માટે લોકોની સેવા કરવા માટે ચૂંટવામાં આવ્યાં છે. આથી, અમારી તાકાત અને અમારો સમય આ જ કાર્ય માટે રાખવામાં આવે તો અમે લોકો ગામડાંઓનું ચિત્ર બદલી શકીએ છીએ.

- આજે અમારી મથામણ નિશ્ચિત સમયમર્યાદામાં વાસ્તવિક લાભાર્થીઓ માટે નાણાંનો યોગ્ય ઉપયોગ કરવાની છે. ગામમાં એક પણ કુટુંબ એવું નહીં હોય જેની પાસે એક જન-ધન બેંક ખાતું અને ઓછામાં ઓછા 90 પૈસામાં વીમો ઉપલબ્ધ ન હોય. જો આ કુટુંબ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાનો સામનો કરે તો, તેમને રૂ. 2 લાખની એક આર્થિક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- આપણાં સૌ લોકોની અંદર દેશને બદલવા માટે ગામડાંઓને બદલવાનો પ્રયાસ કરવાની ભાવના હોવી જોઇએ. આપણે સૌએ ગામડાંઓને આપવામાં આવતાં ફંડનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. હું ઇચ્છું છું કે, આપણે સૌ તમામ ગામડાંઓમાં 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન'ના મંત્રની સાથે આગળ વધીએ.♦

**મહાત્મા ગાંધીએ ગ્રમોદયથી રાષ્ટ્રોદયના સપનાંને સાકાર કરવા માટે આપણને પ્રોત્સાહિત કર્યા હતા. ભારત સરકાર આવા લોકોને પોતાના ગામડાંઓનો વિકાસ કરવામાં, આપના ગામના લોકોને સશક્ત બનાવવામાં તેમજ સંકલ્પોને પૂર્ણ કરવામાં સહયોગ આપશે.**



# ગ્રામ પંચાયતોના માધ્યમથી ગ્રામ્ય મહિલાઓનું સશક્તિકરણ

## ગ્રામ્ય મહિલાઓની સ્થિતિનું અવલોકન

**'ગ્રામ્ય રોજગારીનું મહિલા-પુરુષના આધારે વર્ગીકરણ:** રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગારી મિશનના જેન્ડર આધારિત અમલીકરણને સમર્થન' શીર્ષકથી જાહેર કરવામાં આવેલાં સંયુક્ત રાષ્ટ્ર મહિલા રિપોર્ટ મુજબ, ભારતની 79 ટકા ગ્રામ્ય મહિલાઓ કૃષિ કાર્યમાં સંલગ્ન છે. તેમને પુરુષોની સરખામણીએ ફક્ત 50થી 75 ટકા જ મજૂરી મળી શકે છે. ફક્ત 9 ટકા ગ્રામ્ય મહિલાઓની પાસે અંગત સંપત્તિ છે. તેના પરિણામે થોડીક જ મહિલાઓની પહોંચ સંસ્થાગત ઋણો સુધીની છે, કારણ કે, તેમની પાસે કોઈ જમીન કે ઉત્પાદક સંપત્તિઓ નથી. 80 ટકા ગ્રામ્ય મહિલા ખેતમજૂર અનુસૂચિત જાતિ તેમજ જનજાતિ અને અન્ય પછાત વર્ગ જેવા સીમાંત સમુદાયોમાંથી આવે છે. ભારતમાં ગ્રામ્ય મહિલાઓ ખૂબ જ ઓછી મજૂરીવાળા કામોમાં જોતરાયેલી છે અને સમાન મજૂરી, કામ કરવાની સારી સ્થિતિ અને સમાન તકો સુધી તેમની



પહોંચ ખૂબ ઓછી છે. જોકે, ગ્રામ્ય ભારતના કૃષિ સંલગ્ન મજૂરો અને ખેડૂતોમાં મહિલાઓની સંખ્યા વધુ છે, રખેવાળી કરવા જેવા પ્રાથમિક કાર્ય માટે તેમને વિના કોઈ વળતર વગર જ કામ કરવું પડે છે અને આમ તેઓ દેશના વિના કોઈ ઓળખ ધરાવતાં કાર્યબળ તરીકે કામ કરતી રહે છે. જાતિય સમાનતા સૂચકાંકમાં ભારતનું સ્થાન વિશ્વના 188 દેશમાં 125મું છે અને તે સૌથી નીચેના પાયદાનના દેશોમાં સામેલ છે. ભારત સરકાર ગ્રામ્ય મહિલાઓની નબળી સ્થિતિ, ગરીબી અને તેમના માટે સામાજિક અન્યાયનું સમાધાન લાવવાનો પ્રયત્ન કરી રહી છે. સરકાર ગામ્ય મહિલાઓના સશક્તિકરણ અને વિકાસ માટે ઘણાં મહત્વાકાંક્ષી કાર્યક્રમો અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાઓનું અમલીકરણ કરી રહી છે. તેમાં બેટી બચાવો - બેટી પઢાઓ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, મહિલા શક્તિ કેન્દ્ર, ઉજ્જવલા, એમજીનરેગા, આઇસીડીએસ, મધ્યાન ભોજન યોજના તથા અન્ય યોજનાઓનો સમાવેશ થાય છે. 73મા બંધારણીય સુધારા (અનુચ્છેદ 243 ડી)ના માધ્યમથી પંચાયતી રાજ સંસ્થાઓ (પીઆરઆઈ)માં મહિલાઓ માટે એક તૃત્યાંશ અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત બેઠકો સમાવિષ્ટ છે. હાલમાં 20 રાજ્ય પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓ માટે 50 ટકા અનામતની વ્યવસ્થા કરી ચૂક્યાં છે. પંચાયતી રાજ સંસ્થાઓના વિવિધ સ્તરો પર 15 લાખથી વધુ મહિલાઓ ચૂંટાઈ છે. આ સંખ્યા સ્થાનિક નિકાયોમાં મહિલાઓના પ્રતિનિધિત્વના મામલે દુનિયામાં સૌથી વધુ છે. પંચાયતી રાજ મંત્રાલયના આંકડાઓ મુજબ, 1 જાન્યુઆરી 2018 સુધી પંચાયતી રાજ સંસ્થાઓના કુલ 31,00,804 ચૂંટાયેલાં પ્રતિનિધિઓમાં 14,26,000 મહિલાઓ છે, જે કુલ ચૂંટાયેલાં પ્રતિનિધિઓના 46 ટકા છે. દેશમાં 1,05,676 મહિલા સરપંચ છે. રાજકીય પ્રતિનિધિત્વ તેમજ સહભાગીદારીના માધ્યમથી મહિલા સશક્તિકરણના આ કીર્તિમાનો છતાં હજુ પણ ગ્રામ્ય મહિલાઓ ઘણાં પડકારોનો સામનો કરી રહી છે. પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ પૂરતું છે (એક તૃત્યાંશ અનામતના નિયમ મુજબ) પરંતુ સ્થાનિક શાસનમાં મહિલાઓની સહભાગીદારી પૂરતી નથી.

નિષ્ણાત સંસ્થાઓ તેમજ નાગરિક સમાજ, આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, દાનકર્તા સંગઠનો તેમજ જમીની સ્તરે કામગીરી કરી રહેલાં વ્યવસાયીઓના વ્યાપક તેમજ હકીકતલક્ષી સંશોધન, અધ્યયનોથી ગ્રામ્ય મહિલા નેતાઓ અને ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓની મુખ્ય સમસ્યાઓ અને પડકારોની જાણકારી મળે છે. તેમાંથી કેટલાક આ પ્રકારે છે કે, પરંપરાગત પિતૃસત્તાત્મક તેમજ પુરુષવાદી માનસિક્તા અને જાતિય ભેદભાવને કારણે ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓને પોતાની ઉદ્દેશ્યપૂર્ણ સહભાગીદારી મારફતે જવાબદારી નિભાવવામાં ઘણી મુશ્કેલીનો સામનો

કરવો પડે છે. તેના સિવાય, સાર્વજનિક કામકાજના અમલીકરણમાં સહાય-સમર્થન ન મળવું તથા ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ પ્રત્યે રાજ્ય-સંસ્થાના અધિકારીઓની નકારાત્મક વિચારસરણી, દ્રષ્ટિકોણ અને ઉપેક્ષાનો પણ વિપરિત પ્રભાવ પડે છે. સમાજીકરણની પ્રક્રિયા, શિક્ષણ અને ટેકનિકલ જાણકારી સુધી તેમની પહોંચ ન હોવાથી પણ ગ્રામ પંચાયત માટે યોજના બનાવવાની પ્રક્રિયા, સંસાધનોની વહેંચણી, યોજનાઓના અમલીકરણ અને તેની દેખરેખ સંબંધિત જાણકારીને પ્રભાવિત કરે છે. આ કારણોસર સમાજમાં તેમના પ્રત્યે હિનતાનો ભાવ પેદા થાય છે અને મહિલા પ્રમુખો પર ખરાબ નેતા હોવાનો થપ્પો લાગી જાય છે. ગામડાંઓમાં મહિલા પ્રતિનિધિઓએ ઘરની તમામ જવાબદારીઓની સાથે જાતિ, ઓળખ, શક્તિ તેમજ ગામની માળખાગત અસમાનતા જેવા પડકારો સાથે કામ પાર પાડવું પડે છે. જમીની સ્તરે પ્રાપ્ત પુરાવાઓથી દ્રઢતાપૂર્વક સ્પષ્ટ થાય છે કે, મોટાભાગની મહિલા પંચાયત પ્રતિનિધિની સાર્થક ભાગીદારી થઈ શકતી નથી. સ્થાનિક નિકાયોમાં ગામની મહિલાઓની સહભાગીદારી માટે અનુકૂળ અને યોગ્ય સ્થિતિ પેદા કરવાના માર્ગમાં એક મોટો પડકાર છે (આઇસીઆરડબ્લ્યુ, યુએન વિમેન, એનએ). ગ્રામ્ય મહિલાઓ પર વિપરિત અસર પાડનારા મુદ્દાઓનો વ્યાપ ખૂબ મોટો હોવાથી ગ્રામ્ય મહિલાઓની રાજકીય સહભાગીદારી તેમજ આર્થિક વિકાસ સંબંધિત મુદ્દાના સમાધાન પર અલગ ખંડમાં પ્રકાશ પાડવામાં આવશે. આ વિચાર-વિમર્શનું મુખ્ય ફૉકસ ગ્રામ્ય મહિલાઓના સશક્તિકરણને વધારવા માટે વ્યૂહરચના અને વર્તમાન પ્લેટફોર્મનો પ્રભાવશાળી રીતે ઉપયોગ કરવાનો હશે.

## ગ્રામ્ય મહિલાઓના સશક્તિકરણ માટે એક મંચ તરીકે જીપી

પીઆરઆઈની પાસે આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનો બંધારણીય અધિકાર હોય છે. પંચાયતોને શક્તિના હસ્તાંતરણ પર બંધારણના અનુચ્છેદ 243જી, ભાગ 9એ રાજ્યોને પંચાયતોને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે કુશળતાપૂર્વક કામ કરવા માટે સ્વાયતત્તા, શક્તિ અને અધિકાર પ્રદાન કરવાનો આદેશ આપ્યો છે. આ બંધારણીય આદેશની સાથે ભારતમાં પંચાયતોની પાસે ગામડાંઓના વિકાસમાં ઉપયોગમાં લેવામાં આવેલાં રાજ્ય નાણાં અનુદાન, ચોદમા નાણાં પંચ, સરકારી ફ્લેગશિપ યોજનાઓ તેમજ કાર્યક્રમ તેમજ સ્વયંના સ્રોતની આવક હેઠળ પોતાનું ફંડ હોય છે. પીઆરઆઈ પણ સ્થાનિક સંસ્થા છે, જોકે, કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે સહભાગીદારી યોજના, સંસાધનની ફાળવણી, અમલીકરણ તેમજ નિરીક્ષણ કાર્યો અને સરકારી યોજનાઓ માટે જવાબદાર છે. તેનાથી પંચાયતોને જાતિય ઉત્તરદાયિત્વ પ્રશાસનના અમલીકરણ માટે એક મહત્વપૂર્ણ મંચ મળે છે. મહત્વની વાત એ છે કે, ગામો લાભદાયક સ્થિતિમાં છે, જ્યાં પીઆરઆઈની સક્રિય ભૂમિકાની સાથે





એસડીજીનું સ્થાનીકરણ અને વાસ્તવિકીકરણ થઈ શકે છે. અહીંયા એવા ઘણાં કારક છે, જેઓ ગ્રામ્ય મહિલાઓના સશક્તિકરણ માટે ગ્રામ પંચાયતોને રાજકીય મંચ બનાવે છે. ગ્રામસભા, મહિલાઓના સામુહિક (એસએચજી, સંઘ, નિરીક્ષણ સમિતિઓ) અને જમીની સંગઠનોમાં મહિલાઓની સહભાગીદારી મજબૂત બનાવવાની સાથે ઇડબ્લ્યુઆરનું સમર્થન અને ક્ષમતાનિર્માણ, સંભવિત મહિલા ઉમેદવારો અને એવી મહિલાઓ જે ચૂંટણીમાં ફરીથી ઊભી રહેવા માંગે છે તેમની કાર્યક્રમોના નિર્માણ અને અમલીકરણમાં પ્રોત્સાહન અને સમાવેશનની જરૂરત છે. ગ્રામ પંચાયતો દ્વારા જાતિય સમાનતા અને સશક્તિકરણ માટે લાગુ યોજનાઓ અને કાર્યક્રમોના સંમેલનની ખૂબ જ જરૂરિયાત છે. પંચાયતોની તમામ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના જાતિય વિશ્લેષણની જરૂરિયાત છે અને તેને એવી રીતે બનાવવાની જરૂરત છે કે, અસમાનતા ઘટી શકે. પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના પંચાયત સ્તરે આંકડા એકત્રિત કરવા માટે સતત પ્રયાસ કરવાની જરૂરત છે.

વધુ એક પ્રક્રિયા જેનો વ્યૂહાત્મક રીતે ઉપયોગ કરવાની જરૂરત છે, તે છે ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી), જે ગ્રામ પંચાયતો દ્વારા એકીકૃત કરેલ અને વિકેન્દ્રીકૃત કરેલ યોજનાનો દ્રષ્ટિકોણ છે. જીપીડીપી માટે જાતિય દ્રષ્ટિકોણ સ્થાનિક પ્રશાસનમાં ગ્રામીણ મહિલાઓની સાર્થક સહભાગીદારી અને સંસ્થાગત ઋણ, બજારો અને સતત રોજગાર કાર્યપ્રણાલી સુધી ગ્રામ્ય મહિલાઓની વધુ પહોંચ સુનિશ્ચિત કરશે. જીપીડીપીમાં જેન્ડરનું

એકીકરણ એક અલગ અથવા એક સમાંતર પ્રક્રિયા નથી અને આ જાણીતી જીપીડીપી પ્રક્રિયાઓમાં જેન્ડરને વાસ્તવમાં મુખ્ય પ્રવાહમાં લાવે છે. એક જાતિય રીતે સંવેદનશીલ જીપીડીપી એની પર ધ્યાન આપશે કે, પુરુષ અને મહિલાઓની સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ભેદભાવને કારણે સંસાધનો સુધી અલગ-અલગ પહોંચ હોય છે અને યોજના પ્રક્રિયાઓએ ગામના સમુદાયના વિવિધ વર્ગોની અલગ-અલગ જરૂરિયાતો પર ધ્યાન આપવાની અને પ્રતિક્રિયા આપવાની જરૂરિયાત છે. યોજના અને બજેટની પ્રવૃત્તિઓને પુરુષો અને મહિલાઓની વિવિધ જરૂરિયાતો સાથે જોડવાની તથા જાતિય અસમાનતાને સંબોધિત કરવા માટે તેના મુજબ વિશિષ્ટ પ્રવૃત્તિઓને સામેલ કરવાની જરૂરિયાત છે. જીપીડીપી પ્રક્રિયાઓમાં જેન્ડરના એકીકરણને તત્કાલ જીપીડીપી યોજના, બજેટ, અમલીકરણ તથા નિરીક્ષણ અને વિકાસ કાર્યક્રમો તેમજ યોજનાઓમાં ગ્રામ્ય મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત કરવાની જરૂરત છે. એમઆઇએસ, બજેટ, સહભાગીદારી, ગ્રામ્ય ટેકનિક અને વિકાસશીલ જાતિય ક્રિયા યોજના, સારી રીતે વ્યાખ્યાયિત જાતિય સંવેદનશીલ સૂચકો અને જીપીડીપી માટે ચેકલિસ્ટ એક જાતિય રીતે સંવેદનશીલ જીપીડીપી તૈયાર કરવા માટે મહત્ત્વનું પગલું સાબિત થશે. તેનું પરિણામ ગ્રામ પંચાયતોમાં આવશે - ગ્રામ્ય મહિલાઓને મહત્ત્વના સવાલો ઉઠાવવાની અને તેમની એજન્સીનો ઉપયોગ કરવાના માહોલ અને જ્યાં તે પંચાયતોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં સાર્થક રીતે ભાગ લે છે. ગ્રામ્ય મહિલાઓ નબળી હોવાના અને હાંસિયામાં ધકેલાઈ જવાના મુદ્દાઓ ખૂબ જ જટિલ છે અને બહુક્ષેત્રીય જાતિય રીતે ઉત્તરદાયી દ્રષ્ટિકોણની જરૂર છે. આઇડિયા અને સંભવિત સમાધાનોથી ગ્રામ્ય



મહિલાઓના સશક્તિકરણ પર આગળ કામ કરવા માટે ક્ષેત્રની નીતિઓ અને સંશોધનના દાયરામાં વધુ સમર્થનની જરૂર છે.

મહિલાઓના ઐતિહાસિક બંધનોને તોડવા, મહિલાઓને ફક્ત ઘરેલું સ્થાન અને હોમમેકર, દેખભાળ કરનારી અને ઘરમાં કામ કરનારી ભૂમિકામાં જોનારા રૂઢિચુસ્ત માપદંડોને પડકારવા માટે ગ્રામ પંચાયતોમાં પ્રભાવશાળી મંચ બનાવવાની ક્ષમતા હોય છે. પીઆરઆઈ કર્મચારીઓના ગ્રામ પંચાયતોમાં પ્રયાસોને સંશોધન, નીતિઓ અને સરકારી સંસ્થાઓના સહયોગની જરૂરત છે.

નીતિગત સ્તરે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પીઆરઆઈમાં મહિલાઓ માટે 50 ટકા અનામતની તરફેણ પર, ક્ષમતા નિર્માણ માટે વધુમાં વધુ ફંડ ફાળવણી, એક્સપોઝર આપવા અને ઇડબ્લ્યુઆરના પ્રશિક્ષણ, સરકારી સંસ્થાઓમાં બજેટ સેલનું પાલન તથા સાર્વજનિક સંસ્થાઓની જાતિય ઑડિટની પર ધ્યાન આપવાની જરૂરત છે. સરકાર પોતાની યોજના, બજેટકાર્યો તેમજ કાર્યક્રમોના અમલીકરણ અને ઉત્તરદાયિત્વ તંત્રની અંદર જાતિય જવાબદારીનો ઉપાય પ્રયોજી શકે છે. સંશોધન એ હસ્તક્ષેપનું વધુ એક મહત્વનું ક્ષેત્ર છે, જ્યાં મહિલાઓને વિકાસ અને સામાજિક ન્યાયમાં સાર્થક રાજકીય સહભાગીદારીની મંજૂરી ન આપવાની કિંમતે સાક્ષીઓ ઊભા કરી શકાય છે. સરકારી સંસ્થાઓએ તેમની પ્રવૃત્તિઓ અને હસ્તક્ષેપોમાં એકીકૃત જાતિય દ્રષ્ટિકોણના એકીકરણ માટે સરકારી વિભાગો અને પીઆરઆઈની ક્ષમતા મજબૂત બનાવવા માટે માર્ગ તૈયાર કરવાની જરૂરત છે. મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત કરવા અને તેમજ નિરીક્ષણ કરવા અને વિકેન્દ્રીકરણ તેમજ ઉત્તરદાયિત્વના ઉપાયોને પ્રોત્સાહન આપવા માટે ઉત્તરદાયિત્વના ઉપાયોનું સંસ્થાકરણ કરવાની તાતી જરૂરિયાત છે. એક વિકસિત અને સામાજિક રીતે વિકસિત સમાજ ફક્ત મહિલાઓની સક્રિય સહભાગીદારી તેમજ યોગદાનથી જ રચી શકાય છે અને આ બાબત ખાસ કરીને ભારતના પરિપ્રેક્ષ્યમાં સાચી છે, જ્યાં ગામડાંઓની જનસંખ્યામાં મહિલાઓની વસતી 48 ટકાથી વધુ છે. ગ્રામ પંચાયતો સામાજિક ન્યાય અને આર્થિક વિકાસના બંધારણીય આદેશને ફક્ત ગ્રામ્ય મહિલાઓની સાર્થક સહભાગીદારીથી જ હાંસલ કરી શકે છે.♦



**નિષ્ઠા સત્યમ**
ડેપ્યુટી કન્ટ્રી રિપ્રેઝેન્ટેટિવ
યુ.એન. વિમેન ઇન્ડિયા (એમ.સી.ઓ)
**શાશ્વતી મિશ્રા**
પ્રોગ્રામ એનાલિસ્ટ એમઓપીઆર-યુએન વિમેન

Reference: Aajeevika & UN Women. (2014). Engendering Rural Livelihoods: Supporting Gender Responsive Implementation of the National Rural livelihoods Mission. Accessed on 5 April 2018. Retrieved from http://aajeevika.gov.in/sites/default/files/nrlp_repository/Engendering-Rural-Livelihoods-Final.pdf
Bhattacharyya, A. (undated). Rural Women in India: The Invisible Lifeline of RuralCommunity.

# કોવઈ ગ્રામ પંચાયતે પોતાના સંસાધનોથી પોતાને બનાવી આત્મનિર્ભર

## ગામના પાર્ક, તળાવ, દુકાનોથી તૈયાર કરવામાં આવેલ રેવન્યૂ મૉડલ



આર્થિક રીતે આત્મનિર્ભર થવું એ જેટલું લોકો માટે જરૂરી છે, એટલું જ એ ગ્રામ પંચાયતો માટે પણ મહત્વનું છે. તેનાથી જ ગામની પ્રગતિ સુનિશ્ચિત થાય છે. આ શ્રૃંખલામાં સૌપ્રથમ ગામમાં રહેલાં આવકના સ્રોતને ઓળખવાની સૌથી વધુ જરૂરત હોય છે, તેના પછી આ સ્રોતોનો યોગ્ય દિશામાં ઉપયોગ કરીને રેવન્યૂનું મૉડલ તૈયાર થઈ શકે છે. આ જ પ્રકારના સફળ મૉડલનું સારું ઉદાહરણ રજૂ કર્યું છે, ત્રિપુરાની કોવઈ પંચાયત સમિતિએ. કોવઈ ગ્રામ પંચાયતે પોતાને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે હાજર રહેલાં સ્રોતોને ઓળખ્યાં અને તેને વિકસિત કર્યા. તેના પરિણામે કોવઈ ગામે નિરંતર સુશાસનના ઉદાહરણ તરીકેની પોતાની ઓળખ ઊભી કરી લીધી છે. પંચાયતે પોતાના જ સ્રોત જેમ કે, પાર્ક, મત્સ્યપાલન, સામુદાયિક ભવન, આંબાવાડિયાને પોતાની આવકના સ્રોત બનાવી તેને વિકસિત કર્યા છે. કોવઈના - બનાબિથી ઇકો પાર્કમાં લોકો દૂર-દૂરથી પિક્નિક માટે આવે છે. પાર્કને સુંદર બનાવીને તેને એક રમણીય સ્થળ તરીકે પંચાયતે વિકસિત કર્યું છે. ખાસ કરીને પાર્કના બે સ્થળોને જોવા ખાસા લોકો આવે છે. પંચાયતે આ બંને સ્થળે પ્રવેશવા માટે ફી લાગુ કરવાનું નક્કી કર્યું. પાર્કમાં પ્રવેશવા માટે પ્રતિ વ્યક્તિ 10 રૂપિયાની ફી ઉઘરાવવામાં આવે છે. પાર્કમાં આયોજિત વિશેષ મનોરંજન કાર્યક્રમોનો આનંદ માણવા માટે 500 રૂપિયાની ટિકીટ રાખવામાં આવે છે. આ બંને ઉપાયોથી પંચાયતને સારી એવી આવક થવા લાગી છે. ગામમાં મત્સ્યપાલનનો વ્યવસાય ઘણો પ્રચલનમાં છે. ઘણાં લોકો આ વ્યવસાયથી સારી એવી કમાણી કરી રહ્યાં છે. કોવઈ ગ્રામ પંચાયત પાસે ત્રણ તળાવ છે. પંચાયતે ત્રણેય તળાવોને સ્થાનિક લોકોને ભાડાપટ્ટા પર આપી આવકનો સ્રોત ઊભો કર્યો છે. તળાવોમાંથી સંતોષજનક આવક થઈ રહી છે. એક તળાવમાંથી 55,000 રૂપિયા, બીજા તળાવમાંથી 52,000 રૂપિયા અને ત્રીજા તળાવમાંથી 30 હજાર રૂપિયાની આવક થાય છે. આ સિવાય સામુહિક કાર્યક્રમો માટે બનાવવામાં આવેલ સામુદાયિક ભવનને પણ આવકનો સ્રોત બનાવવામાં આવ્યું છે. અહીંયા આયોજિત થનારા મેળા, ત્રીજ જેવા તહેવારોમાં ભાગ લેવા માટે 500 રૂપિયાના ફંડની જોગવાઈ કરવામાં આવી છે. સામુહિક સહયોગથી આ કાર્યક્રમોમાં સારી આવક થઈ રહી છે. આ સિવાય ગ્રામ પંચાયતને આધિન 12 દુકાનો છે. આ દુકાનોને ગ્રામ પંચાયતે ભાડા પર આપેલી છે, જેનાથી પંચાયતને દર મહિને દુકાનદિઠ રૂ. 2000ની આવક થઈ રહી છે. ગ્રામ પંચાયતની આવકનું વધુ એક સાધન અહીંયાના આંબાવાડિયા છે. જોકે, તેમાંથી ફક્ત ત્રણ મહિના માટે જ આવક થાય છે પરંતુ સારી એવી આવક રળવામાં આવે છે. વર્ષ 2015-16માં પંચાયતે તેમાંથી 10 લાખ રૂપિયાની કમાણી કરી હતી.

આ પ્રકારે ગ્રામ પંચાયતે પોતાને આત્મનિર્ભર બનાવવાની સાથે-સાથે સ્થાનિક લોકોને રોજગારીની તક પણ પૂરી પાડી. થોડા જ વર્ષોમાં કોવઈ ગ્રામ પંચાયત સમિતિએ પોતાનું સફળ આર્થિક મૉડલ તૈયાર કરી લીધું. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિકાસ યોજનાઓની મદદથી ગામમાં ઘણાં વિકાસકાર્યો કરવામાં આવ્યાં. હવે આ ગામ પગભર થઈ ગયું છે અને બીજા ગામોને પણ આત્મનિર્ભર થવા માટે પ્રેરિત કરી રહ્યું છે. ♦

# કરની સમયસર ચૂકવણી કરવાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું

## કરની 100 ટકા ચૂકવણી સાથે એલકેપી વંદલાવુરુ બન્યું આત્મનિર્ભર

કોઇપણ ક્ષેત્રના વિકાસમાં ફંડની ઉપલબ્ધતા મહત્વની ભૂમિકા ભજવે છે. ફંડ વિના વિકાસ શક્ય નથી. આ વાસ્તવિક્તાને સારી રીતે સમજીને આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લાની એલકેપી વંદલાવુરુ ગ્રામ પંચાયતે સૌથી પહેલાં તો પોતાના આવકના સ્ત્રોતોની શોધખોળ આદરી. સરકારી સહાયની રાહ જોયા વગર ગ્રામ પંચાયતે પોતે જ આત્મનિર્ભર બનવાની દિશામાં કામ કર્યું. ગામમાં રહેલાં સંસાધનોને શોધ્યાં અને વિકસિત કર્યા. યોજનાઓ બનાવી અને ગામને સ્વાવલંબના માર્ગ પર લઈ ગઈ.

**પરિણામ**- પંચાયતના અથાક પ્રયત્નો અને મહેનતથી ગામ આર્થિક રીતે આત્મનિર્ભર બની ગયું. ગામે પોતાની આવકનું મૉડલ તૈયાર કર્યું, સ્થાનિક સંસાધનોને ઓળખ્યાં જેના કારણે વિકાસકાર્યો શક્ય બની શકે. તેની સાથે જ, ગામમાં રોજગારીની તકો પણ પેદા થઈ.

**આમ કેવી રીતે શક્ય બન્યું**- આવકના સ્રોત સાધનોમાં ગામના સંસાધન, સામાન્ય કામોના ફંડ, પીવાના પાણીનો ટેક્સ, શેરીઓની લાઇટિંગનો કર, સ્વચ્છતા માટે ફાળવવામાં આવેલ વિશેષ ફંડ, રાજ્ય તરફથી મળનારી ગ્રાન્ટ, કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત વિકાસ યોજનાઓ હેઠળ નિર્ધારિત કરવામાં આવેલ ફંડ તેમજ બેંકમાં જમા રકમના વ્યાજનો સમાવેશ થાય છે. આ તમામ સ્રોતોથી ગામમાં ફંડ આવ્યું. ગામના સ્થાનિક સંસાધનોમાં ઘરવેરો, વ્યવસાયિક કર, મકાનના બાંધકામની મંજૂરી માટે વસૂલવામાં આવતો ટેક્સ, વીજળીવેરો, પાણીવેરો, સીવેજના નિકાલનો કર અને લાઇસેન્સ ટેક્સએ મોટી ભૂમિકા ભજવી. ગામના લોકોને કરની સમયસર ચૂકવણી કરવાની અપીલ કરવામાં આવી. કરની ચૂકવણીને સરળ બનાવવા માટે ગ્રામ પંચાયતે ડિજીટલ માધ્યમની શરૂઆત કરી. આ તમામ પ્રયત્નો ફળ્યાં, ગ્રામ



પંચાયતની કરથી થનારી આવકમાં ત્રણ ગણો વધારો નોંધાયો. વર્ષ 2014-15માં ગ્રામ પંચાયતની આવક 13,602 રૂપિયા હતી, જે વર્ષ 2015-16માં વધીને 42 હજાર થઈ ગઈ છે. અહીંયા હવે કરની ચૂકવણી 100 ટકા થઈ ગઈ છે. આ સિવાય ગામમાં સ્વચ્છતા પ્રત્યે પણ ધ્યાન આપવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી) હેઠળ આપવામાં આવેલાં ફંડથી ગામમાં સ્ટ્રીટ લાઇટ, રસ્તા તથા ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. ♦

# ઈ-ગવર્નન્સથી કેદારવાલા ગ્રામ પંચાયતે પકડી વિકાસની ગતિ

સામુહિક પ્રયાસોથી કામ સરળ થઈ જવાની સાથે-સાથે તેની સફળતા પણ સુનિશ્ચિત થઈ જાય છે. ભલે પછી ધ્યેય ગમે તેટલું અઘરું કેમ ન હોય સફળતા ખાસ દૂર રહેતી નથી. તે જ રીતે સંસાધનોની વહેંચણી દ્વારા પ્રગતિશીલ સમાજની પરિકલ્પના સાકાર થઈ શકે છે. નવા જમાનાની ટેકનોલોજીને અપનાવી ઝડપી ગતિએ વિકાસ સાધવો શક્ય બની જાય છે. ઉત્તરાખંડની કેદારવાલા ગ્રામ પંચાયતે ઈ-ગવર્નન્સના માધ્યમથી ગ્રામજનોના જીવનને સુગમ બનાવી દીધું છે. ઇન્ટરનેટથી ગામને સમગ્ર વિશ્વ સાથે જોડવાના પ્રયાસો રંગ લાવવા લાવ્યાં છે. ગ્રામ પંચાયતે પોતાને ટેકનિકલ રીતે સજ્જ કરી અને સરકારી યોજનાઓને ઇન્ટરનેટના માધ્યમથી લોકો સુધી પહોંચાડી. ગ્રામ પંચાયતે હવે પોતાની વેબસાઇટ www.kedarwala.grampanchayat.org તેમજ ફેસબુક પેજ પણ બનાવ્યું છે. ગ્રામ પંચાયતે બેરોજગાર યુવાનોને કૌશલ્ય પ્રશિક્ષણ આપવાની શરૂઆત કરી છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ પણ ગ્રામ પંચાયતે ઘણાં પ્રભાવશાળી પગલાં લીધાં છે. સ્વચ્છતાના મહત્વને સમજાવવા માટે ગામમાં વાદ-વિવાદ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. આ સ્પર્ધા જાગૃતિ પેદા કરવાની દ્રષ્ટિએ અસરકારક સાબિત થઈ હતી. આ તમામ પગલાંઓને પરિણામે ગામ ટૂંક સમયમાં જ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર થઈ જશે. આ તમામની વચ્ચે ગામની મુખ્ય સમસ્યા પીવાના પાણીની અછતની છે. પાણી લાવવા માટે મહિલાઓએ કલાકો સુધીને ચાલીને માઇલો દૂર જવું પડે છે. આ સમસ્યાને ધ્યાનમાં લેતાં ગ્રામ પંચાયતે સંબંધિત વિભાગ પાસેથી આર્થિક અને ટેકનોલોજી સંબંધિત સહયોગની માંગણી કરી હતી. આ સમસ્યાને ઉકેલવા માટે આપવામાં આવેલી રકમથી ગામમાં ઓવરહેડ ટાંકીનું બાંધકામ કરવામાં આવ્યું અને તમામ ઘરોમાં પાઇપલાઇન નાંખવામાં આવી. ગામને વ્યસનમુક્ત કરવા માટે ગોષ્ઠી, સ્વાસ્થ્ય શિબિર, વાદ-વિવાદ સ્પર્ધા આયોજિત કરવામાં આવી. નિયમો હેઠળ નક્કર પગલાં લેવામાં આવ્યાં. ગ્રામ પંચાયત આંગણવાડીના કામકાજનું પણ નિરીક્ષણ કરે છે. ગર્ભવતી મહિલાઓને આપવામાં આવતી સ્વાસ્થ્ય સેવાઓ, રસીકરણની પણ સમયાંતરે તપાસ કરે છે. ઘણીવાર ગ્રામવાસીઓ દીકરીઓના શિક્ષણ સામે આંખ આડા કાન કરતાં હોય છે પરંતુ ગ્રામ પંચાયતે 6-14 વર્ષની તમામ છોકરીઓને શાળામાં પ્રવેશ અપાવ્યો. વૃદ્ધો અને દિવ્યાંગો સુધી સરકારી યોજનાઓ પહોંચાડવા માટે પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોના રેશન કાર્ડ બનાવવા માટે પંચાયતે ખાદ્ય સુરક્ષા વિભાગ સાથે ભેગા મળીને કામ કર્યું. આ સિવાય ગામમાં પંચાયત ઘરનું નિર્માણ કરવામાં આવ્યું. બેરોજગાર યુવાનો માટે અંગ્રેજીના વિશેષ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું. આ તમામ પ્રયાસોના પરિણામે ગ્રામ પંચાયતને એક અલાયદી ઓળખ પ્રાપ્ત થઈ. રાજ્ય સરકારે આ પંચાયતને મૉડલ પંચાયતથી સન્માનિત કરી છે. ♦




**થ્રી પોન્ડ સિસ્ટમથી ગામ બન્યું સ્વચ્છ, અન્ય ગામોને કરી રહ્યું છે પ્રેરિત**

# સામુહિક પ્રયાસોથી ઉજળ્યું ચાંદસમંદ ગામ

હરિયાણાના કરનાલ જિલ્લામાં આવેલું ચાંદસમંદ ગામ આજે અન્ય ગામડાંઓ માટે એક ઉદાહરણરૂપ છે. ગામના માર્ગો અને શેરીઓ સાફ રહે છે, દરેક ઘરમાં શૌચાલય છે, સીવેજના નિકાલ માટે થ્રી પોન્ડ સિસ્ટમનું સંચાલન સુચારુ રીતે થાય છે. ગામમાં જ રોજગારીની તકો પણ ઉપલબ્ધ છે. ગામના લોકોના સહયોગ અને પંચાયતના અથાક પ્રયત્નોથી આ તમામ શક્ય બની શક્યું. 2248ની વસતી ધરાવતાં ચાંદસમંદ ગામમાં 415 કુટુંબો વસે છે. જનપ્રતિનિધિની દૂરંદેશીતા અને વ્યવહારિક યોજનાઓએ આ ગામને પ્રગતિના પથ પર લાવીને ઊભું કરી દીધું છે. હવે આ ગામ અન્યો માટે ઉદાહરણરૂપ છે.

આ વિકાસની વાતની સૂત્રધાર ગામની સરપંચ બબલી રાની છે, જેમણે ગામને ઉજાળ્યું, સક્ષમ તથા આત્મનિર્ભર બનાવ્યું. સ્વાસ્થ્ય, શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રમાં બબલી રાનીએ અનેક નવા પગલાં લીધાં, જેના કારણે ગામના લોકોનું જીવનધોરણ સુધર્યું. બબલી રાની જ્યારે સરપંચ બન્યાં ત્યારે ગામમાં ગટરમાંથી ઉભરાતા ગંદા પાણીની સમસ્યા રસ્તા પર વહેતી નજરે પડતી હતી. સીવેજ અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી રસ્તાઓ અને શેરીઓમાં ગંદુ પાણી જમા થયાં કરતું હતું. લોકો નરક જેવું જીવન જીવવા માટે મજબૂર હતા. આ સમસ્યાને થ્રી પોન્ડ સિસ્ટમ એટલે કે, ત્રણ તળાવની પ્રણાલીએ ઉકેલી. આ ગામે નિર્મલ ભારત અભિયાન કે જે હવે સ્વચ્છ ભારત અભિયાન છે, તેના હેઠળ થ્રી પોન્ડ સિસ્ટમ બનાવવા માટે સરકાર પાસેથી મંજૂરી મેળવી. થ્રી પોન્ડ સિસ્ટમની ડિઝાઇન પંચાયતી રાજ મંત્રાલયના એન્જિનિયરે તૈયાર કરી. યોજનાના સ્તરે એન્જિનિયરે મહત્ત્વની ભૂમિકા નિભાવી અને તેનું અમલીકરણ સરપંચની દેખરેખમાં કરાવ્યું. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોઇમેન્ટ ગેરેન્ટી સ્કીમ (મનરેગા) હેઠળ ત્રણ તળાવનું નિર્માણ કરાવવામાં આવ્યું. ગ્રામ પંચાયતના પગલાંથી ગામના લોકોની સમસ્યા તો દૂર થઈ જ ગઈ પરંતુ મનરેગા હેઠળ લોકોને રોજગારી પણ મળી. આ પ્રકારે થ્રી પોન્ડ સિસ્ટમથી ચાંદસમંદ ગામની સૌથી મોટી સમસ્યાનું નિરાકરણ આવી ગયું. આ થ્રી પોન્ડ સિસ્ટમને કુલ ત્રણ એકર જમીન પર બનાવવામાં આવી છે. પહેલું તળાવ એક એકર જમીનમાં, બીજું તળાવ અડધા એકર જમીનમાં અને ત્રીજું દોઢ એકર જમીનમાં બનાવવામાં આવ્યું છે. ત્રણેય તળાવના નિર્માણ પાછળ રૂ. 15-20 લાખનો ખર્ચ થયો. આ ઉપરાંત, ગામમાં ગંદા પાણીના નિકાલમાં વેસ્ટ સ્ટેબિલાઇઝેશન પોન્ડ (ડબ્લ્યુએસપી) પણ એક શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ રહ્યો છે. આ ટેકનિકને અપનાવવા માટે ગામમાં જમીન અને શ્રમિકો સરળતાથી મળી જાય છે. આ ટેકનિકથી ગ્રામ્ય ક્ષેત્રોમાં ભીના કચરાં તેમજ રસોડાના પાણીનો નિકાલ સરળતાથી થઈ રહ્યો છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ, ઘન તેમજ ભીનાં કચરાંના નિકાલની દિશામાં પણ કેન્દ્ર સરકાર પંચાયતોની મદદ કરી રહી છે. તેના માટે તમામ પંચાયતોને જાગૃત કરવામાં આવી રહી છે. અનેક ગ્રામ પંચાયતોએ આ ટેકનિકને અપનાવી કારણ કે, ડબ્લ્યુએસપી પર ખૂબ ઓછો ખર્ચ આવે છે. તેની જાળવણી પાછળ સાવ નહિવત્ નાણાં ખર્ચાય છે, વળી તે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે. સૌથી ખાસ વાત એ છે કે, આ પ્રણાલીમાં વીજળીને બદલે સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં આવે છે.

## થ્રી પોન્ડ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે?

થ્રી પોન્ડ સિસ્ટમમાં ત્રણ તળાવ સમાંતર

રૂપે બનાવવામાં આવે છે. પહેલાં તળાવની સાથે ઘરોની નીકોને પાઇપોની મદદથી જોડવામાં આવે છે. પહેલાં તળાવમાં પડનારાં પાણીમાં રહેલ કચરો, ગારો, વગેરે સપાટી પર જમા થઈ જાય છે. તળાવ ભરાઈ જતાં તેનું પાણી અન્ય તળાવમાં વહેવા લાગે છે. અહીંયા પાણી ફરીથી સાફ થાય છે અને પાણીમાં રહેલ ગારો તળાવની સપાટી પર જમા થતો રહે છે. આ પ્રક્રિયામાં બેક્ટેરિયા અને એલ્ગી જેવા જીવાણું પણ પોતાની ભૂમિકા ભજવે છે. આ રીતે જૈવિક પ્રક્રિયાથી અપવ્યય ગારાનો નિકાલ સુરક્ષિત રીતે કરવાનું શક્ય બને છે. અહીંથી ચોખ્ખું થઇને પાણી ત્રીજા તળાવમાં જાય છે. આ પાણીનો ઉપયોગ પશુઓને પીવા માટે તેમજ છોડ-વૃક્ષોની સિંચાઈ માટે કરવામાં આવે છે. આ પ્રણાલીનું મહત્ત્વનું પાસું એ છે કે, તેનાથી ભૂગર્ભજળ પણ રિચાર્જ થતું રહે છે.

## 70 ટકા ઘરોની સમસ્યા દૂર કરવી શક્ય

થ્રી પોન્ડ સિસ્ટમથી ગામના 70 ટકા ઘરોના સીવેજ પાણીનો નિકાલ થઈ રહ્યો છે. આ તળાવોના આસપાસની જમીન પર બ્યુટીફિકેશન કરી છોડ-વૃક્ષો રોપવામાં આવ્યાં છે. આસપાસ લીલોતરીને કારણે અહીંયા પાર્ક તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં બાળકો રમે છે. આ તળાવોની આસપાસના વિસ્તારમાં અજવાળું કરવા માટે સૌર ઊર્જાનો ઉપયોગ થઈ રહ્યો છે. સોલર પેનલ લગાવવાથી સ્ટ્રીટ લાઇટમાં ખર્ચાનારી વીજળી અને તેના ઉપકરણોની જાળવણી પાછળ થતાં ખર્ચની રકમ બચવા લાગી છે. આ તળાવોમાં જમા થનારા ગારાનો ઉપયોગ ખાતર તરીકે કરવામાં આવે છે. ગંદા પાણીના નિકાલનું આ સાર્થક મૉડલ અન્ય ગામડાંઓ માટે પ્રેરણા સ્રોત છે.

## થ્રી પોન્ડ સિસ્ટમના માર્ગમાં આવતાં પડકારો

આ યોજનાનું અમલીકરણ કરવું ચાંદસમંદ ગ્રામ પંચાયત માટે કંઈ સરળ નહોતું. ગામમાં ત્રણ તળાવ બનાવવા માટે શ્રમિકો અને મશીનરીના અભાવનો સામનો કરવો પડ્યો. આથી આ તળાવોના નિર્માણ પાછળ એક વર્ષ જેટલો સમય લાગ્યો. મનરેગા હેઠળ આ તળાવ બનીને તૈયાર થઈ શક્યાં. પૂરતા ફંડના અભાવને કારણે પણ આ યોજનામાં અડચણો આવી પરંતુ પંચાયતે પોતાની મહેસૂલી આવકમાંથી આ કામ પૂરું કર્યું. તેના બાંધકામ માટે ઇંટો, સિમેન્ટ, તાર, પાઇપો, થાંભલા જેવી જરૂરી ચીજો સમયસર ઉપલબ્ધ થાય તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું. જમીનમાં 180 ફૂટ ઊંડુ બોરિંગ કરાવવામાં આવ્યું, જેનાથી સિંચાઈ વ્યવસ્થા સક્ષમ બની. સરપંચ અને એન્જિનિયરે આ સમગ્ર પ્રોજેક્ટ પર દેખરેખ રાખવાની જવાબદારી પોતે ઉપાડી લીધી હતી. આમ ગ્રામ પંચાયત અને લોકોની ભાગીદારીએ આ પહેલને સફળ બનાવી. ગામ અગાઉની સરખામણીએ સ્વચ્છ બની ગયું અને યુવાનોને રોજગારીની નવી તકો પણ મળી.

## ગ્રામ્યજીવન સુધર્યું

આ ઉપરાંત પણ ગામમાં અનેક સરાહનીય પગલાં લેવામાં આવ્યાં, જેનાથી લોકોનું જીવન અગાઉ કરતાં ઘણું સુધર્યું. પંચાયતની આવકનું મૉડલ પણ સુધારવામાં આવ્યું. ગામમાં પાંચ સક્રિય ચોતરા છે, જ્યાં લોકો અવારનવાર બેઠક કરે છે. આ સ્થળોએ હંમેશાથી પાકા મકાનની જરૂરિયાત રહી છે. લગ્ન તેમજ ત્રીજ તહેવાર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં સુગમતા રહે છે. આથી પંચાયતે ચોતરાઓમાં પંચાયત ઘર અને જાનૈયા ઘર બનાવવાનો નિર્ણય લીધો. હવે આ કામ ઝડપથી ચાલી રહ્યું છે. ગ્રામસભાએ પણ ગામના રસ્તાઓ અને શેરીઓને પાકા બનાવવા માટે પગલાં લીધાં. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગામમાં અનેક પહેલ હાથ ધરવામાં આવી. પંચાયત ભવનમાં મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ શૌચાલયો બનાવવામાં આવ્યાં. સ્વચ્છાગ્રહની કમાન સરપંચે પોતે સંભાળી. ગામના તમામ ઘરોમાં શૌચાલયોનું નિર્માણ કરવા માટે લોકોને પ્રેરિત કર્યા. જાહેરમાં હાજતે જવાની પ્રવૃત્તિને નાબુદ કરવાની દિશામાં આકરા પગલાં લેવામાં આવ્યાં. તેનું પરિણામ પણ સારું આવ્યું, હવે આ ગામ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ, ગામમાં પીવાના નિર્મળ પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી. ચાંદસમંદ ગામમાં શિક્ષણના ક્ષેત્રમાં પણ ઘણાં અસરકારક પગલાં લેવામાં આવ્યાં.

શિક્ષણના અધિકાર હેઠળ ગામના દરેક બાળકને શાળાએ મોકલવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું. ગામની આઠમા ધોરણ સુધીની શાળાને 12 ધોરણ સુધીની કરવામાં આવી. હવે હાઇસ્કુલ માટે બાળકોને અન્ય ગામમાં જવું પડતું નથી. આ સાથે જ શાળાના ભવનમાં કમ્પ્યૂટર, પ્રયોગશાળા બનાવવામાં આવ્યાં. સ્કુલના પરિસરમાં આરઓના પાણી, હેન્ડપમ્પ, ઇન્વર્ટર, સોલર પેનલ પણ લગાવવામાં આવ્યાં. વધુ સારી સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે અલગ-અલગ શૌચાલયો બનાવવામાં આવ્યાં.

શાળાના પરિસરને રોગમુક્ત રાખવા માટે તેને સાફ કરવાની દિશામાં પણ અનેક પગલાં લેવામાં આવ્યાં. શાળાના ભવનમાં ઓરડાઓની અછતને જોતાં પંચાયતે પોતાની જમીન પર શાળાના મોટા બિલ્ડિંગનું નિર્માણકાર્ય પણ શરૂ કરાવ્યું. રમતગમતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી બાળકો માટે સ્ટેડિયમ બનાવવા 8 એકર જમીન પણ આપવામાં આવી. આ જમીન પર સ્ટેડિયમ બની રહ્યું છે. સ્ટેડિયમ બની જતાં ગામના બાળકોએ ક્યાંય બહાર જવાની જરૂર નહીં પડે.

આ સિવાય ગામમાં સહકારી બેંકની શાખા ખોલાવવામાં આવી. હવે લોકોએ પોતાના નાણાં જમા કરાવવા તેમજ ઉપાડવા માટે દૂર સુધી જવું પડતું નથી. પૂરતી માત્રામાં પાણીના સપ્લાય માટે ઠેર-ઠેર હેન્ડ પમ્પ લગાવવામાં આવ્યાં. સમગ્ર ગામમાં સ્ટ્રીટ લાઇટો લગાવવામાં આવી. ખેતરોમાં પાણી આપવા માટે સબમર્સિબલ મોટર લગાવવામાં આવી અને પાઇપલાઇનો નાંખવામાં આવી. તેનાથી ખેતરોમાં સિંચાઈની સમસ્યા દૂર થઈ ગઈ. સમયસર થઈ રહેલી સિંચાઈથી ખેતરો લહેરાઈ રહ્યાં છે. ♦

સાંસદ આદર્શ ગ્રામ યોજના

# ચપકા ગ્રામ પંચાયતઃ સાસંદોના પ્રયાસોથી લહેરાયા ખેતરો, લોકોના પ્રયાસોથી તૈયાર થયું સિંચાઈનું મૉડલ

**છત્તીસગઢના બસ્તર જિલ્લામાં આવેલું છે ચપકા ગામ. આ ગામની સિંચાઇ વ્યવસ્થાથી ખેડૂતોના ચહેરા પર મલકાતું સુખ સ્પષ્ટપણે જોઈ શકાય છે. સિંચાઈના આ મૉડલને પરિણામે ગામના ખેતરો અને ભંડારોમાં સમૃદ્ધિ છલકાઇ રહી છે.**



ચપકા ગ્રામ પંચાયત ભવન

ચપકા ગામ માર્કંડેય નદીના કિનારે વસેલું છે. અહીંયા સિંચાઈની વ્યવસ્થા સાવ નજીવી હતી. અહીં વર્ષમાં 1500 સેન્ટીમીટર વરસાદ પડે છે. સંસાધનોના અભાવે અહીંની 90 ટકા ખેતીલાયક જમીન સિંચાઈ વગરની રહી જતી હતી. સાંસદ દિનેશ કશ્યપ આ સમસ્યાનું નિરાકરણ લાવ્યાં. આ ગામને આદર્શ ગ્રામ વિકાસ યોજના હેઠળ દત્તક લેવામાં આવ્યું. દત્તક લેવામાં આવ્યાં બાદ સૌપ્રથમ સિંચાઈ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. સરકારી યોજનાઓની સાથે ગ્રામજનોના સહયોગથી ગામ માટે સિંચાઈનું મૉડલ તૈયાર કરવામાં આવ્યું.

## સિંચાઈનું મૉડલ કેવી રીતે તૈયાર કરવામાં આવ્યું?

સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય) હેઠળ સાંસદે ગામની વિકાસ યોજના બનાવવા માટે સિંચાઈ



સમિતિની રચના કરી. આ સમિતિમાં ખેડૂતો, કૃષિ તજજ્ઞો, મનરેગાની ટીમ અને સિંચાઈ વિભાગના એન્જિનિયરને સામેલ કરવામાં આવ્યાં. ત્યારબાદ ખેતીલાયક જમીનનો સરવે કરવામાં આવ્યો. પ્રભાવશાળી યોજના તૈયાર થઈ શકે તે માટે આ સરવે કરવામાં આવ્યો. આ સિવાય વરસાદી પાણીના સંગ્રહની દિશામાં પણ પગલાં લેવામાં આવ્યાં. ગામમાં રેઇન વૉટર હાર્વેસ્ટિંગ એટલે કે, વરસાદી પાણીના સંગ્રહ માટેના સ્થળો નક્કી કરવામાં આવ્યાં. મનરેગા હેઠળ આ દિશામાં નાના-નાના તળાવો બનાવવામાં આવ્યાં. અગાઉથી અસ્તિત્વમાં રહેલાં કુવા, તળાવ અને કુંડોને પુનર્જીવિત કરવામાં આવ્યાં.

સિંચાઈના મૉડલ હેઠળ બીજું મહત્ત્વનું કાર્ય સમુહ બનાવવાનું હતું. જેથી કરીને કામ ઝડપથી યોગ્ય દિશામાં પૂર્ણ થઈ શકે. તેના માટે ગામના લોકોનો સમુહ બનાવવામાં આવ્યો. શાંકભરી યોજના તથા પિછડા ક્ષેત્ર અનુદાન નિધી હેઠળ માર્કંડેય નદીના કિનારે 20 ડીઝલ તેમજ વીજળીથી ચાલનારા પંપ સેટ લગાવવામાં આવ્યાં. તેનાથી 156 હેક્ટર જમીનમાં સિંચાઈ થવા લાગી. 200 હેક્ટર જમીનમાં ટ્યુબવેલના પાણીને ખેતરો સુધી પહોંચાડવા માટે ચેનલ બનાવવામાં આવી. ઓછી ખર્ચાળ ટપક સિંચાઈ પદ્ધતિને ગામમાં લગાવવામાં આવી. 10 ગરીબ પરિવારોને 32,000 રૂપિયાના ખર્ચે ટપક સિંચાઈ પદ્ધતિના મશીનો પૂરાં પાડવામાં આવ્યાં. કૃષિ વિભાગે 15 સ્થળોએ સિંચાઈ કેન્દ્રો બનાવ્યાં, જ્યાં ખેડૂતોના પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. 200 ખેડૂતોને ખેતીની આધુનિક પદ્ધતિઓ અંગે ટ્રેનિંગ આપવામાં આવી.

## પ્રયાસો સફળ થયાં

સિંચાઈના સફળ મૉડલથી ચપકા ગામના ખેડૂતો અનેક પ્રકારના પાક લઈ રહ્યાં છે. કૃષિ વિકાસ કેન્દ્રમાં કૃષિના ક્ષેત્રમાં થઈ રહેલાં નવા પ્રયોગો અંગે ખેડૂતોને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે, જેનો લાભ પણ ખેડૂતો ઉઠાવી રહ્યાં



છે. ખેડૂતો હવે ઓર્ગેનિક ખેતી કરીને સારી એવી કમાણી કરી રહ્યાં છે. સિંચાઈની સમસ્યા દૂર થયાં બાદ આ ગામ હવે અન્ય ગામો માટે ઉદાહરણરૂપ બની ગયું છે. આ તમામ કામ સાંસદ શ્રી દિનેશ કશ્યપના પ્રયાસોથી શક્ય બની શક્યાં.♦

# ગ્રામ પંચાયત વિકાસ યોજના
## સબકી યોજના, સબકા વિકાસ
## જન યોજના અભિયાન
### 2 ઑક્ટોબરથી 31 ડિસેમ્બર, 2018 સુધી

## ગરીબીમુક્ત ગ્રામ પંચાયત




## ઉદ્દેશ્યઃ

- સક્રિય ગ્રામસભામાં ડીએવાય-એનઆરએલએમ હેઠળ 31 લાખ ચૂંટાયેલાં પંચાયત નેતાઓ તેમજ 5.25 કરોડ એસએચજી મહિલાઓની ભૂમિકા સશક્ત બનાવવી.
- 2018-19માં કરવામાં આવેલી પ્રગતિનું પુરાવા આધારિત મૂલ્યાંકન તેમજ XI અનુસૂચિના તમામ 29 વિષયોમાં વર્ષ 2019-20 માટે પ્રસ્તાવ.
- જનસૂચના અભિયાન અને ગ્રામ પંચાયત કાર્યાલય તેમજ ગ્રામસંવાદ એપ પર તમામ કાર્યક્રમોની યોજનાઓ / બિલ વગેરેને વિલેજ ડિસ્પ્લે બૉર્ડ પર સંપૂર્ણપણે સાર્વજનિક રીતે પ્રદર્શિત કરવા.
- XI અનુસૂચિના તમામ 29 ક્ષેત્રોના અગ્રણી કાર્યકર્તાઓ/સુપરવાઇઝર્સ દ્વારા રજૂઆત તેમજ વ્યક્તિગત હાજરીની સાથે 2 ઑક્ટોબર - 31 ડિસેમ્બર, 2018 સુધી સર્વવ્યાપી ગ્રામસભા બેઠકો (સંગોષ્ઠીઓ).
- વ્યવહારિક તેમજ સમગ્ર ગ્રામ પંચાયત વિકાસ યોજના પ્રદાન કરવા માટે સશક્ત પ્લાન પ્લસ યોજના.

## બંધારણની XI અનુસૂચિમાં તમામ 29 વિષયોનો GPDPમાં સમાવેશ કરવાની યોજના છે

| XI અનુસૂચિમાં 29 ક્ષેત્ર | સંબંધિત મંત્રાલય | યોજના/ભંડોળ |
|---|---|---|
| જમીન સુધારણા | ગ્રામ વિકાસ મંત્રાલય<br>જમીન સંસાધન વિભાગ | SHC, DILRMP |
| ગ્રામીણ આવાસ | ગ્રામ વિકાસ મંત્રાલય | PMAY(G) |
| પેયજળ | પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય | NRDWP |
| માર્ગ | ગ્રામ વિકાસ મંત્રાલય | PMGSY, SAGY, MGNREGA |
| ગામોમાં વીજળીકરણ | વીજ મંત્રાલય | UJALA, IPDS, DDUGJY, Saubhagya |
| શિક્ષણ | માનવ સંસાધન વિકાસ મંત્રાલય | ICDS, SSM, SSA, SBM, MDMS |
| વ્યવસાયિક શિક્ષણ | કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિક્તા મંત્રાલય | PMKVY |
| બજાર તેમજ મેળા | કાપડ મંત્રાલય, ગ્રામ વિકાસ મંત્રાલય | NRLM |
| સ્વાસ્થ્ય તથા સ્વચ્છતા | સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય<br>પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય | NRHM/NHM, NRDWP, Mission Indradhanush, ICDS, SBM |
| મહિલા તથા બાળવિકાસ | મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલય<br>સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય | BBBP, ICDS, OSTC, UJJAWALA, Swadhar Greh, Mahila E-Haat, MSK, STEP |
| સામાજિક કલ્યાણ | સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય | IPOP, Scholarship Programmes, SRMS |
| જાહેર વિતરણ પ્રણાલી | | |

| XI અનુસૂચિમાં 29 ક્ષેત્ર | સંબંધિત મંત્રાલય | યોજના/ભંડોળ |
|---|---|---|
| કૃષિ | કૃષિ તેમજ ખેડૂત કલ્યાણ મંત્રાલય | PKVY, PMKSY, PMFBY, MMAS, NFSM, MIDH, NMAET, NLM, e-NAM |
| પશુપાલન | | |
| બિન-પરંપરાગત ઊર્જા | નવીન તેમજ પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય | |
| ગરીબી નાબૂદી કાર્યક્રમ | ગ્રામ વિકાસ મંત્રાલય | MDMS, MGNEGS, DAY-NRLM, NSAP |
| સામુદાયિક સંપત્તિઓની જાળવણી | પંચાયતી રાજ મંત્રાલય | FFC |
| પરિવાર કલ્યાણ | સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય | PMUY |
| નબળા વર્ગોનું કલ્યાણ | નાણાં મંત્રાલય | PMSBY, PMJBY, HKKP |
| મત્સ્યપાલન | | |
| સામાજિક વનીકરણ | | |
| લઘુ ઉદ્યોગ | કાપડ મંત્રાલય, ગ્રામ વિકાસ મંત્રાલય | PMEGP |
| ખાદી, ગ્રામ તેમજ કુટીર ઉદ્યોગ | | PMEGP |
| ઇંધણ તેમજ ઘાસચારો | | |
| વયસ્ક તેમજ અનૌપચારિક શિક્ષણ | | |
| પુસ્તકાલય | | |
| સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | | |

## જિલ્લા પંચાયત વિકાસ યોજના







Public Information Board

## સહભાગીદાર મંત્રાલય તેમજ વિભાગ

- પંચાયતી રાજ તેમજ ગ્રામ વિકાસ મંત્રાલય
- કૃષિ સહયોગ તેમજ ખેડૂત કલ્યાણ મંત્રાલય
- પશુપાલન, ડેરી તેમજ મત્સ્ય વિભાગ
- પર્યાવરણ, વન તેમજ કલાઇમેટ ચેન્જ મંત્રાલય
- સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગો બાબતનું મંત્રાલય
- પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય
- શાળાના શિક્ષણ તથા સાક્ષરતા વિભાગ
- સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય
- મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલય
- ખાદ્ય તેમજ સાર્વજનિક વિતરણ વિભાગ
- જનજાતિ સંબંધિત બાબતો તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય
- આર્થિક સેવા વિભાગ
- વીજ મંત્રાલય
- પેટ્રોલિયમ તેમજ કુદરતી ગેસ મંત્રાલય

## જનયોજના અભિયાનઃ પ્રવૃત્તિઓ તેમજ કાર્યવાહી માટેની સામગ્રી

- અભિયાન માટે નોડલ અધિકારીઓની નિમણૂક તથા વેબ પોર્ટલ (www.gpdp.nic.in) પર રજિસ્ટ્રેશન.
- દરેક ગ્રામ પંચાયત/ગ્રામ્ય સ્થાનિક નિકાય માટે સુવિધા પૂરી પાડનારની નિમણૂક.
- ગ્રામસભાઓના અધિકાર માટે ગ્રામ પંચાયત વાર કેલેન્ડરને અંતિમ સ્વરૂપ આપવું (નિષ્કર્ષણ).
- નિશ્ચિત દિવસોએ ગ્રામસભા સંમેલનો માટે તૈયાર કરવામાં આવેલ રજૂઆત માટે અગ્યારમી અનુસૂચિના 29 વિષયો સંબંધિત તમામ વિભાગોના અગ્રણી કાર્યકર્તાઓની નિમણૂક.
- પ્રત્યેક ગ્રામ પંચાયતમાં જન સૂચના બૉર્ડને પ્રદર્શિત કરવું તેમજ વેબ પોર્ટલ પર તેના જિયો-ટેગ કરેલાં ફોટોગ્રાફ્સનું અપલૉડિંગ.
- સક્રિય ગ્રામસભા સંમેલનોના જિયો-ટેગ કરેલાં ફોટોગ્રાફ્સનું અપલૉડિંગ.
- પ્લાન પ્લસ એપ્લિકેશન પર મંજૂર થયેલ યોજનાનું પ્રકાશન.

### સંયોજકની ભૂમિકાઃ

- એમએ ડ્રાફ્ટનો ઉપયોગ કરી મિશન અંત્યોદય (એમએ) હેઠળ સર્વેક્ષણ કરો
- નિશ્ચિત દિવસે જીપીડીપી માટે વિશેષ ગ્રામસભાની સુવિધા પ્રદાન કરો
- ગ્રામસભા દરમિયાન એસસી / એસટી મહિલાઓ જેવા નબળા વર્ગો સહિત સામુદાયિક આંદોલન સુનિશ્ચિત કરો
- પોર્ટલ પર ગ્રામસભાની પ્રવૃત્તિઓ સંબંધિત એક રિપોર્ટ જમા કરો

ઓડિશા

# 'બીજ માતા બનીને' ખેતીના પરંપરાગત જ્ઞાનથી લોકોને કરી રહી છે માહિતગાર

**બિયારણની પસંદગી અને જાળવણી અંગેના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરી રહી છે, આદિવાસી મહિલાઓ. ઓરિસા નામની એનજીઓએ આવી મહિલાઓનું એક જૂથ તૈયાર કર્યું છે, જે ખેતીના પરંપરાગત જ્ઞાનથી ગામના અન્ય લોકોને પણ લાભાન્વિત કરી રહી છે. તેને બીજ માતાનું નામ આપવામાં આવ્યું છે.**



## પૃષ્ઠભૂમિ

ઓડિશાનો મલકાનગિરી એક આદિવાસી વિસ્તાર છે. અહીંયાના લોકો મુખ્યત્વે ખેતી પર પોતાનો જીવનનિર્વાહ કરે છે. કૃષિ ક્ષેત્રમાં તમામ નવા ઉપાયો અજમાવ્યાં પછી પણ આ ક્ષેત્રમાં પાકના ઉત્પાદનમાં કંઈ ખાસ વધારો થઈ રહ્યો નહોતો. સ્થાનિક પાક સતત પ્રભાવિત થઈ રહ્યાં હતાં. ગ્રામ પંચાયત પણ તેના અંગે ચિંતિત હતી. ઓરિસા નામના બિન-સરકારી સંગઠન (એનજીઓ)એ કંધમાલ જિલ્લાના મલકાનગિરી ગામના લોકોની આ મુશ્કેલી દૂર કરવાનું બીડું ઉપાડ્યું. એનજીઓના તજજ્ઞોએ આ ક્ષેત્રમાં ખેડૂતોને આધુનિક અને વધુ સારી પદ્ધતિ અંગે જાણકારી આપવાનું શરૂ કર્યું. પરંતુ તેનાથી પાકની ઊપજમાં કંઈ ખાસ ફરક પડ્યો નહીં. આધુનિક અને વધુ સારી પદ્ધતિ બેઅસર સાબિત થઈ રહી હોવાનું જણાતા ઓરિસાના સભ્યોએ ફરીથી અહીંના વૃદ્ધ ખેડૂતોની સલાહ લીધી. તેમની સલાહ મુજબ આ ક્ષેત્રોમાં કૃષિ માટે રહેલી અનુકૂળ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ખેતી શરૂ કરવામાં આવી. પરંપરાગત પદ્ધતિ અને ઉત્તમ દેશી બિયારણ સારું પરિણામ આપવા લાગ્યાં. ત્યાર પછી તો બિયારણની પસંદગીના અને તેને જાળવી રાખવાના વડવાઓના અત્યંત કિંમતી જ્ઞાનને ફેલાવવાનું શરૂ કરવામાં આવ્યું. ખેતીમાં કૃષિની પરંપરાગત પદ્ધતિ શરૂ કરવામાં આવી અને બિયારણની જાણકાર આદિવાસી મહિલાઓને બીજ માતા બનાવવામાં આવી. બીજ માતાઓએ બિયારણની જાળવણીની પદ્ધતિઓ અંગે જાણકારી આપવાની સાથે ગામના લોકોને તેનું મહત્ત્વ સમજાવ્યું.

## મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થયું

પરંપરાગત ખેતીથી ઉત્પાદનમાં વૃદ્ધિ થવા લાગી. પરંતુ બિયારણની ઉપલબ્ધતાને વધારવાની જરૂરિયાત અનુભવાઈ રહી હતી, જેથી કરીને ખેડૂત આત્મનિર્ભર બની શકે. તેના માટે આદિવાસી મહિલા ખેડૂતોનું જ્ઞાન અસરકારક સાબિત થયું. ખેતી અંગેના પરંપરાગત જ્ઞાનથી આ મહિલા ખેડૂતોએ ગામમાં એક અલગ જ કૃષિ ક્રાંતિ લાવી દીધી, જે અન્ય ખેડૂતો માટે ઉપયોગી સાબિત થવા લાગી. તેના માટે તેઓ બીજ માતા બનીને આ દિશામાં લોકોને જાગૃત કરવા લાગી. હવે તેઓ પોતાના લોકોની વચ્ચે બીજ માતા તરીકે લોકોને કૃષિની પરંપરાગત પદ્ધતિ અંગે જાણકારી આપે છે. આ ગામ પોતે જ એક આદર્શ મૉડલ બની ગયું છે.

## પાકની યોજના અને સીડ મેપિંગ

બીજની જાળવણીની દિશામાં તે ક્ષેત્રમાં ઉગતાં પાકના પ્રકારોની જાણકારી મેળવવી પણ એક મહત્વનું કામ હતું. એટલે ત્યાં સીડ મેપિંગ કરાવવામાં આવ્યું. સીડ મેપિંગ એટલે કોઈ ક્ષેત્રમાં કયા પાકના બિયારણની ઉપલબ્ધતા છે, તેની જાણકારી મેળવવામાં આવી. તેનાથી સારી જાતના બિયારણોને પ્રોત્સાહિત કરવામાં પણ મદદ મળી. તેનાથી ખામીઓ અંગે પણ જાણકારી મળી શકી અને તે દિશામાં કામ કરવા માટેની યોજનાઓ બનાવવામાં આવી.

## બીજ સંરક્ષણ

વાવણીની યોજના બનાવતા પહેલાં તેના બિયારણની ઉપલબ્ધતા જાણવી ખૂબ જ જરૂરી છે. પરંતુ બિયારણની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરવી એ કંઈ એટલું સરળ કામ નથી. તેના માટે

દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ મહિલા કિસાન સશક્તિકરણ પરિયોજના (એમકેએસપી)ની શરૂઆત કરવામાં આવી. મહિલા ખેડૂતોની રોજગારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખી એમકેએસપીની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાથી કૃષિ ઉત્પાદન વધારવાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ મળી રહેશે.

**શ્રી અમરજિત સિંહા**
**સચિવ, ગ્રામીણ વિકાસ મંત્રાલય તેમજ**
**પંચયાતી રાજ મંત્રાલય**



બિયારણોનું આદાન-પ્રદાન કરવું એ જ એકમાત્ર યોગ્ય પદ્ધતિ હતી. તેના અંગે લોકોને પ્રેરિત કરવામાં બીજ માતાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી. ગામના લોકો પહેલાં બિયારણની જાતિની પસંદગી કરે છે ત્યારબાદ તેનું આદાનપ્રદાન અન્ય પાકના બીજની સાથે કરવાની યોજના તૈયાર કરે છે. મહિલા ખેડૂતોના જૂથે એક નર્સરી તૈયાર કરી, જેમાં વિવિધ ઋતુઓના શાકભાજીને ઉગાડવામાં આવે છે. તેનાથી ઘણાં પ્રકારના બિયારણો પણ તૈયાર થઈ જાય છે. આ નર્સરીમાં એવા જ ઝાડ-છોડનાં બિયારણોને ચિન્હિત કરવામાં આવે છે, જે સ્વસ્થ અને ઉત્તમ હોય છે. આવા છોડનું માર્કિંગ કરવામાં આવે છે, જેથી આ સ્વસ્થ ઝાડ-છોડની પ્રજાતિના બિયારણને સંગ્રહિત કરી શકાય. આ પ્રક્રિયામાં બીજ માતા દરેક તબક્કે છોડનું મૂલ્યાંકન કરે છે. સ્વસ્થ બિયારણના સંકલન માટે બીજ માતા દરેક પાસાંને પરખે છે. ઉદાહરણ તરીકે, તે પાક, તેની ડાળીઓની તપાસ કરે છે, ત્યારબાદ ફૂલ અને ફળને કાપવા સુધીની સમગ્ર પ્રક્રિયાનું જીણવટભર્યું અધ્યયન કરે છે. પરંપરાગત જ્ઞાનના પરસ્પર આદાનપ્રદાનથી બિયારણનાં સંગ્રહ અને જાળવણીની દિશામાં મોટું પરિવર્તન આવ્યું છે.

## ફૂડ ફેસ્ટિવલ

**ફૂડ ફેસ્ટિવલ સ્થાનિક પાકની પ્રજાતિઓનો પ્રચાર કરવાની સૌથી પ્રભાવશાળી પદ્ધતિ સાબિત થઈ રહી છે. બીજ માતા ગ્રામ્ય સ્તરે આવા ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરી રહી છે. તેઓ આ ફેસ્ટિવલમાં જે–તે ઋતુ તથા સ્થાનિક વ્યંજનોનો સમાવેશ કરે છે. આ વ્યંજનોના સ્ત્રોત અને પરંપરાગત ગુણો અંગે પણ તે ગ્રામવાસીઓને માહિતી આપે છે. આ પહેલના કેટલાક સારા પરિણામો પર એક નજર નાંખીએઃ**

1) બીજ માતાને કારણે પરંપરાગત પદ્ધતિની જાણકારી તમામ લોકોમાં વહેંચવાનું શક્ય બની શક્યું. ખેતીની પરંપરાગત જૂની પદ્ધતિઓને અપનાવીને ખેડૂતો લાભાન્વિત થઈ રહ્યાં છે.

2) સ્થાનિક પ્રજાતિના બિયારણોનો સંગ્રહ કરવાથી બજાર પરની નિર્ભરતા ખૂબ જ ઘટી ગઈ છે. ખેડૂતો જૂની પ્રજાતિના બિયારણોની ખેતી કરીને સારો નફો રળી રહ્યાં છે, આત્મનિર્ભર બની રહ્યાં છે.

3) જુવાર જેવા ધાન્યની સાથે મિશ્રિત ખેતીને પ્રોત્સાહન આપવાથી સારા પરિણામો મળી રહ્યાં છે. હવામાન પ્રતિકૂળ હોય તો પણ આ પ્રકારની ખેતીના પરિણામો વધુ સારા જોવા મળ્યાં છે. કારણ કે, હવામાનમાં થતાં ફેરફારની અસર સ્થાનિક બિયારણો પર ઓછી પડતી હોવાનું જોવા મળ્યું છે.



4) બીજ માતા કૃષિના ક્ષેત્રમાં સતત વિકાસની સંવાહક બની ચૂકી છે. કારણ કે, તેમના કારણે જ ગામમાં કૃષિની પરંપરાગત પદ્ધતિઓનો પ્રચાર થઈ શક્યો. તેનું પરિણામ આ ક્ષેત્રોમાં લહેરાતા ખેતરો રૂપે જોઈ શકાય છે.

## જમુના કિરસાનીની વાત

મલકાનગિરી ગામની જમુના કિરસાની એક બીજ માતા છે. તેમણે અત્યાર સુધીમાં અનાજની 61 પ્રજાતિઓને સાચવી છે અને દાળ, તેલિબિયાં, શાકભાજી તેમજ પશુઓના ઘાસચારાની 123 પ્રજાતિના બિયારણનો સંગ્રહ કર્યો છે. કૃષિ ક્ષેત્રમાં તેમના જ્ઞાન આગળ ગામમાં સૌ કોઈ શિશ ઝુકાવે છે. તે પોતે પણ માને છે કે, જ્યારે તેમની પાસે ખેતીની પરંપરાગત જાણકારી છે, તો પછી તેઓ શા માટે તેનો લાભ ન લેવો? ખાસ વાત તો એ છે કે, જમુનાએ પોતાના જ્ઞાનથી ખૂબ ઓછા ખર્ચે વર્મી કમ્પોસ્ટ કેન્દ્ર પણ સ્થાપ્યું છે. આ કેન્દ્રમાં તેઓ કીટકોને મારવા માટેની સસ્તી દવા બનાવે છે. બિયારણની જાતિ તથા તેની ગુણવત્તાના અદભૂત જ્ઞાનને કારણે તેઓ આસપાસના ગામમાં પણ પ્રખ્યાત થઈ ગઈ છે. જમુના જણાવે છે કે, “મને આદિવાસી હોવા પર અને મને બીજ માતા બનાવવા પર ગર્વ છે. બિયારણ અંગેના જ્ઞાનને કારણે મને નવી ઓળખ મળી અને હવે સન્માન પણ મળવા લાગ્યું છે.” ♦

# 500 મહિલાઓએ મિલાવ્યાં હાથ, બનાવી થેન્નલા એગ્રો ફાર્મર્સ પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

## ડાંગરની ખેતી કરીને મહિલાઓ જાતે બની રહી છે આત્મનિર્ભર, અન્યો માટે બની ઉદાહરણરૂપ

**કેરળના મલ્લાપુરમ જિલ્લામાં આવેલાં થેન્નલા ગામને અનાજનો વાટકો કહેવો જરાય અતિશ્યોક્તિ ભરેલું નહીં ગણાય. થેન્નલા ગામ હવે ઉત્તમ ગુણવત્તાના ચોખાના ઉત્પાદન માટે ઓળખાવા લાગ્યું છે. ગામમાં પરિવર્તનની લહેરની શરૂઆત થેન્નલા એગ્રો ફાર્મર્સ પ્રોડ્યૂસર કંપની લિમિટેડની સ્થાપનાથી થઈ. આ કંપની 9 સપ્ટેમ્બર, 2015ના રોજ અસ્તિત્વમાં આવી. મલ્લાપુરમ જિલ્લામાં આવેલ થેન્નલા ગ્રામ પંચાયતની આ કંપની સંયુક્ત દેયતા સમુહ (જેએલજી) તેમજ નેબરહુડ ગ્રૂપ દ્વારા સંચાલિત થાય છે. આ કંપનીના સભ્યો માને છે કે, થેન્નલા એગ્રો કંપની એક એવું મંચ છે, જ્યાં ઉત્પાદક, ખેડૂત, બજાર, પ્રોફેશનલ સૌ કોઈ એકસાથે ભેગા મળીને કામ કરે છે, જે સમુદાયની સુખાકારી સુનિશ્ચિત કરે છે.**



### જૂથથી કંપની બનવા સુધીની અનોખી યાત્રા

થેન્નલા રાઇસની શરૂઆત કેરળ રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કુદુંબશ્રી સંયુક્ત દેયતા સમુહની પહેલથી થઈ. પ્રારંભિક તબક્કામાં કુદુંબશ્રીએ ગરિમા કિસાન સમુહને પ્રોત્સાહન આપ્યું. ડાંગરના ઉત્પાદન અને તેના વેચાણને પ્રોત્સાહન આપવું અને ચોખાને પ્રોસેસ કરી તેને બજારમાં યોગ્ય કિંમતે વેચવા એ તેનો ઉદ્દેશ્ય હતો. આ જૂથે ચોખાને થેન્નલા રાઇસ નામથી વેચવાનું શરૂ કર્યું. તેમના ચોખાની માંગમાં તો વધારો થયો પરંતુ કંપની નફો રળવાથી જોજનો દૂર હતી, કારણ કે, તેનું બ્રાન્ડિંગ થયું નહોતું. તેના કારણે ગામના ખેડૂતોએ ડાંગર વચેટિયાઓને જ ઓછી કિંમતે વેચવી પડતી હતી. દેયતા સમુહના સભ્યો પણ ચિંતિત હતાં અને ખેડૂતો પણ.

ગામના લોકોની ચિંતાને જોતાં રાજ્ય સરકારની હરિત મલ્લાપુરમ યોજના હેઠળ થેન્નલા પંચાયતે ડાંગરના ઉત્પાદનને વધારવા માટે કેટલાક મશીનો ખરીદી આપ્યાં. આ મશીનોને સંયુક્ત દેયતા સમુહોને સોંપવામાં આવ્યાં. મલ્લાપુરમ જિલ્લા મિશનની સલાહને અનુસરી પંચાયતે નવી મશીનરીનો ઉપયોગ

ડાંગરના ઉત્પાદનને વધારવા માટે શરૂ કર્યો. આ મિશનમાં કૃષિ ભવને ખેડૂતોને બિયારણ ઉપલબ્ધ કરાવ્યાં. ત્યારબાદ પંચાયતે દસ લોકોનું એક જૂથ બનાવ્યું અને તેમના માટે 14 એકર જમીન ભાડાપટ્ટે લીધી. ઉત્સાહની સાથે આ પહેલની શરૂઆત થઈ પરંતુ ખેતરોમાં જળોની સમસ્યાને કારણે કેટલાક ખેડૂતોએ પીછેહટ કરી, જૂથમાંથી બહાર નીકળી ગયાં. આખરે જૂથમાં ફક્ત ચાર જ સભ્યો બચ્યાં, જેમણે ખેતરોમાં કામ ચાલુ રાખ્યું. આ ગ્રૂપે 14 એકર જમીનમાં ડાંગરની ખેતી કરી. આ ખેતરમાં પલક્કલ ગામમાં વાવવામાં આવતાં મુંડકન પ્રજાતિના ડાંગરના બિયારણની વાવણી કરવામાં આવી. જૂથને આ પગલાંથી લાભ થયો. ઊપજના એક હિસ્સાને જૂથે અંદરોઅંદર વહેંચી લીધો અને બાકીના હિસ્સાને ભાડાના ઘરમાં સંગ્રહિત કરી લીધો. જાળવી રાખવામાં આવેલી આ ડાંગરને સ્પલાઇકોને વેચવામાં આવી. આ સોદામાં જૂથને ખાસો લાભ થયો. ત્યાર પછીથી સંયુક્ત દેયતા સમુહે ક્યારેય પાછું વળીને જોયું નથી.

યાસ્મિન અરિંબા કંપનીના અધ્યક્ષ છે. તેમની ઇચ્છાશક્તિ અને દ્રઢ વિશ્વાસે કંપનીને ઊંચા મુકામ પર લાવી દીધી. આ કંપની ગામના લોકો માટે વરસાદી છત્રી જેવું કામ કરવા લાગી છે. યાસ્મિને ગામની અન્ય મહિલાઓને કંપની સાથે સાંકળી, જે એક મહત્ત્વનું પગલું સાબિત થયું. આ કંપનીના સફળ મૉડલે બીજા સંયુક્ત દેયતા સમુહ (જેએલજી)ને પણ ડાંગરની ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યાં. તેના પરિણામસ્વરૂપ, 236 એકર જમીન પર ડાંગરની ખેતી થવા લાગી. ચોખાને થેન્નલા કુદુંબશ્રી રાઇસના નામે વેચવાનું શરૂ થયું. ગામના 500 સભ્યોએ એગ્રો પ્રોડ્યૂસર કંપની લિમિટેડની રચના કરી. આ કંપનીએ ખેડૂતો પાસેથી ડાંગર ખરીદી તેની પર પ્રોસેસ કરી ચોખાને પરવડે તેવી કિંમતે વેચવાનું શરૂ કર્યું. જિલ્લા મિશન અને બેંકોએ કંપનીના પ્રયાસોને બિરદાવ્યાં અને તેમને લૉન આપવાની રજૂઆત કરી. ત્યારબાદ થેન્નલા એગ્રો પ્રોડ્યૂસર કંપની લૉન્ચ કરવામાં આવી.

## બિઝનેસ મૉડલ

થેન્નલા એગ્રો પ્રોડ્યુસર કંપની લિમિટેડમાં 500 સભ્યો છે. કંપનીનું મુખ્ય કામ ડાંગરનું ઉત્પાદન તેમજ તેની ખરીદી કરવાનું, ડાંગરમાંથી ચોખા તૈયાર કરવાનું, સ્થાનિક દુકાનો તેમજ મેળાઓમાં ઓર્ગેનિક ચોખાનું માર્કેટિંગ કરવાનું છે.

## ડાંગરનું ઉત્પાદન તેમજ તેની ખરીદી

કંપનીના સભ્યો પરસ્પર સહયોગથી કામ કરે છે. મજૂરી પર ખર્ચ ઘટાડવા માટે મહિલા સભ્યો અન્ય સભ્યોને ડાંગરની વાવણી કરવામાં મદદ કરે છે. તેમાંથી બચાવવામાં આવેલી રકમનો ઉપયોગ તેઓ ભાડા પર ટ્રેક્ટર લેવા તથા ખેતરોમાં પાણી પીવડાવા જેવા કામોમાં કરે છે.

થેન્નલા પ્રોડ્યુસર કંપનીની મહિલા સભ્યો પાંચ ગામના ખેતરોમાં કામ કરે છે. તેમાં મરાક્કદપમ, વલાકુલમ, પાદમ, અપલા પાદમ, પાલકમ પાદમ, ઇરાંજી પાદમનો સમાવેશ થાય છે. તેઓ આ ખેતરોમાં ઉમા, એશ્વર્યા, સિયોન, જ્યોતિ, પોન્ની અને જ્વારા જેવી છ પ્રકારની ડાંગરની વાવણી કરે છે. થેન્નલા કંપની ડાંગરની ખેતી જૈવિક રીતે કરે છે. ખેતરોમાં વર્મી કમ્પોસ્ટ અને જૈવિક ખાતરનો ઉપયોગ કરે છે. કોઇપણ પ્રકારના રાસાયણિક પદાર્થનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ સંબંધે કંપનીને જૈવિક ઉત્પાદન પ્રમાણપત્ર પણ મળ્યું છે. કંપની ગામના અન્ય સંયુક્ત દેયતા સમુહ (જેએલજી) પાસેથી ડાંગર ખરીદે પણ છે, અને ત્યારબાદ તેને મિલમાં મોકલી આપે છે. ચોખાને છડવાથી માંડીને તેના પૉલિશિંગ અને અલગ પાડવાનું કામ પણ તે પોતે જ કરે છે. ત્યારબાદ આ ચોખાને 1, 5 અને 10 કિલોગ્રામના પેકેટમાં પૅક કરવામાં આવે છે. તેના



સિવાય, થેન્નલા રાઇસ અન્ય ઉત્પાદનો જેવા કે, રાઇસ ફ્લેક્સ, રાઇસ બ્રાન, પાયસમ રાઇસ અને ટૂટનું પણ અલગથી પૅકિંગ કરે છે. હાલના સમયમાં, થેન્નલા રાઇસના એક કિલોનું પૅકેટ રૂ. 50માં વેચવામાં આવે છે. ચોખા અને તેના ઉત્પાદનોની કિંમત કંપનીના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ નક્કી કરે છે.

## આર્થિક વ્યવસ્થાપન

એગ્રો કંપનીની શરૂઆત પાંચ લાખ રૂપિયાથી થઈ હતી. ગામના 500 લોકોએ કંપનીમાં 1000-1000 રૂપિયાનું રોકાણ કર્યું હતું. તેની સાથે નાબાર્ડે 10 લાખ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડી હતી. કુદુંબશ્રીએ પણ કંપનીને 10 લાખ રૂપિયાની સહાય કરી હતી.

## માર્કેટિંગ, વેચાણ અને નફો

થેન્નલા પ્રોડ્યૂસર કંપની પોતાના ઉત્પાદનોને સ્થાનિક દુકાનોમાં વેચે છે, તેનાથી સ્થાનિકોને પણ સસ્તી કિંમતે ચોખા અને તેમાંથી બનેલી ચીજવસ્તુઓ મળી રહી છે. રાજ્ય સરકારની કુદુંબશ્રી પણ સરકારી યોજનાઓ માટે થેન્નલાના ચોખા ખરીદે છે. આ સિવાય પ્રદેશના હીલિંગ સેન્ટર અને આયુર્વેદ કેન્દ્રો, નેચરોપથી કેન્દ્ર પણ આ જ કંપનીના ચોખા ખરીદે છે. કંપનીએ ઘણાં ઓર્ગેનિક સ્ટોર્સની સાથે કરાર પણ કર્યા છે. હવે થેન્નલા કંપનીના ચોખાની માંગ દેશની બહાર પણ છે. થેન્નલા કંપનીનાં કુલ વેચાણમાં 80 ટકા હિસ્સેદારી સ્થાનિક દુકાનોની છે જ્યારે 20 ટકા હોલસેલ બજારમાં

જાય છે.

**સમસ્યાઓ અને પડકારો**

થેન્નલા એગ્રો ફાર્મર પ્રોડ્યૂસર કંપની લિમિટેડ સામેના પડકારો પણ કંઈ ઓછા નથી. કંપની સામે રહેલાં સૌથી મોટા પડકાર ખર્ચ ઘટાડવાની સાથે માર્કેટિંગની વ્યૂહરચનાને મજબૂત બનાવવાની છે. આ સિવાય કંપની નવી ટેકનિક અપનાવવામાં પણ પાછળ પડી રહી છે. પૅકેજિંગ અને તેની બ્રાન્ડિંગ પ્રણાલીને સુધારવાની જરૂરત છે. ડાંગરનો સંગ્રહ કરવા માટેની વ્યાપક વ્યવસ્થાનો અભાવ પણ કંપની માટે ચિંતાનું કારણ છે. વર્તમાન સમયમાં ભાડાના ગોડાઉનમાં ચોખાના પેકેટ મુકવામાં આવે છે. તેના માટે કંપનીએ ભાડા પેટે સારી એવી રકમ ચૂકવવી પડે છે. સૌથી મહત્ત્વની વાત કંપનીમાં સારા મેનેજરનો અભાવ છે, તેના કારણે કંપનીએ નુકસાન પણ વેઠવું પડ્યું છે. ઉદાહરણ તરીકે, પહેલાં કંપની ડાંગરના ભૂસાને મિલવાળાઓને મફત આપી દેતી હતી પરંતુ હવે તે તેને મિલવાળાઓ અને ખેડૂતોને વેચી રહી છે, જેનાથી આવક થવા લાગી છે.

## સુશાસન

થેન્નલા એગ્રો ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લિમિટેડમાં 126 સંયુક્ત દેયતા સમુહ (જેએલજી) છે. 10-15 જેએલજીના એક ક્લસ્ટર પર એક અધ્યક્ષ અને એક સચિવ બનાવવામાં આવે છે. દરેક ક્લસ્ટર માટે એક નિદેશકની નિમણૂક કરવામાં આવે છે. પ્રોડ્યુસર કંપનીમાં 10 ક્લસ્ટર છે. નિદેશકનો કાર્યકાળ ત્રણ વર્ષનો હોય છે. થેન્નલા પ્રોડ્યુસર કંપની તેના દ્વારા રચવામાં આવેલી સમિતિથી નિયંત્રિત થાય છે.




**ક્ષમતા નિર્માણ તથા પ્રશિક્ષણ**

કંપનીની મહિલા સભ્યોના પ્રશિક્ષણ પર ખાસો ભાર મુકવામાં આવ્યો છે. મહિલા ખેડૂત સશક્તિકરણ પરિયોજના હેઠળ કુદુંબશ્રીએ આ મહિલાઓને પ્રશિક્ષણ આપ્યું. તેમાં માર્કેટિંગ સ્કીલ, ઉત્પાદનની પદ્ધતિ, બ્રાન્ડિંગ, ગુણવત્તાની ચકાસણી વગેરે જેવા તમામ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો. દિનપ્રતિદિન નવી ટેકનોલોજી આવતી હોવાથી પ્રશિક્ષણ આપવાની જરૂરિયાત હંમેશા રહેતી હોય છે. કંપનીના અધિકારીને વ્યવસ્થાપનની પણ ટ્રેનિંગ આપવામાં આવે છે. આ પ્રકારના પ્રશિક્ષણકાર્યો આગળ પણ ચાલુ રાખવા માટે સમુહ ઇચ્છુક છે.

## ભવિષ્યની યોજના

આવનારા દિવસોમાં કંપની થેન્નલા ગામમાં બિયારણની બેંક બનાવવાની યોજના બનાવી રહી છે. તેમાં સ્થાનિક પ્રજાતિના ડાંગરના બિયારણ રાખવાનો વિચાર છે. તેનાથી ખેડૂતોને ડાંગરની ગુણવત્તા જાળવી રાખવામાં મદદ મળી રહેશે. આ સિવાય કંપની કેળા અને ચોખામાંથી બનેલાં બાળકોના આહારના ઉત્પાદનો વેચવાની યોજના બનાવી રહી છે. નાસ્તા માટે અનાજ તેમજ સુકામેવા જેવા નવા ઉત્પાદનો બનાવવાની દિશામાં પણ કંપની કામ કરી રહી છે. તેની સાથે ટોપાઇકાથી બનેલાં પાકા વડા, નમકીન, ચિપ્સ, મીઠાઈના ઉત્પાદન પણ લૉન્ચ કરવાની યોજના છે.

## જટિલતાઓ

થેન્નલા પ્રોડ્યુસર કંપની 500 કુટુંબોને રોજગારી આપી રહી છે. તેમના જીવનધોરણને સુધારવાની દિશામાં કામ કરી રહી છે. કંપનીના લોકો ઇચ્છે છે કે, તેઓ પોતાનો સ્ટોરેજ, પેકેજિંગ યુનિટ, પ્રોસેસિંગ યુનિટ સ્થાપે. આ બધાં માટે કંપનીને આર્થિક સહાયની જરૂર છે. કંપનીની આવકને વધારવા માટે વ્યવસ્થાપનમાં સુધારો કરવો જરૂરી છે. જેના માટે વ્યવસ્થાપનના નિષ્ણાતોને સામેલ કરવાની જરૂર છે.♦

## સ્વચ્છ ભારત અભિયાન

**મહાત્મા ગાંધીએ હંમેશા ગામડાંઓના મહત્વ પર ભાર મુક્યો હતો અને 'ગ્રામસ્વરાજ' અંગે વાત કરી હતી. ગામડાંઓના પરિવર્તનથી ભારતનું પરિવર્તન સુનિશ્ચિત થશે.**

**પ્રધાન મંત્રી આવાસ યોજના – ગ્રામ**

**દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન**

**ગ્રામીણ વિકાસ યોજના**

**ભારતની પંચાયતમાં પરિવર્તનકર્તા– આંધ્ર પ્રદેશ**

**એક એસએચજી નેતાની સફળતાની વાત– આંધ્ર પ્રદેશ**

**સદભાવનાનો માર્ગ– મહારાષ્ટ્ર**

**અબરસિંહ પંચાયત, ઓડિશા– શક્તિમાં એકતા**

**એક બી.ટેક એન્જિનયરની સફળતાની વાત– રાજસ્થાન**



**સાંસદ આદર્શ ગ્રામ યોજના**

# ગુલાબી બની જોડંદા જરિયા ગામના લોકોની જિંદગી

**વર્ષ 2014માં છત્તીસગઢથી રાજ્યસભાના સાંસદ નંદકુમાર સાઈએ સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ જોડંદા ગામને દત્તક લીધું હતું. ત્રણ વર્ષ પહેલાં જે વિકાસકાર્યો શરૂ કરવામાં આવ્યાં હતાં તેના પરિણામો હવે દેખાઈ રહ્યાં છે.**

છત્તીસગઢ અને ઓડિશા રાજ્યની સરહદે વસેલાં બે ગામની ભેગા મળીને બનેલી જોડંદા જરિયા ગ્રામ પંચાયત આજે આદર્શ ગ્રામ તરીકે લોકોની સામે છે. ક્યારેક અત્યંત પછાત ક્ષેત્ર તરીકે ઓળખાતાં જોડંદા ગામના લોકોની જિંદગી પણ ગુલાબી રંગમાં રંગાઈ ગઈ છે. સામુહિક પ્રયાસોને પરિણામે ગામમાં 100 ટકા સાક્ષરતા દર છે. પોષણના મામલે પણ આ ગામ સૌથી આગળ છે. વ્યસનમુક્ત અને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર થયેલું આ ગામ આજે અન્યો માટે ઉદાહરણરૂપ બની ગયું છે.

વર્ષ 2014માં છત્તીસગઢથી રાજ્યસભાના સાંસદ નંદકુમાર સાઈએ સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ જોડંદા ગામને દત્તક લીધું હતું. ત્રણ વર્ષ પહેલાં જે વિકાસકાર્યો શરૂ કરવામાં આવ્યાં હતાં તેના પરિણામો હવે દેખાઈ રહ્યાં છે. ગામના સર્વાંગી વિકાસ માટે તૈયાર કરવામાં આવેલી યોજનાઓ પર સાંસદ નંદકુમાર સાઈએ જાતે દેખરેખ રાખી. અહીંયા દરેક ઘરમાં શૌચાલયો બનાવવામાં આવ્યાં અને તેને ગુલાબી રંગે રંગવામાં આવ્યાં. જોડંદા ગામના ઘરોની દિવાલો પર રંગવામાં આવેલો ગુલાબી રંગ વિકાસની વાત કરી રહ્યો છે. તો વળી, વિકાસના વાહક તરીકે મહિલાઓનું યોગદાન પણ ઘણું મહત્ત્વનું રહેલું છે. સમૃદ્ધિનું પ્રતીક બની ગયેલી ગુલાબી રંગની સાડી પહેરેલી મહિલાઓ સ્વચ્છતાના જ્ઞાનને જન જન સુધી પહોંચાડવાના કામમાં સંકળાયેલી છે. ગામને સ્વચ્છ, સ્વસ્થ બનાવવાનું આ મૉડલ હવે જનઆંદોલન બની ગયું છે.

## કેવું અને ક્યાં આવેલું છે જોડંદા ગામ?

જશપુર જિલ્લામથકથી 107 કિલોમીટર દૂર આવેલું આ ગામ આશરે 1451 લોકોની વસતી ધરાવે છે અને અહીં 285 કુટુંબો વસે છે. જોડંદા ગામ પાંચમા શિડ્યૂલ હેઠળ આવતું હોવાથી અહીંયા પેસા 1996 કાયદો લાગુ છે. આ કાયદાથી ગ્રામસભાને વિશેષાધિકાર પ્રાપ્ત છે, જેના હેઠળ ગ્રામસભા પોતાના સમુદાયની પ્રથા, ધાર્મિક તેમજ પરંપરાગત રિવાજોનું રક્ષણ કરવા માટે પગલાં લઈ શકે છે તથા પોતાના વિવાદોને ઉકેલવાનો નિર્ણય જાતે લઈ શકે છે.

## રાજ્યનું પહેલું વ્યસનમુક્ત અને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત ગામ

વિકાસકાર્યો પર સતત નિરીક્ષણ રાખવા માટે માનનીય સાંસદ અને જિલ્લા વહીવટીતંત્રે આ ગામની નિયમિતપણે મુલાકાત લીધી. ગ્રામીણ વિકાસ કાર્યક્રમ (વીડીપી) હેઠળ શરૂ કરવામાં આવેલાં કાર્યો સમયસર પૂર્ણ કરવામાં આવ્યાં. ગ્રામ્યજીવન પર તેનો પ્રભાવ પણ દેખાવા લાગ્યો. ત્રણ વર્ષમાં જોડંદા ગામ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત અને વ્યસનમુક્ત બની ગયું. દેશની આઝાદીનો દિવસ એટલે કે 15 ઓગસ્ટના પ્રસંગે જોડંદા ગામના લોકોએ 15-15 ગામને જાગૃત કરવાનું બીડું ઝડપ્યું. આ સરાહનીય પગલાં માટે આ પંચાયતને સન્માનિત કરવામાં આવી. ♦

# ગ્રામીણ વિકાસ મંત્રાલયની પહેલ 'એપ'થી ગ્રામલોકોને મળ્યો ન્યાય

**કેન્દ્ર સરકારના વિકાસકાર્યોમાં પારદર્શક્તા અને બેરોજગારોને રોજગારી આપવાના નિર્ણય પર ગ્રામીણ વિકાસ મંત્રાલયએ સૂચના તેમજ સંપ્રેષણ ટેકનોલોજીના માધ્યમથી આવી મોબાઇલ એપ લૉન્ચ કરવામાં આવી છે, જેના માધ્યમથી ગ્રામ્ય જનતા જાગૃત થવાની સાથે તેમને સરકારી યોજનાઓનો લાભ પણ મળી રહ્યો છે.**

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા લૉન્ચ કરવામાં આવેલ એપએ ગ્રામજનો માટે ન્યાય મેળવવાની આશા પેદા કરી છે. એટલું જ નહીં, યોજનાઓ અંગે જનતા દ્વારા કરવામાં આવેલી ફરિયાદો અંગે હવે અધિકારીઓ આંખ આડા કાન કરી શકતાં નથી અને સંબંધિત ફાઇલોને લટકાવી પણ શકતાં નથી. એક નિશ્ચિત સમયમર્યાદામાં તેમણે ગ્રામવાસીઓની ફરિયાદોનું નિરાકરણ લાવવું પડી રહ્યું છે, કારણ કે, ફરિયાદોનો નિકાલ ન આવતાં સંબંધિત ફાઇલો આપમેળે વરિષ્ઠ અધિકારીઓ પાસે ઑનલાઇન ટ્રાન્સફર થઈ જાય છે અને પોતાની ફરજમાં બેદરકારી દાખવનારા અધિકારીઓ વિરુદ્ધ વહીવટી કાર્યવાહી થઈ જાય છે. જનમનરેગા, આવાસ, મેરી સડક, ગ્રામ સંવાદ મોબાઇલ, કૌશલ પંજીકરણ-સ્કિલ રજિસ્ટર એપ લોકોમાં કુતૂહલ પેદા કરી રહી છે.




## જનમનરેગા

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના મનરેગા (મહાત્મા ગાંધી રોજગાર ગેરેન્ટી યોજના)ને 'જનમનરેગા' એપ પારદર્શક બનાવી રહી છે. આ એપને મોબાઇલમાં ડાઉનલૉડ કરીને તમે પણ પોતાની ગ્રામપંચાયતમાં ચાલી રહેલાં વિકાસકાર્યો પર નજર રાખી શકો છો.

આ એપ પર ક્લિક કરતાની સાથે જ જીપીએસ ઑન થઈ જશે અને જે વિસ્તારમાં તમે હશો તે વિસ્તારમાં મનરેગા હેઠળ એક કિલોમીટરના દાયરામાં થઈ રહેલાં તમામ વિકાસકાર્યોનો સમગ્ર ડેટા તમારા મોબાઇલ પર ફોટોની સાથે દેખાવા લાગશે. તેનાથી ભ્રષ્ટાચાર પર લગામ કસાશે, વિકાસકાર્યોની ગુણવત્તા પણ સુનિશ્ચિત થઈ શકશે. ગ્રામવાસીઓએ હવે મનરેગા દ્વારા કરાવવામાં આવેલાં કાર્યોની જાણકારી મેળવવા માટે સરકારી કચેરીઓનાં ચક્કર લગાવવાની જરૂરત નથી. આ એપને તમે પણ એન્ડ્રોઇડ મોબાઇલ પર ડાઉનલૉડ કરી શકો છો. તેના માટે ગૂગલ પ્લે સ્ટોર પર જઇને હિંદીમાં 'જનમનરેગા' એપ લખીને એપ ડાઉનલૉડ કરી શકાય છે. ત્યારબાદ આ એપ સેવાઓ આપવા લાગશે.




## આવાસ એપ

પોતાનું ઘર હોવું એ ગરીબો માટે એક દુર્લભ સપનું હતું પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. કેન્દ્ર સરકારે ગરીબોની આ પરિસ્થિતિ સમજી અને પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત કરી. તેને પારદર્શક બનાવવા માટે આવાસ મોબાઇલ એપ ઉત્કૃષ્ટ કામ કરી રહી છે.

**આ રીતે ડાઉનલૉડ કરો એપ:** ગ્રામવાસીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ આ મોબાઇલ એપનો લાભ ગ્રામીણો લઈ રહ્યાં છે. આ એપની મદદથી ગ્રામ્ય વિસ્તારમાં રહેનારા લોકો પોતાના સ્માર્ટફોનની



મદદથી એપમાં પોતાનું લૉગઇન ક્રિયેટ કરી શકે છે. આ એપને આવાસ નામ આપવામાં આવ્યું છે, જે ગૂગલ પ્લે સ્ટોર પરથી નિઃશૂલ્ક ડાઉનલૉડ થઈ શકે છે. ડાઉનલૉડ કર્યા બાદ મોબાઇલ નંબરની મદદથી તેમાં લૉગઇન કરી શકાય છે. લૉગઇન ક્રિયેટ કર્યા બાદ આ એપ આપના મોબાઇલ નંબર પર એક વન ટાઇમ પાસવર્ડ મોકલે છે. તેની મદદથી લૉગઇન કર્યા બાદ જરૂરી માહિતી ભરીને સબમિટ કરતાંની સાથે જ, પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થી પોતાના મકાનનાં વિવિધ તબક્કાઓનાં ફોટાઓ પણ તેની જ મદદથી અપલૉડ કરી શકે છે, આ સાથે જ, તેઓ પોતાના મકાનનાં નિર્માણ દરમિયાન મળનારાં હપ્તાઓને પણ ઑનલાઇન જોઈ શકે છે અને તેની મદદથી આ યોજનાનું મોનિટરિંગ કરનારા અધિકારીઓ સુધી પોતાની વાત સરળતાથી પહોંચાડી શકે છે.







## મેરી સડક

દેશના મોટાભાગનાં સ્થળોએ રસ્તાઓની સ્થિતિ ખરાબ હોવી એ એક સર્વસામાન્ય સમસ્યા છે. મેરી સડક એપ્લિકેશન એ એક એન્ડ્રોઇડ એપ છે, જેને તમે પોતાના મોબાઇલ ફોન પર ઇન્સ્ટોલ કરી શકો છો. આ એપ પોસ્ટ બૉક્સ જેવું કામ કરે છે. તેને ફરિયાદ પેટી પણ કહી શકાય છે. આ એપના માધ્યમથી તમે તૂટેલાં માર્ગો, રસ્તો બનાવવામાં ઉપયોગમાં લેવાયેલી હલકી ગુણવત્તાની સામગ્રીની ફરિયાદ કરી શકે છે. સરકાર તાત્કાલિક કાર્યવાહી કરશે. તેમાં તમામ માર્ગોનો સમાવેશ થાય છે, જે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનેલી છે. ફરિયાદકર્તા ફીડબૅક કૉલમમાં રસ્તાના ફોટા મોકલી શકે છે.




મોકલવામાં આવેલી ફરિયાદ પર શું પગલાં લેવામાં આવ્યાં તેને પણ જોઈ શકાય છે.

## કૌશલ પંજી- સ્કિલ રજિસ્ટર

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત પં. દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડી.ડી.યૂ.જી.કે.વાય) હેઠળ સરકારી એપ ‘કૌશલ પંજી’ના માધ્યમથી બેરોજગારો પોતાની નોંધણી કરાવી શકે છે. તેમને પ્રશિક્ષણ અને રોજગારી મળશે. 15થી 45 વર્ષના વયજૂથના લોકોને આ સુવિધા પૂરી પાડવામાં આવશે. લાભાર્થી જાતે પોતાના મોબાઇલમાં એપ ડાઉનલૉડ કરી નિઃશૂલ્ક નોંધણી કરી શકે છે. ♦



## ગ્રામસંવાદ મોબાઇલ એપ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું લક્ષ્ય છે કે, વધુમાં વધુ લોકો ગ્રામીણ ડિજીટલ ઇન્ડિયા સાથે જોડાય અને સશક્ત બને, જેનાથી વિકાસકાર્યોની પારદર્શક્તા અરીસાની જેમ સ્પષ્ટ દેખાય. આ ઉદ્દેશ્યની પરિપૂર્તિ ગ્રામસંવાદ મોબાઇલ એપ કરી રહી છે. આ એપના માધ્યમથી ગ્રામીણ વિકાસ યોજનાઓની જાણકારી મેળવી શકાય છે અને વિકાસ કાર્યક્રમોની પ્રગતિ પર સરકાર સાથે સીધો સંવાદ કરી શકે છે.

**Can be downloaded from**

GET IT ON Google Play

Download on the App Store

## દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયૂ-જીકેવાય)

# સફળ મહિલાઓની પ્રેરણાદાયક વાતો

### ટ્રેનર બનીને અન્ય મહિલાઓને પણ સક્ષમ બનાવવાનું છે સપનું - સોનૂ મંધારે

સોનૂ મંધારે નાગપુરના કોલાર ગામની વતની છે. તેનો પરિવાર અત્યંત ગરીબ છે. 12મા ધોરણ પછી તેણે પોતાના ઘરની ખસ્તા હાલતને પરિણામે ભણવાનું છોડી દેવું પડ્યું. પાંચ લોકોના કુટુંબમાં ફક્ત સોનૂના પિતા જ કમાણી કરનારી વ્યક્તિ હતા. સોનૂના પિતા માછલી ફાર્મમાં છુટક મજૂરી કરે છે, જેનાથી તેમને મહિને 3500 રૂપિયાની કમાણી થાય છે.



ધતરી ફાઉન્ડેશનમાંથી ડીડીયૂ-જીકેવાય પ્રોગ્રામ હેઠળ ટ્રેનિંગ લીધાં બાદ સોનૂને હૈદરાબાદના મેગસ કસ્ટમર ડાયલૉગ સૉલ્યૂશનમાં નોકરી મળી ગઈ. શરૂઆતમાં તેનો પગાર 7800 રૂપિયા હતો. પરંતુ ત્યાર પછીથી કામ પ્રત્યે તેની નિષ્ઠા, મહેનત અને વાતચીતના કૌશલ્યને જોતાં ટૂંક સમયમાં જ તેનો પગાર વધીને 10 હજાર રૂપિયા થઈ ગયો. આ સિવાય તેમને સેલ ઇન્સેન્ટિવ મળ્યાં પછી પગાર 15થી 22 હજાર સુધી પહોંચી જાય છે.

હવે સોનૂ દૈનિક જરૂરિયાતો માટે પોતાના કુટુંબની મદદ કરી રહી છે અને પોતાના ભણતર માટે પણ નાણાં એકઠાં કરી રહી છે. સોનૂનું સપનું ડીડીયૂ-જીકેવાયમાં ટ્રેનર બનવાનો છે, જેથી તે પોતાના જેવા ગરીબ જરૂરિયાતમંદ યુવાનોની સહાય કરી શકે. ♦



## રેવતીએ ડીડીયૂ-જીકેવાય હેઠળ ટ્રેનિંગ લીધી, કપડાંના ઑનલાઇન માર્કેટિંગનું કામ શરૂ કર્યું, દર મહિને 20 હજાર રૂપિયાની કમાણી કરી રહી છે

મધ્ય પ્રદેશના જેતપુરમાં રહેનારી રેવતી અત્યંત ગરીબ પરિવારમાંથી આવે છે. 9 બહેનો ધરાવતો તેનો પરિવાર ખૂબ મોટો છે અને પિતાની કમાણી ખૂબ જ ઓછી છે. રેવતીના પિતા ખેડૂત છે અને તેમની વાર્ષિક આવક રૂ. 35,000થી પણ ઓછી છે. આ સ્થિતિમાં સમગ્ર પરિવારનું ભરણપોષણ કરવામાં તેમને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.




આ જ કારણસર રેવતી પોતાનું 12માનું શિક્ષણ પૂરું કરી શકી નહીં. પોતાના પિતાની મદદ કરવા માટે રેવતીએ નોકરી શોધવાની શરૂ કરી. પરંતુ કોઇપણ પ્રકારની સ્કીલ અને ટ્રેનિંગ નહીં હોવાને કારણે તેને નોકરી મળી રહી નહોતી. આ સ્થિતિમાં દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના (ડીડીયૂ-જીકેવાય) હેઠળ ખાદ્ય પદાર્થોમાં મળેલી ટ્રેનિંગે રેવતીને પોતાની મનપસંદ નોકરી મેળવી આપવામાં મદદ કરી. રેવતીને અમદાવાદના ઘાયલામાં આવેલી જાપાનની યાઝકી કંપનીમાં 7 હજાર રૂપિયાની નોકરી મળી ગઈ. સારા કામને પરિણામે થોડાં જ દિવસોમાં રેવતીનું પ્રમોશન પણ થઈ ગયું અને તેનો પગાર 7 હજારથી વધીને 10 હજાર રૂપિયા થઈ ગયો.

રેવતીએ પોતાની નોકરીની સાથે-સાથે જે સ્થાનિક છોકરીઓ તેની જેમ મોટા શહેરમાં નોકરી કરવા માંગતી હતી, તેમને માર્ગદર્શન આપવાનું પણ શરૂ કરી દીધું. પોતાના માતા-પિતા અને બહેનોની મદદ કરવા માટે રેવતી ઇંદોર પાછી ફરી ગઈ. અહીંયા હવે તે ઇંદોરની ફેશન ઇન્ડસ્ટ્રીમાં વિતરકનો પોતાનો વ્યાપાર કરવાની સાથે-સાથે ઑનલાઇન માર્કેટિંગ દ્વારા ગારમેન્ટના બિઝનેસને પ્રોત્સાહન પૂરું પાડી રહી છે.

હાલમાં રેવતી દર મહિને 20 હજાર કમાઈ રહી છે અને એક વધુ સારું જીવન જીવવા માટે પોતાના માતા-પિતાની મદદ કરી રહી છે. ♦



સુશ્રી ઉમા ભારતી
કેબિનેટ મંત્રી,
પેયજળ તેમજ સ્વચ્છતા
મંત્રાલય, ભારત સરકાર

**"પોતાના ગામને સૌથી સ્વચ્છ ગામ બનાવવા માટે સામુહિક પ્રયાસ કરો અને સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ – 2018માં ઉત્સાહપૂર્વક ભાગ લો."**

# સફળતાની વાત

## પૂણેના ગામના લોકોએ પંઢરપુર વારી આવનારા યાત્રાળુઓ માટે ખોલ્યાં શૌચાલયોનાં દ્વાર



**પ્રભાવ**

**આ વર્ષે ગામના પ્રયાસોને પરિણામે શ્રદ્ધાળુઓની સમસ્યા ઘટી ગઈ. જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી સૂરજ માંઢરેની અપીલ પર આ બધું જ શક્ય બની શક્યું. તેમણે ગામના લોકોને અપીલ કરી કે, તેઓ તીર્થયાત્રાળુઓને મહેમાન સમજે અને તેમની યાત્રામાં સહયોગ આપીને પુણ્ય કમાય. આ સુવિધા પૂરી પાડવા માટે જે કોઈ પણ ઘર તૈયાર હોય તે નિશાની તરીકે ધાબા પર સફેદ રંગનો ઝંડો લગાવે.**

પંઢરપુર વારી તીર્થસ્થળ તરફના રસ્તા પર વસેલાં ગામના લોકોએ એક બિરદાવવા યોગ્ય પહેલ હાથ ધરી છે. દર વર્ષે 15 દિવસ માટે આયોજિત થનારી તીર્થયાત્રાના માર્ગને કિનારે વસેલા ગામના લોકોએ પોતાના શૌચાલયોના દ્વાર તીર્થયાત્રાળુઓ માટે ખોલી નાંખ્યા છે. મહારાષ્ટ્રના પૂણેમાં 333 વર્ષ જૂની પરંપરા હેઠળ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. આ યાત્રા પંઢરપુર જઇને પૂર્ણ થાય છે, જ્યાં વિઠોબા દેવનું મંદિર આવેલું છે. દેવના સન્માનમાં સંત જ્ઞાનેશ્વર અને સંત તુકારામની ચરણ પાદુકાઓને પાલકીમાં લઇને યાત્રા કાઢવામાં આવે છે. પીળા અને લાલ ઝંડા લઇને લોકો આ યાત્રા કરે છે, જેને કારણે આ યાત્રા અત્યંત રંગબેરંગી બની જાય છે. સંત જ્ઞાનેશ્વરની યાત્રા આલંદીથી અને સંત તુકારામની યાત્રા દેહૂથી નીકળે છે. આ યાત્રા અષાઢ મહિનાની અગિયારસે પંઢરપુર પહોંચે છે. ત્યારબાદ લોકો વિઠ્ઠલ મંદિરમાં જતાં પહેલાં ચંદ્રભાગા નદીમાં ડુબકી લગાવે છે.

આ વર્ષે આ યાત્રા 6 જુલાઈથી શરૂ થઇને 22 જુલાઈ દરમિયાન યોજાઈ. 250 કિલોમીટરની આ પગપાળા યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ 15 સ્થળોએ રોકાય છે. રસ્તામાં વસેલાં ગામોનાં લોકો ઠેર-ઠેર ખાવા-પીવાના સ્ટૉલ પણ લગાવે છે.

છેલ્લાં બે વર્ષોમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ સમગ્ર જિલ્લામાં બે લાખ શૌચાલય બનાવવામાં આવ્યાં. આ યાત્રાના એક રસ્તા પર 500 અને બીજા પર 700થી વધુ સાર્વજનિક શૌચાલયો બનાવામાં આવ્યાં છે પરંતુ શ્રદ્ધાળુઓની સંખ્યાને જોતાં તે પૂરતા નથી. આ વર્ષે શ્રદ્ધાળુઓની સંખ્યા 10 લાખને પાર થઈ ગઈ હતી. પરંતુ આ વર્ષે ગામના પ્રયાસોને પરિણામે શ્રદ્ધાળુઓની સમસ્યા ઘટી ગઈ. જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી સૂરજ માંઢરેની અપીલ પર આ બધું જ શક્ય બની શક્યું. તેમણે ગામના લોકોને અપીલ કરી કે, તેઓ તીર્થયાત્રાળુઓને મહેમાન સમજે અને તેમની યાત્રામાં સહયોગ આપીને પુણ્ય કમાય. આ સુવિધા પૂરી પાડવા માટે જે કોઈ પણ ઘર તૈયાર હોય તે નિશાની તરીકે ધાબા પર સફેદ રંગનો ઝંડો લગાવે. તેનાથી તીર્થયાત્રાળુઓને સમજવામાં સરળતા રહેશે. જિલ્લા પરિષદની આ અપીલને સમાચારપત્ર, પોસ્ટર તેમજ બ્લોક સ્તરના અધિકારીઓ, શિક્ષક, ગ્રામસેવકોના માધ્યમથી લોકો સુધી પહોંચાડવામાં આવી. સૂરજ માંઢરે જણાવે છે કે, લોકોએ આ અપીલનું સહર્ષ સ્વાગત કર્યું. સૌની અપેક્ષાથી વિશેષ, લોકોએ પોતાના ઘરના શૌચાલય તીર્થયાત્રાળુઓ માટે ખોલી આપ્યાં. તેના પરિણામે ગરીબ લોકોએ પણ પોતાના શૌચાલયના દરવાજા તીર્થયાત્રાળુઓ માટે ખોલી આપ્યાં. આ પહેલ અને અપીલનું સ્વાગત ગ્રામ પંચાયતે પણ કર્યું અને ઘણાં ગામડાંઓમાં તેને લાગુ કરવાનો પ્રસ્તાવ પણ પાસ કરી દેવામાં આવ્યો. સરકારી પ્રયાસોની સાથે-સાથે સામાન્ય જનતાની મદદથી આ અભિયાન સફળતાપૂર્વક પાર પડ્યું. જિલ્લા પરિષદે આ શોભાયાત્રાના માર્ગમાં જનસુવિધાની સાથે પીવાના પાણી અને તબીબી સુવિધાઓની પણ વ્યવસ્થા કરી. જિલ્લા પરિષદે મોટરસાઇકલ દ્વારા તબીબી સુવિધાઓ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી અને 24 કલાક ચાલુ રહેનારો કન્ટ્રોલ રૂમ પણ બનાવ્યો હતો. ♦

# સોનભદ્રએ લીધો સ્વચ્છતાનો સંકલ્પ, એક મહિનામાં 50 હજાર શૌચાલયોનું કર્યું નિર્માણ



**'અબકી બરસાત ઇજ્જત ઘર કે સાથ'**, એક એવું અભિયાન જેણે સોનભદ્ર જિલ્લાને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ) બનાવી દીધું. આ અભિયાનમાં સોનભદ્રનું દરેક ઘર જોડાયું અને એક મહિનાની અંદર 50 હજાર શૌચાલય બનાવવાનું લક્ષ્ય પૂર્ણ થઈ ગયું. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલયોનાં બાંધકામનું કામ 5 જૂન 2018થી શરૂ કરવામાં આવ્યું. 5 જુલાઈનાં રોજ આ અભિયાન પૂર્ણ કરી લેવામાં આવ્યું. આ જિલ્લાના મૉડલ પર સમગ્ર પ્રદેશમાં આ જ પ્રકારનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

સોનભદ્રના મુખ્ય વિકાસ અધિકારી, સુનિલકુમાર વર્મા જણાવે છે કે, સોનભદ્ર ઉત્તર પ્રદેશનો બીજો સૌથી મોટો જિલ્લો છે, જેમાં આદિવાસી અને ગરીબ લોકોની સંખ્યા વધુ છે. ખાસ વાત એ છે કે, આ ક્ષેત્રના લોકોના સંકલ્પને પગલે જિલ્લો જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત થઈ શક્યો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં અહીંયા દોઢ લાખ શૌચાલયનું નિર્માણ થઈ ચૂક્યું છે. આ જ કારણસર અહીં સ્વચ્છતાની ટકાવારી 33થી વધીને 70 ટકા જેટલી થઈ ગઈ છે.

આ ક્ષેત્રમાં 1349 ગામ છે, જેમાંથી ફક્ત 342 ગામની જ મહેસૂલી આવક પ્રાપ્ત થાય છે. જાગૃતિના અભાવે સોનભદ્રના લોકો જાહેરમાં હાજતે જતાં હતાં. તેના કારણે મહિલાઓએ ખાસી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વરસાદમાં લોકોને સાંપ કરડી જવાની પણ બીક લાગતી હતી. લોકોના ઘરમાં શૌચાલયો નહીં હોવા એ સ્વચ્છતા આડેનો સૌથી મોટો અવરોધ હતો. આ તરફ લોકોનું ધ્યાન દોરવાયું અને સરકારી પ્રયાસોને કારણે જિલ્લાના તમામ ગામ આજે ઓડીએફ છે.

## અભિયાન શરૂ કેવી રીતે થયું?

આટલા ઓછા સમયમાં 50 હજાર શૌચાલયો બનાવવાનું લક્ષ્ય ઘણું પડકારજનક હતું. પરંતુ વહીવટીતંત્રની મદદથી અહીંયા સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી. સફળતા સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટીતંત્રે સ્વયં સહાય જૂથ, આંગણવાડી કાર્યકર્તાઓ, તબીબી કર્મચારીઓની મદદ લીધી. શૌચાલયોના નિર્માણકાર્યમાં સૌથી મોટો અવરોધ પાણીની અછત હતી પરંતુ

તેનો પણ ઉપાય કાઢીને આ અભિયાનની શરૂઆત કરવામાં આવી. કામ વરસાદ પહેલાં પૂરું કરવાનું હોવાથી તેના માટે સૌપ્રથમ તો પૂરેપૂરી યોજના બનાવવામાં આવી.

### અભિયાનની વ્યૂહરચના

રાજ્યનાં આટલાં મોટા જિલ્લામાં એક મહિનાની અંદર જ 50 હજાર શૌચાલયોનું નિર્માણકાર્ય કરવા માટે જિલ્લામાં એક લાખ ખાડાઓ ખોદવા પડે તેમ હતાં. નિશ્ચિત સમયમર્યાદામાં કામ પૂરું કરવા માટે સૌપ્રથમ તમામ લાભાર્થીઓને સ્વીકૃતિપત્ર આપવામાં આવ્યાં, જેથી વહીવટીતંત્રની આ યોજના અંગે લોકોનો ભરોસો જળવાઈ રહે. તેની સાથે સ્વચ્છતા શપથ અપાવવામાં આવી. જન પ્રતિનિધિઓએ સ્વચ્છ મોનસૂન ચૌપાલ લગાવ્યાં. આ અભિયાનમાં ધાર્મિક સમુહ ''શિવ ચર્ચા''એ પણ પોતાની ભૂમિકા ભજવી. કામ સમયસર પૂર્ણ થઈ જાય તે માટે સરકારી કર્મચારીઓ અને સ્થાનિક લોકોએ શ્રમદાન પણ કર્યું. અભિયાનમાં ઉત્કૃષ્ટ કામ કરનારાને સન્માનિત પણ કરવામાં આવ્યાં. આ અભિયાનનું નિરીક્ષણ ગ્રામ પંચાયત અને જિલ્લા અધિકારીઓએ કર્યું.

### સોશિયલ મીડિયાની મહત્ત્વની ભૂમિકા

આ અભિયાનને વેગવંતુ બનાવવા માટે સોશિયલ મીડિયાનો આશરો લેવામાં આવ્યો. ટ્વિટર અને ફેસબુકના માધ્યમથી લોકોને જાગૃત કરવામાં આવ્યાં. દિવાલો પર વૉલ પેઇન્ટિંગ્સ બનાવવામાં આવ્યાં. પોસ્ટર અને બેનર લગાવવામાં આવ્યાં. રથયાત્રા, શેરી નાટક, હાસ્ય નાટક અને સ્વચ્છતા દીદીની સાથે-સાથે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું. બાળકોએ પણ આ કામમાં મોટેરાંઓની મદદ કરી. આ અભિયાનને વધુ પ્રભાવશાળી બનાવવા માટે તેને વિશ્વ યોગ દિવસ અને વિશ્વ પર્યાવરણ દિવસ સાથે જોડવામાં આવ્યું. લોકોને સ્વચ્છતા શપથ અપાવવામાં આવી. સ્વચ્છતા, શિક્ષણ અને સ્વાસ્થ્યના મહત્ત્વને સમજાવવા માટે બાલ સ્વચ્છતા સેનાની રચના કરવામાં આવી.♦

# સરકારી પ્રયાસોએ સિક્કીમને અપાવ્યો સ્વચ્છ રાજ્યનો દરજ્જો



સરકારની ઇચ્છાશક્તિ હોય તો, સઘળું શક્ય બની જાય છે. તેનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે સિક્કીમ. સિક્કીમ સરકારના પ્રયાસોને પગલે રાજ્યને ફક્ત ત્રણ વર્ષમાં જ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ)નો દરજ્જો મળી ગયો. 27 મે, 2016ના રોજ સિક્કીમને ઓડીએફનો દરજ્જો પ્રાપ્ત થયો અને તે દેશનું સર્વપ્રથમ સ્વચ્છ રાજ્ય બની ગયું. આ દરજ્જાને જાળવી રાખવા માટે રાજ્ય સરકાર હજુ પણ પ્રયાસરત છે. નિતનવા પગલાંથી લોકોનું જીવન વધુ સારું બનાવવાની દિશામાં કામ થઈ રહ્યું છે.

### સ્વચ્છતાનું મૉડલ

રાજ્યને સાફ રાખવાની દિશામાં સિક્કીમ સરકારે ઘણાં આકરા અને ઉત્તમ પગલાં લીધાં, જે સાર્થક સાબિત થયાં છે. સિક્કીમ પંચાયત એક્ટ 2005માં સુધારો કરવામાં આવ્યો, જેના હેઠળ તમામ ઘરોમાં શૌચાલયોનું નિર્માણ કરાવવાનું અનિવાર્ય બનાવી દેવામાં આવ્યું. આ અંગે સરકારે અધિસૂચના જાહેર કરી લોકોને અપીલ કરી કે, તેમાં સરકારને સહયોગ આપે. સરકારી યોજનાઓનો લાભ પણ એવા જ લોકો માટે સુનિશ્ચિત કરવામાં આવ્યો, જેમણે ઘરમાં શૌચાલય બનાવ્યું હોય. આ સંબંધે ગ્રામવિકાસ અધિકારીની પણ ભૂમિકા નક્કી કરવામાં આવી. તેમને ઘરોનું નિરીક્ષણ કરી સર્ટિફિકેટ જારી કરવાનું કામ સોંપવામાં આવ્યું. આવા પ્રમાણપત્રની મદદથી જ લોકોને પેન્શનસ્કીમ, સ્કૉલરશિપ જેવી સરકારી સુવિધાઓનો લાભ આપવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું. પ્રમાણપત્ર મેળવવાનું અનિવાર્ય બનાવી દેવામાં આવ્યું હોવાથી લોકોએ પોતાના ઘરોમાં શૌચાલય બનાવ્યાં અને તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

તેની સાથે રાજ્ય સરકારે પર્યાવરણને સાફ રાખવા માટે કચરાંના નિકાલનાં પણ ઉપાયો પ્રયોજ્યાં. પ્લાસ્ટિક અને સ્ટાયરોફોમથી બનેલાં ડિસ્પોઝેબલ

સામાનના નુકસાનને ધ્યાનમાં લેતાં તેના વેચાણ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. સિક્કીમમાં હવે સ્ટાયરોફોમથી બનેલી ચીજવસ્તુઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આ અંગે 19 મે, 2016ના રોજ એક અધિસૂચના પણ જાહેર કરવામાં આવી છે. એટલું જ નહીં, સરકારી કચેરીઓમાં પણ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકની પાણીની બોટલોના ઉપયોગ પણ બંધ કરાવી દેવામાં આવ્યો. સરકારી કચેરીઓ માટે વહીવટીતંત્રે અધિસૂચના જારી કરી બેઠકો અને કાર્યક્રમોમાં પ્લાસ્ટિકની પાણીની બોટલને બદલે ફિલ્ટર પાણીનો ઉપયોગ કરવાનું સૂચન આપવામાં આવ્યું. પ્લાસ્ટિકના કચરાંથી પેદા થતી સમસ્યાઓને જોતાં આ આવશ્યક ઉપાયો પ્રયોજવામાં આવ્યાં. સ્વચ્છતાનો વિષય રાજ્ય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. આથી સિક્કીમ સરકારે આ દિશામાં પ્રયાસો નિયમિતપણે ચાલુ રાખ્યાં છે. જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત રાજ્યનો દરજ્જો જાળવી રાખવા માટે સતત નવા પગલાં લેવામાં આવ્યાં. ગ્રામ્યસ્તરે નિરીક્ષણ સમિતિઓ બનાવવામાં આવી. આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો, જેમાં સ્થાનિક વહીવટીતંત્રની જવાબદારી નક્કી કરવામાં આવી. સફાઇવ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક જનપ્રતિનિધિઓ અને અધિકારીઓનો સહયોગ લેવામાં આવ્યો. સાર્વજનિક સ્થળોએ કચરો ફેલાવનારા લોકો પાસેથી દંડ વસૂલવાના નિયમને પણ કડકાઇપૂર્વક લાગૂ કરવામાં આવ્યો.♦

### પ્રભાવ

**ગ્રામ્યસ્તરે નિરીક્ષણ સમિતિઓ બનાવવામાં આવી. આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો, જેમાં સ્થાનિક વહીવટીતંત્રની જવાબદારી નક્કી કરવામાં આવી. સફાઇવ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક જનપ્રતિનિધિઓ અને અધિકારીઓનો સહયોગ લેવામાં આવ્યો. સાર્વજનિક સ્થળોએ કચરો ફેલાવનારા લોકો પર દંડ વસૂલવાના નિયમને પણ કડકાઇપૂર્વક લાગૂ કરવામાં આવ્યો.**

# કેરળના કુન્નૂરમાં ગોબરધન યોજનાથી બની રહ્યો છે બાયોગેસ પ્લાન્ટ



કેરળ દેશનું પહેલું એવું રાજ્ય છે, જ્યાં ગોબરધન યોજના હેઠળ બાયોગેસ બનાવવાનું કામ શરૂ થયું છે. કુન્નૂર જિલ્લામાં ગોબરધન યોજના હેઠળ પહેલો બાયોગેસ પ્લાન્ટ બનાવવાનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. કુન્નૂર જિલ્લાના પપ્પીનેસ્સરી ગામમાં બનાવવામાં આવી રહેલાં તૂરુથી વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ગામના કચરાંનો નિકાલ પણ થશે. ગોબરધન યોજનાથી ગામને ઇંધણ પ્રાપ્ત થવાની સાથે-સાથે ગામ સ્વચ્છ પણ રહેશે.

આ પ્લાન્ટ સ્થપાવાથી ગામના કચરાં અને ખેતરોનાં ઘન અપશિષ્ટ પદાર્થોને કમ્પોસ્ટ, બાયો-ગેસ અને બાયો-સીએનજીમાં પરિવર્તિત કરવામાં આવશે. તેનાથી ગામનાં તમામ લોકોને ફાયદો થશે. મહિલાઓને રસોઈ માટે ઓછી કિંમતે ઇંધણ મળશે, ખેડૂતોને ખાતર મળશે અને યુવાનોને રોજગારીની તકો પ્રાપ્ત થશે.

ગોબરધન (ગેલ્વેનાઇઝિંગ ઓર્ગેનિક બાયો એગ્રો રિસોર્સ ધન) યોજના હેઠળ બનાવવામાં આવી રહેલાં

આ પ્લાન્ટમાં દરરોજ 1000 કિલોગ્રામ બાયો કચરાંને ખપાવી શકાય છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં આ પ્લાન્ટની ટેક્નોલોજીને તૈયાર કરવામાં આવી છે. આ પ્લાન્ટમાંથી આશરે 25 ઘન મીટર ગેસ દરરોજ તૈયાર થશે.

કેરળના સુચિત્વા મિશનનાં પ્રવાહી કચરાંનાં વ્યવસ્થાપનનાં પ્રબંધ નિદેશક એલપી છિતર મુજબ, સુચિત્વા મિશન હેઠળ કેરળની દરેક ગ્રામ પંચાયતને આ સંબંધે પરિયોજના તૈયાર કરવાની આઝાદી આપવામાં આવી છે. આ પ્રક્રિયા હેઠળ યોજનાને ટેકનિકલરૂપે તપાસવામાં આવે છે. ટેકનિકલ મંજૂરી બાદ માન્ય રજિસ્ટ્રેશન એજન્સીને કામ સોંપવામાં આવે છે. ગ્રામ પંચાયતના સ્તરે કેન્દ્ર સ્થાપિત છે, જેના વ્યવસ્થાપન માટે 2-3 પ્રશિક્ષિત લોકોને રાખવાની યોજના છે. ગોબરધન યોજના ગ્રામ્ય લોકોને ખાસ કરીને, મહિલાઓને લાભદાયી નિવડશે. ગામ સ્વચ્છ બની શકશે. તેનાથી ગ્રામ પંચાયતની આવકના સંસાધનોમાં પણ વધારો થશે. પંચાયત સ્તરે સ્થાપવામાં આવેલાં બાયોગેસમાંથી બનનારા બાયો ઇંધણ, ખાતરના વેચાણથી આવક પણ થશે, જેનાથી વિકાસના અન્ય કાર્યો થઈ શકશે. આ પ્રકારે લોકો પણ આ યોજનાનો લાભ લઈ શકે છે. ♦

# જિંગલ બનાવીને લોકોને કર્યા જાગૃત, ડોરબેલમાં લગાવી સ્વચ્છતાની ધૂન




**પ્રભાવ**

**કલીગે નામના ગામના દરેક ઘરમાં તેને લગાવવામાં આવ્યો. સીઇઓ રવિ જણાવે છે કે, કૉલિંગ બેલથી સ્વચ્છતાના મહત્ત્વને વારંવાર જણાવી શકાય છે, જેને લોકો પણ નજરઅંદાજ કરી શકતા નથી. દક્ષિણ કન્નડ અને ઉડીપીનો સમાવેશ દેશના એવા 46 જિલ્લાઓમાં થાય છે, જેમને સ્વચ્છતા દર્પણનું સન્માન પ્રાપ્ત છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ 20 સપ્ટેમ્બર, 2016ના રોજ આ જિલ્લાને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ) જાહેર કરવામાં આવ્યો.**

કર્ણાટકનાં દક્ષિણ કન્નડ જિલ્લાની પંચાયતે હાથ ધરેલી પહેલની ચર્ચા ચારેકોર થઈ રહી છે. સ્વચ્છતા સંબંધિત તે અનોખી પહેલ છે. આ પહેલે સ્વચ્છતા પ્રત્યે લોકોને જાગૃત કર્યા છે. અન્યોને પ્રેરિત કરવા માટે લોકોએ પોતાના ઘરમાં સ્વચ્છતાની ટ્યૂન ધરાવતાં ડોરબેલ લગાવવાની પહેલ કરી છે. ડોરબેલની સ્વચ્છતા ટ્યૂનમાં જાહેરમાં હાજતે જવા, પ્લાસ્ટિકના ઉપયોગ, કચરાંના વ્યવસ્થાપન જેવી સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આ પહેલની અસર હવે આ ક્ષેત્રમાં દેખાવા લાગી છે. આ જિલ્લો હવે જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ) બની ગયો છે. વાસ્તવમાં આ પહેલની શરૂઆત ગ્રામ પંચાયતના મુખ્ય અધિકારી ડૉ. એમ. આર. રવિએ કરી હતી. એમ. આર. રવિએ કન્નડ ભાષામાં કવિતા લખી. આ કવિતાથી સ્વચ્છતાનો સંદેશ આપનારું જિંગલ તૈયાર કરવામાં આવ્યું. ત્રીસ સેકન્ડના આ જિંગલને સયાદરી એન્જિનિયરિંગ કૉલેજ તેમજ પ્રબંધન કૉલેજના વિદ્યાર્થીઓએ ડોરબેલમાં લગાવ્યું અને લોકોમાં વહેંચ્યું. આ પ્રકારનો સ્વચ્છ કૉલ બેલ સૌથી પહેલાં જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારીએ પોતાની કચેરીમાં લગાવ્યો. કચેરીમાં આવનારા લોકો પર જિંગલના સંદેશનો પ્રભાવ પડવા લાગ્યો. તેના સારા પરિણામોને જોતાં કલીગે નામના ગામના દરેક ઘરમાં તેને લગાવવામાં આવ્યો. સીઇઓ રવિ જણાવે છે કે, કૉલિંગ બેલથી સ્વચ્છતાના મહત્ત્વને વારંવાર જણાવી શકાય છે, જેને લોકો પણ નજરઅંદાજ કરી શકતા નથી. દક્ષિણ કન્નડ અને ઉડીપીનો સમાવેશ દેશના એવા 46 જિલ્લાઓમાં થાય છે, જેમને સ્વચ્છતા દર્પણનું સન્માન પ્રાપ્ત છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ 20 સપ્ટેમ્બર, 2016ના રોજ આ જિલ્લાને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ) જાહેર કરવામાં આવ્યો. એમ. આર. રવિ જણાવે છે કે, કૉલિંગ બેલના માધ્યમથી સંદેશને યોગ્ય રીતે ફેલાવી શકાય છે. અમે આગામી પેઢીમાં સાચા મૂલ્યો અને ટેવોને પ્રત્યારોપિત કરવા માંગીએ છીએ, જેનાથી સાફ-સફાઈ તેમની જિંદગી અને સંસ્કૃતિનો એક મહત્ત્વનો હિસ્સો બની જાય.

જ્યાં સુધી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નો સવાલ છે, 2000 શાળાના 3.2 લાખ બાળકો સ્વચ્છતા દિવસ ઉજવે છે. દર શનિવારે દરેક ધોરણમાં 'સ્વચ્છતા' વિષય પર શિક્ષણ આપવામાં આવે છે. 'સ્વચ્છ શનિવાર' જાણે સ્વચ્છતાનું પ્રતીક બની ગયો છે. શાળાઓની એસેમ્બલીમાં સ્વચ્છતા અંગે વિશેષ કાર્યક્રમની સાથે શ્રમદાનનો

કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. આવનારા સમયમાં આ કૉલિંગ બેલને આંગણવાડી કેન્દ્રોમાં પણ લગાવવાની યોજના છે. આવા કેન્દ્રોમાં દરરોજની 30 હજાર માતાઓ આવે છે. વર્તમાન સમયમાં 2104 આંગણવાડી સેન્ટર છે, જે 1600થી વધુ ગામડાંઓમાં આવેલાં છે. અહીંયાના અનેક ગામ હાઇવે પર આવેલાં છે, તેના કારણે લોકો હાઇવે પર કચરો નાંખી દેતાં હતાં. આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે વહીવટીતંત્રે ટાસ્ક ફોર્સની રચના કરી છે, જેઓ તેમને દંડ ફટકારશે. સ્વચ્છતાના ગીતને આ લિંક પર સાંભળી શકાય છે. લિંક ખોલો: https://drive.google.com/file/d/1quA1TE_y09wuo3YK45u-Kj2z1ERAZXxN/view?usp=sharing ♦

# ‘પલ્લે સુદલૂ’ લોકકળાથી બદલાઈ ગામનાં લોકોની ટેવો



લોકકળાઓ એ અભિવ્યક્તિનું માધ્યમ છે. લોકકળાઓ હવે પરિવર્તનનું પણ સશક્ત માધ્યમ સાબિત થઈ રહી છે. આ લોકકળાઓ જ લોકોને પરસ્પર જોડે છે. લોકોની વચ્ચે તેના પ્રભાવને જોતાં તેલંગણાના વનાપર્થી જિલ્લાની અધિકારી શ્વેતા મોહંતીએ તેને સમાજમાં પરિવર્તન લાવવાનું માધ્યમ બનાવી દીધું. ‘પલ્લે સુદલૂ’ નામની લોકકળાને જનજાગૃતિનું માધ્યમ બનાવવામાં આવી અને જિલ્લામાં સ્વચ્છતા અભિયાનથી કલાકારોને જોડવામાં આવ્યાં. ‘પલ્લે સુદલૂ’ તેલંગણાની એક લોકકળા છે, જેમાં 5-7 કલાકાર વાદ્યયંત્રોની ધૂનો પર ગાઇને લોકોને રોચક વાર્તાઓ સંભળાવે છે. સમકાલિન વિષયો પર ગૂંથવામાં આવેલી વાર્તાઓને રસપ્રદ રીતે સંભળાવવામાં આવે છે. આ વાર્તાઓ હાસ્યરસથી ભરપૂર હોય છે. લોકો તેને ધ્યાનપૂર્વક સાંભળે છે. આ પરંપરા વર્ષો જૂની હોવાથી લોકો તેની સાથે ભાવનાત્મક રીતે પણ જોડાયેલાં છે.

જિલ્લા અધિકારીએ આ લોકકળાના પ્રભાવને જોતાં તેના માધ્યમથી લોકો સુધી પોતાનો સંદેશ પહોંચાડવાનું શરૂ કર્યું. લોકોને જાહેરમાં હાજતે જવાના નુકસાન અંગે જણાવવામાં આવ્યું. વર્ષોથી ચાલી આવેલી કુટેવોને બદલવા માટે લોકોને પ્રેરિત કરવામાં આવ્યાં. ખાસ કરીને વૃદ્ધોને કે જેઓ પોતાની પરંપરાઓ અને સંસ્કૃતિથી સાથે નિકટતાપૂર્વક જોડાયેલાં હતાં, તેઓ પણ જાગૃત થયાં અને પોતાના ઘરોમાં શૌચાલય બનાવવા માટે સંમત થઈ ગયાં. જિલ્લાની તમામ પંચાયતોમાં દરરોજ ‘પલ્લૂ સુદલૂ’નો એક કાર્યક્રમ યોજવામાં આવે છે. વાર્તાઓમાં સ્વચ્છતાના સંદેશનો સમાવેશ કરવામાં આવે છે. જિલ્લા અધિકારી ભારતકુમાર જણાવે છે કે, કળાકારો ગામના લોકોની ભાવનાને જ વ્યક્ત કરે છે. આથી વાત લોકોને હૃદય સોંસરવી ઉતરી જાય છે. કળાકારો લોકોની સમસ્યાને સંવાદમાં સમાવે છે. તેનાં ઉકેલ જણાવે છે. ગામના સામાન્ય માણસ બનીને લોકો સાથે વાત કરે છે. આ કાર્યક્રમથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ને સફળતા પ્રાપ્ત થઈ. 2 જૂન, 2018ના રોજ તેલંગણાના સ્થાપનાદિનના પ્રસંગે 50 ગામ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર કરવામાં આવ્યાં. આ અભિયાનને આગળ ચાલુ રાખવા માટે ગ્રામ પંચાયતોએ નિરીક્ષણ સમિતિની રચના કરી છે, જેમાં ગામના જ લોકોને સભ્યો બનાવવામાં આવ્યાં છે. આ સમિતિ દરરોજ પોતાનું કામ કરે છે અને જાહેરમાં હાજતે જનારા લોકોને સમજાવે છે. ♦

### પ્રભાવ

**જિલ્લા અધિકારીએ આ લોકકળાના પ્રભાવને જોતાં તેના માધ્યમથી લોકો સુધી પોતાનો સંદેશ પહોંચાડવાનું શરૂ કર્યું. લોકોને જાહેરમાં હાજતે જવાના નુકસાન અંગે જણાવવામાં આવ્યું. વર્ષોથી ચાલી આવેલી કુટેવોને બદલવા માટે લોકોને પ્રેરિત કરવામાં આવ્યાં.**

# શું તમે જાણો છો?

**ગટરનાં ગંદા પાણી તેમજ મળયુક્ત ગારાના વ્યવસ્થાપન માટે અનેક ટેકનિક ઉપયોગમાં લેવામાં આવે છે–**



## મળયુક્ત ગારામાંથી ખાતર બનાવવાની પ્રક્રિયા (કમ્પોસ્ટિંગ)

મળયુક્ત ગારાનાં વ્યવસ્થાપનમાં કમ્પોસ્ટિંગની મહત્વની ભૂમિકા હોય છે. આ ખાતર બનાવવાની પ્રક્રિયા છે, જેમાં જીવાણુંઓની મદદથી કચરાંને સડાવવામાં આવે છે. આ પ્રક્રિયાથી તૈયાર થયેલાં જૈવિક ખાતરનો ઉપયોગ ખેતરમાં કરવામાં આવે છે.

## ગંદા પાણીને શુદ્ધ કરવાનું તળાવ

આ ટેકનિકમાં ઘણાં નાના-મોટા તળાવોની જરૂર હોય છે. તમામ તળાવો એકબીજા સાથે જોડાયેલાં હોય છે. દરેક સ્તરે જ્યારે પણ જરૂર પડે ત્યારે કચરાંને ગાળવાની પ્રક્રિયા ચાલુ રહે છે. આથી જ્યાં પણ જમીન ઉપલબ્ધ હોય છે ત્યાં તેને સફળતાપૂર્વક ઓછા ખર્ચે બનાવી શકાય છે.

## ઊંડા ખાડા તૈયાર કરી મળયુક્ત ગારાનો નિકાલ

આ પ્રક્રિયામાં કચરાં અને મળયુક્ત ગારાના નિકાલ માટે તેને ઊંડા ખાડામાં નાંખવામાં આવે છે. આ ખાડાને ફરીથી માટીથી ભરી દેવામાં આવે છે. તેની પર છોડ-ઝાડ રોપવામાં આવે છે. મળના નિકાલની આ પ્રક્રિયામાં જમીનની જરૂર પડે છે. આથી જ્યાં જમીન ઉપલબ્ધ હોય ત્યાં તેને સફળતાપૂર્વક ઓછા ખર્ચે કરી શકાય છે.

## ખાડાઓમાં મળયુક્ત ગારાનું વ્યવસ્થાપન

ભારતમાં આ પ્રકારની વ્યવસ્થાપન પ્રણાલી ખૂબ જૂની છે. અમેરિકામાં પણ 80ના દાયકા સુધી આ જ ટેકનોલોજીનો ઉપયોગ થતો હતો. દક્ષિણ આફ્રિકા અને મલેશિયા હાલમાં પણ આ જ ટેકનિકથી મળયુક્ત ગારાનું વ્યવસ્થાપન કરે છે. તેના માટે ઊંડા ખાડા અને છીછરા ખાડાની જરૂર પડે છે. ખાડાની આસપાસ વૃક્ષો-છોડ રોપવામાં આવે છે.

## મળયુક્ત ગારાના વ્યવસ્થાપન માટેનો પ્લાન્ટ (એફએસટીપી)

સીવેજ પ્લાન્ટમાં ઘણાં ટેકનિક મોડ્યૂલનો સમાવેશ કરવામાં આવે છે. તેમાંથી એક સેપ્ટિક ટેંક, રીએક્ટર તેમજ ફિલ્ટર, દલદલવાળી જમીન, મળયુક્ત ગારાને પાણીમાં અલગ કરવાની પ્રણાલી, બાયોગેસ પ્લાન્ટ તેમજ ખાતર બનાવવાના સ્થળની જરૂરત હોય છે.

## ગોબરધન યોજના શું છે?

ગોબર (ગેલ્વેનાઇઝિંગ ઓર્ગેનિક બાયો એગ્રો રિસોર્સ) ધન યોજના સ્વચ્છતા તેમજ પેયજળ મંત્રાલયે 30 એપ્રિલ, 2018ના રોજ શરૂ કરી હતી. આ યોજના હેઠળ છાણ અને ખેતરોના ઘન અપશિષ્ટ પદાર્થોને કમ્પોસ્ટ, બાયોગેસ અને બાયો-સીએનજીમાં પરિવર્તિત કરવાનું કામ શરૂ થઈ ચૂક્યું છે. તેનાથી ગામડાંઓમાં છાણમાંથી વીજળી બનાવીને ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવાની સાથે-સાથે રોજગારીની નવી તકો પણ પૂરી પાડવામાં આવી રહી છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના બે મુખ્ય પાસાંઓ છે, જેમાં ગામને સ્વચ્છ રાખવાનું અને તેને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત કરવાની સાથે મળયુક્ત ગારાના વ્યવસ્થાપનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દેશના ગામડાંઓ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત થઈ રહ્યાં છે, જેના પરિણામે મળયુક્ત ગારાના વ્યવસ્થાપનની દિશામાં કામ થઈ રહ્યું છે. ગામડાંઓને જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત કરવાની સાથે-સાથે હવે બીજા તબક્કામાં ગારાના વ્યવસ્થાપન માટે નક્કર પગલાં લેવામાં આવી રહ્યાં છે. ગારાના વ્યવસ્થાપનમાં ગોબરધન યોજના કારગર સાબિત થઈ રહી છે. વર્તમાન નાણાકીય વર્ષમાં દેશના વિવિધ રાજ્યોમાં 700 બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ♦





# નિર્મળ ગંગા માટે ગામના લોકોએ કાઢી સ્વચ્છતા કળશયાત્રા

## રમતાં-રમતાં ગંગાની સફાઈ કરવાનો ઉપાય અજમાવ્યો



લોકોના સામુહિક પ્રયાસથી હંમેશા હકારાત્મક પરિવર્તન આવે છે. સમાજના લોકોને તેનો લાભ પણ મળે છે. ઝારખંડના સાહેબગંજ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અભિયાન હેઠળ આવું જ હકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે. જિલ્લામાં લોકોને સ્વચ્છતા અભિયાન સાથે સાંકળવા માટે સ્વચ્છતા ફૂટબોલ સ્પર્ધા, સ્વચ્છતા કળશયાત્રા, ગંગા આરતીની શરૂઆત કરવામાં આવી હતી. આ સાથે જ 30 મેથી 5 જૂન દરમિયાન વિશ્વ પર્યાવરણ સપ્તાહની પણ ઉજવણી કરવામાં આવી. આ તમામ કાર્યક્રમોમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ગંગાને સાફ કરવા અને તેને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે લોકોએ શ્રમદાન પણ આપ્યું. સ્વચ્છતા અભિયાનમાં લોકોની સહભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી. જિલ્લામાં પ્રત્યેક દિવસનો પ્રારંભ સ્વચ્છતા ભજનથી થાય છે, જેના પછી લોકો થોડા કલાક ગંગા નદીના કિનારે પ્લાસ્ટિક, કચરાંને એકઠાં કરે છે, નદીનાં કિનારે વૃક્ષારોપણ કરે છે અને સાંજે ગંગા આરતી કરે છે. ગંગા આરતી અને ભજનથી ગામના લોકો ઉત્સાહિત થઇને આ કાર્યક્રમોમાં ભાગ લે છે. યુવાનોને જાગૃતિ કાર્યક્રમો સાથે સાંકળવા માટે રમત-ગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. સાહેબગંજની પહેલથી ગામે-ગામે સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવી ગઈ છે. સાહેબગંજમાં સ્વચ્છતા મિશન હેઠળ લેવામાં આવેલાં કેટલાક પગલાં-

### પ્રભાવ

**સ્વચ્છતા અભિયાનમાં લોકોની સહભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી. જિલ્લામાં પ્રત્યેક દિવસનો પ્રારંભ સ્વચ્છતા ભજનથી થાય છે, જેના પછી લોકો થોડા કલાક ગંગા નદીના કિનારે પ્લાસ્ટિક, કચરાંને એકઠાં કરે છે, નદીનાં કિનારે વૃક્ષારોપણ કરે છે અને સાંજે ગંગા આરતી કરે છે. ગંગા આરતી અને ભજનથી ગામનાં લોકો ઉત્સાહિત થઇને આ કાર્યક્રમોમાં ભાગ લે છે. યુવાનોને જાગૃતિ કાર્યક્રમો સાથે સાંકળવા માટે રમત-ગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે.**

**સ્વચ્છતા કળશયાત્રા**- આ કળશયાત્રામાં ગામની સ્ત્રીઓ રંગબેરંગી પરિધાન પહેરી માથા પર ગંગાના પાણી ભરેલાં કળશ લઇને નીકળે છે. આ યાત્રા દરમિયાન તેઓ લોકોને શૌચાલયોના મહત્ત્વના વખાણ કરે છે. આ યાત્રા ગંગા આરતી સાથે પૂરી થાય છે. મહિલાઓની પહેલથી લોકો ગંગા નદીને સાફ રાખવા પ્રત્યે જાગૃત થયાં છે.

**સ્વચ્છતા ફૂટબૉલ સ્પર્ધા**- સાહેબગંજના તમામ બ્લોકમાં સ્વચ્છતા ફૂટબોલ સ્પર્ધામાં યુવાનોને સાંકળવામાં આવે છે. તેમાં ગામની રમતોનો પણ સમાવેશ કરવામાં આવે છે. યુવાનોને આ રમત-ગમત સાથે સાંકળવા માટે પટના બ્લોકે પહેલ કરી આ રમતગમત સ્પર્ધાઓનું આયોજન શરૂ કર્યું. ♦





# કાંચીપુરમએ રજૂ કર્યું ઉદાહરણ, નકામા પડેલાં 8326 શૌચાલયોને ઉપયોગ લાયક બનાવ્યાં

રેશમી સાડીઓ માટે જાણીતું શહેર કાંચીપુરમ હવે સ્વચ્છ શહેરોમાં પણ સામેલ થઈ ગયું છે. વહીવટીતંત્ર અને લોકોનાં પ્રયાસોનાં પગલે કાંચીપુરમ હવે જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત (ઓડીએફ) શહેર બની ગયું છે. 27 ફેબ્રુઆરી, 2018ના રોજ કાંચીપુરમને આ દરજ્જો પ્રાપ્ત થયો છે. આ દરજ્જો મેળવવા માટે વહીવટીતંત્રે પહેલેથી બેકાર પડેલાં શૌચાલયોનું સમારકામ કરવાનું બીડું ઝડપ્યું. આ પ્રકારે જિલ્લાના 8326 શૌચાલયોને ઉપયોગ કરવા લાયક બનાવવામાં આવ્યાં.

છેલ્લાં કેટલાક મહિનાઓમાં 8326 શૌચાલયોને ઉપયોગ કરવા લાયક બનાવી દેવામાં આવ્યાં છે. વર્ષ 2012માં કાંચીપુરમમાં એક સરવે હાથ ધરવામાં આવ્યો હતો. આ સરવેમાંથી જાણવા મળ્યું કે, જિલ્લાનાં તમામ બ્લોકમાં 8326 શૌચાલયોનો તો ઉપયોગ જ થઈ રહ્યો નથી. તેમાંથી આશરે સાડા ત્રણ હજાર તો ઉપયોગ કરવા લાયક જ નહોતા. આ સંખ્યાની પુષ્ટી કરવા માટે જિલ્લા અધિકારીએ 8326 શૌચાલયોનો ફરીથી સરવે કરવામાં આવ્યો અને અગાઉ થયેલો સરવે સાચો ઠર્યો. તેમાંથી 5000 શૌચાલયોની અછતને દૂર કરવા માટે તેને ઉપયોગમાં લેવા લાયક બનાવવામાં આવ્યાં. જ્યારે 3326 શૌચાલયો ઉપયોગમાં લેવા લાયક નહોતા, આથી તે જ સ્થળે નવા શૌચાલયો બનાવવામાં આવ્યાં. આ માટે જે-તે કુટુંબોને આર્થિક સહાય પણ આપવામાં આવી. સ્વયં સહાય જૂથની મદદથી નિર્માણકાર્ય કરવામાં આવ્યું. આ કામ પર દેખરેખ પણ સ્વયં સહાય જૂથે જ રાખી. તમામ કવાયતના પરિણામોની તપાસ માટે ઑક્ટોબર 2017માં એકવાર ફરી સરવે કરવામાં આવ્યો. લોકો અને વહીવટીતંત્રની આ પહેલથી કુંડ્રાથુર, સેન્ટ થૉમસ માઉન્ટ, થીરુપોરુરમાં સારા પરિણામો જોવા મળ્યાં. આ સ્થળોએ શૌચાલયોનું સમારકામ થઈ

| **બ્લૉકનું નામ** | **શૌચાલયોની સંખ્યા** |
|---|---|
| 1. કાંચીપુરમ | 541 |
| 2. આચિરુપાક્કમ | 603 |
| 3. ચિતામુર | 552 |
| 4. કાટ્ટાન્કુલત્તૂર | 344 |
| 5. કુંડ્રત્તૂર | 1437 |
| 6. લત્તૂર | 374 |
| 7. મટુરાન્તકમ | 482 |
| 8. શ્રી પેરૂમમ્બુદુર | 186 |
| 9. સેંટ થૉમસ માઉન્ટ | 435 |
| 10. તિરુપોરૂર | 463 |
| 11. તિરુકલ્કુણ્ડ્રમ | 308 |
| 12. ઉત્તિરમરૂર | 2360 |
| 13, વાલાઝાબાદ | 241 |
| **કુલ** | 8326 |

ચૂક્યું છે અને લોકો હવે તેનો ઉપયોગ પણ કરી રહ્યાં છે. ♦

## સફળતાની વાત

# પીએમ પાસેથી પ્રેરણા લઈ ગાયત્રી તૈયાર કરી રહી છે રાની મિસ્ત્રી

અફીણની ખેતી અને માનવ તસ્કરી માટે બદનામ થયેલાં ઝારખંડના અતિ પછાત જિલ્લા ખૂંટીના ગુટજોરાની ગાયત્રીની તો વાત જ અનોખી છે. હવે તે કોઈ સામાન્ય મજૂર નથી રહી. બાંધકામના ક્ષેત્રમાં જ્યાં પુરુષ રાજમિસ્ત્રીઓનું જ વર્ચસ્વ છે, ત્યાં પોતાનું અલાયદુ વર્ચસ્વ જમાવનારી ગાયત્રી રાનીમિસ્ત્રી બની ગઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા આઠ મિનિટ તેની સાથે વાત કરી અને તેના કામની સરાહના કરી. તેનાથી ગાયત્રીનો ઉત્સાહ ઑર વધી ગયો. તે પોતાના ક્ષેત્રમાં પોતાની જેવી બીજી રાની મિસ્ત્રી તૈયાર કરવાના કામમાં લાગી ગઈ છે. ખૂંટીના પછાત વિસ્તારમાંથી આવનારી ગાયત્રીએ રાની મિસ્ત્રીનું પ્રશિક્ષણ લઇને વડા પ્રધાનના સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપ્યો અને શૌચાલયો બનાવ્યાં. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘરોનું નિર્માણ કર્યું અને હજુ પણ બીજા ઘરો બનાવી રહી છે. તેણે પોતે જ પોતાનું ઘર બનાવ્યું છે. વડા પ્રધાનની સરાહનાથી પ્રેરિત થયેલી ગાયત્રી બીજી મહિલાઓને રાનીમિસ્ત્રી



બનાવવા માટે પ્રશિક્ષણ આપવામાં સંકળાયેલી છે. તે 30 લોકોની ટીમને પ્રશિક્ષણ આપી રહી છે, જેથી તેઓ પણ સક્ષમ બને અને અન્ય લોકોના સપનાનું ઘર તૈયાર થઈ શકે. તેમના કામના વખાણ થતાં બાજુના જિલ્લામાંથી પણ તેમની માંગ થવા લાગી. ગુમલા તેમજ સિમડેગા વહીવટીતંત્રે પણ પ્રશિક્ષણ માટે ગાયત્રીને પોતાની ત્યાં બોલાવી છે. રાજ્ય સરકાર તરફથી પણ રાજમિસ્ત્રીની જેમ મહિલાઓને રાનીમિસ્ત્રીની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ગાયત્રીએ જણાવ્યું કે, વર્ષ 2016માં રાનીમિસ્ત્રીનું પ્રશિક્ષણ લીધા બાદ તે ત્રણ શૌચાલયો તથા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 15 ઘરોનું નિર્માણ કરી ચૂકી છે. લોકોને મારી કારીગરી પસંદ પડી રહી છે. મારું ઘર પણ ઝૂંપડી જેવું હતું, મેં મારા મકાનનું નીચલું તળિયું પણ જાતે જ બનાવ્યું છે. મારા પતિ અને બાળકોએ પણ મને સહયોગ આપ્યો છે.

**ખૂંટીમાં મહિલાઓ બની રહી છે કાર્યદક્ષ:** ખૂંટીની લગભગ એક ડઝન મહિલાઓ રાજમિસ્ત્રીનું પ્રશિક્ષણ લઇને રાનીમિસ્ત્રી બની ગઈ છે. તેઓ હવે લોકોના સપનાંનું ઘર તૈયાર કરી રહી છે. આવી સ્ત્રીઓ સમાજની અન્ય સ્ત્રીઓ માટે પ્રેરણાસ્રોત બની ગઈ છે. લોકો તેમના કામના વખાણ કરી રહ્યાં છે. પીએમ મોદીએ વીડિયો કૉન્ફરન્સિંગના માધ્યમથી સમગ્ર દેશની મહિલાઓ સાથેના સંવાદ કાર્યક્રમમાં ખૂંટીની ત્રણ રાનીમિસ્ત્રી સાથે વાત કરી હતી. આ સ્ત્રીઓએ પોતાના અનુભવ પીએમને જણાવ્યાં હતાં. ગાયત્રી સાથે લગભગ આઠ મિનિટ સુધી પીએમએ વાત કરી પૂરેપૂરી જાણકારી મેળવી હતી. ♦

# નોકરીનો મોહ ત્યાગી સ્વચ્છતાદૂત બની સંધ્યા

છત્તીસગઢના બિલાસપુર પાસે આવેલી નગર પંચાયત સકરીની નિવાસી સંધ્યા બગ્ગા કૉમર્સમાં ગ્રેજ્યુએટ છે. તે શહેર જઇને નોકરી કરી શકતી હતી. તમામ રસ્તાઓ ખુલ્લાં હતાં. ખાનગી નોકરીના વધુ સારા વિકલ્પો પણ તેની પાસે હતા. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતા સંબંધિત વિચારોની તેની પર એવી અસર થઈ કે, સંધ્યાએ સ્વચ્છતાદૂત બનવાનું પસંદ કર્યું. હાલમાં તે સ્વયં સહાય જૂથ સાથે જોડાઇને ગામની સફાઈની જવાબદારી સંભાળી રહી છે. 24 વર્ષીય સંધ્યા ગામમાં જ સફાઇકર્મીનું કામ સારી રીતે નિભાવી રહી છે. સ્વયં સહાય જૂથ પાસેથી તેને દર મહિને પાંચ હજાર રૂપિયા જ મળે છે પરંતુ તેના કરતાં તેને પોતાના કામથી સંતોષ વધારે છે. સંધ્યાએ ઘરે-ઘરે જઈ કચરો ઉઠાવીને પોતાના ગામને સ્વચ્છ રાખવાનું બીડું ઝડપ્યું છે. તે સાઇકલ રિક્ષામાં કચરો લઈ જાય છે. પહેલીવાર જ્યારે તેણે સાઇકલ રિક્ષા ચલાવી ત્યારે તે ઘાયલ પણ થઈ ગઈ હતી, લોકોએ તેની મજાક પણ ઉડાડી પરંતુ પીએમ મોદીથી પ્રેરિત



**રિક્શા દ્વારા કચરાંનું વહન કરતી નગર પંચાયત સકરીની નિવાસી સંધ્યા બગ્ગા**

સંધ્યાએ કોઇપણ વાતની ચિંતા કર્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું. સંધ્યાનું કહેવું છે કે, કંઇક અલગ કરવાની અને કુટુંબની જવાબદારીઓમાં પિતાને સહકાર આપવાની ભાવના મનમાં હંમેશાથી હતી. શહેરમાં જઇને ખાનગી નોકરી કરવાની પણ ઑફરો હતી પરંતુ ગામમાં રહીને કંઇક સાર્થક કરવાનું નક્કી કરી લીધું હતું. સ્વયં સહાય જૂથની મણીકાંચન કેન્દ્રની સંતોષી દીદી સાથે તે સંપર્કમાં હતી. તેમણે આ સાર્થક કામનો માર્ગ દેખાડ્યો. પહેલીવાર સાઇકલ રિક્ષા પકડી તો મનમાં થોડો સંકોચ અનુભવાયો પરંતુ ધીમે-ધીમે લોકોનો સહયોગ મળતો ગયો તો નિશ્ચય પણ વધુ દ્રઢ બનતો ગયો. મેણાંટોણાંની ચિંતા કર્યા વગર આ કામ કરી રહેલી સંધ્યા જણાવે છે કે, કામ નાનું કે મોટું નથી હોતું ફક્ત વિચારસરણી નાની કે મોટી હોય છે. શરૂઆતમાં પિતાની નારાજગી હતી. તેઓ સમાજ અને લોકમર્યાદાની બીકે આ કામની તરફેણમાં નહોતા પરંતુ મારી મહેનત અને દ્રઢ નિશ્ચયને જોઇને તેઓ પણ મારા પક્ષમાં આવીને ઊભા રહી ગયાં. સ્વચ્છતા અંગે સંધ્યાનું કહેવું છે કે, આ સૌથી વધુ પુનિતકાર્ય છે. જો આ કોઈ નાનું કામ હોત તો ગાંધીજીથી માંડીને આપણાં પીએમ મોદી સુધી સૌ કોઈ સ્વચ્છતા અભિયાન ન ચલાવત. સ્વચ્છતાએ જ અમને સ્માર્ટ સિટીની યાદીમાં સ્થાન અપાવ્યું છે. આ કારણસર આજીવન સ્વચ્છ પ્રહરી બનીને કામ કરતી રહીશ. તે સાંજે ગામમાં ચોરો ભરીને મહિલાઓને સફાઈ પ્રત્યે જાગૃત પણ કરે છે. ♦

# ઇંદોર જિલ્લા ગ્રામીણના સ્વચ્છતા સંદેશવાહક: ચતુરસિંહ–મેડમ બાતૂની

ઇંદોર જિલ્લા ગ્રામીણ જાન્યુઆરી 2016માં સંપૂર્ણપણે જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર થઈ ચૂક્યું છે. લોકો જિલ્લાના આ દરજ્જાને જાળવી રાખવા માટે સતત પ્રયાસરત હોવાની સાથે-સાથે ગામમાં ઘન અને પ્રવાહી કચરાંના નિકાલ માટે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરેક ગ્રામ પંચાયતમાં સીસી રોડ તેમજ ગટરના નિર્માણની સાથે લગભગ 30 ગ્રામ પંચાયતોમાં મોટરાઇઝ્ડ કચરાં વાહનથી કચરાનાં સંગ્રહણ તેમજ પૃથ્થકરણનું કામ પણ થઈ રહ્યું છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને કચરાંનો સંગ્રહ કરવામાં આવે છે.

છેલ્લાં બે વર્ષથી શહેરી ક્ષેત્રોના સ્વચ્છતા સર્વેક્ષણમાં ઇંદોર જિલ્લો નં. 1 પર રહ્યો છે. આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ 2018નો શુભારંભ કરવામાં આવ્યો છે, જેમાં શહેરોની જેમ ગામડાંઓની સ્વચ્છતાને આધારે જિલ્લાનું રેન્કિંગ કરવામાં આવશે.

ઇંદોર જિલ્લા પંચાયત દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રકારનું નવીનીકરણ કરીને ઇંદોર જિલ્લા પંચાયત દેશની પહેલી જિલ્લા પંચાયત બની ગઈ છે, જે મેસ્કોટના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ ઘરે-ઘરે પહોંચાડશે. ઇંદોર જિલ્લાના સ્વચ્છતા સંદેશવાહક તરીકે મેસ્કોટરૂપે સ્થાનિક માળવા સંસ્કૃતિને ધ્યાનમાં રાખી બે કેરેક્ટરનું નિર્માણ કરવામાં આવ્યું, જેને ચતુરસિંહ અને મેડમ બાતૂની (વાતોડિયણ) નામ આપવામાં આવ્યું. આ સાથે જ, તેમના પોસ્ટરનું પણ અનાવરણ કરવામાં આવ્યું. ચતુરસિંહ અને મેડમ બાતૂની એ સ્થાનિક માળવા સંસ્કૃતિના પરિધાનમાં સજ્જ પુરુષ અને સ્ત્રી છે, જેઓ હાથમા સફાઈના પ્રતીક તરીકે સાવરણી અને ડોલ લઇને ઊભા છે.

મેસ્કોટ ચતુરસિંહ અને મેડમ બાતૂનીનું અનાવરણ તારીખ 21.08.2018ના રોજ જિલ્લા પંચાયત ઇંદોર દ્વારા માનનીય અધ્યક્ષ જિલ્લા




પંચાયત સુશ્રી કવિતા પાટીદાર તેમજ કલેક્ટર શ્રી નિશાંત વરવડે, મુખ્ય કાર્યપાલક અધિકારી સુશ્રી નેહા મીના તેમજ જિલ્લા પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

મેસ્કોટનું કેરેક્ટર બનાવવા પાછળનો ઉદ્દેશ્ય એ છે કે, જે પ્રકારે ઇંદોરે સ્વચ્છતા સંગ્રામને વિશેષ અભિયાનની જેમ લઇને જિલ્લાને ઓડીએફ બનાવ્યો તેમ સ્વચ્છતાના આગામી અન્ય અવયવોને પણ અભિયાન સ્વરૂપે પૂર્ણ કરવામાં આવે. મેસ્કોટ બનાવતી વખતે એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું કે, આ પ્રકારના કેરેક્ટર પ્રભાવશાળી, ગામના લોકો તેને સ્વીકારી શકે તેવા હોય અને માળવા ક્ષેત્રનું તે પ્રતિનિધિત્વ કરતા હોય. લોકોને જાણે એવું લાગે કે આ કેરેક્ટર જાણે તેમની વચ્ચેથી જ લેવામાં આવ્યું છે, જેથી કરીને તેમના દ્વારા આપવામાં આવેલ સંદેશને લોકો સરળતાથી આત્મસાત કરી શકે. આ માટે જિલ્લા અધિકારીઓ તેમજ લાલિત્ય ફાઉન્ડેશન દ્વારા ચતુરસિંહ અને મેડમ બાતૂની જેવા કેરેક્ટર તૈયાર કરવામાં આવ્યાં, જેઓ માળવા સંસ્કૃતિથી પ્રેરિત લોકનાયક રૂપે ગામે-ગામે સ્વચ્છતાનો સંદેશ ફેલાવવાની સાથે-સાથે શેરી નાટકોમાં તેમના જીવંત ચરિત્રો જનજાગૃતિ ફેલાવવામાં સહયોગ આપી રહ્યાં છે.

મેસ્કોટ ચતુરસિંહ અને મેડમ બાતૂનીનો ઉપયોગ જિલ્લાની ગ્રામ્ય સ્વચ્છતાને સુધારવા માટે કરવામાં આવનારી પ્રવૃત્તિઓ, કાર્યક્રમો વગેરેમાં થશે. આ કેરેક્ટરો પર આધારિત જીવંત મેસ્કોટનું પણ નિર્માણ કરવામાં આવશે. આ સાથે જ, તેની પર જ આધારિત કૉમિક બુક પણ તૈયાર કરવામાં આવશે, જેમાં સ્વચ્છતાના તમામ ઘટકોનો સમાવેશ કરી શીખ પૂરી પાડનારી વાતોનું સંકલન કરવામાં આવશે.

**1. જીવંત ચરિત્ર** - મેસ્કોટનો ઉપયોગ ગ્રામ્ય ક્ષેત્રોમાં સ્વચ્છતા સંબંધિત ટેવોના વિકાસ તેમજ વર્તણૂક પરિવર્તન માટે કરવામાં આવી રહ્યો છે, જેમાં કલાકાર આવા કેરેક્ટરોની વેશભૂષામાં લોકોની વચ્ચે જઈ રહ્યાં છે, જેનાથી મનોરંજનાત્મક પદ્ધતિથી સૂચના લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

**2. કૉમિક બુક** - બાળકોમાં શરૂઆતથી જ સ્વચ્છતા સંબંધિત ટેવો વિકસાવવા માટે સ્વચ્છતાના તમામ ઘટકો પર આધારિત કૉમિક બુક બનાવીને તેને વહેંચવામાં આવી રહી છે. જેથી બાળપણથી જ તેમનામાં સ્વચ્છતા સંબંધિત ટેવો વિકસે.

**3. દિવાલ લેખન** - તૈયાર કરવામાં આવેલાં ચરિત્રો પર આધારિત વાર્તાઓના માધ્યમથી સંદેશને ઘરે-ઘરે પહોંચાડવામાં આવશે.

**4. સોશિયલ મીડિયા** - ચતુરસિંહ - મેડમ બાતૂની... સ્વચ્છતાના સંદેશવાહકક નામથી સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને પોતાના વિચાર અને સૂચનો આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. ♦

# રાઉન્ડ અપ એક્ટિવિટી

## સ્વચ્છતા સપ્તાહ




સ્વચ્છતા સપ્તાહની શરૂઆત વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી એપ્રિલ 2016માં થઈ. આ સ્વચ્છતા અભિયાનથી તમામ મંત્રાલયો અને વિભાગો જોડાયા અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અભિયાન ચલાવવામાં આવ્યું. સ્વચ્છતામાં તમામની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે જુલાઈ 2018માં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિક્તા મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, પેટ્રોલિયમ તેમજ કુદરતી ગેસ મંત્રાલય તથા અર્થ સાયેન્સિસ મંત્રાલયે સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરી.

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નું વિહંગાવલોકન**

- દેશમાં 2 ઑગસ્ટ, 2018 સુધી સ્વચ્છતાનો દર 89.07 ટકા
- 2 ઑક્ટોબર, 2014થી અત્યાર સુધીમાં 7,97,14,455 શૌચાલયોનું નિર્માણ
- 4,09,442 ગામ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર કરાયાં
- નમામિ ગંગે હેઠળ 4465 ગામ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર
- 421 જિલ્લા જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર
- 19 રાજ્ય તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ જાહેરમાં હાજતે જવામાંથી મુક્ત જાહેર

## સ્વચ્છ પ્રતિષ્ઠિત સ્થાન (એસઆઇપી)

પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય (એમડી ડબ્લ્યુએસ)એ દેશના 100 પ્રતિષ્ઠિત સ્થળોને સ્વચ્છ બનાવવાની યોજના બનાવી છે. પ્રવાસન તેમજ સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી સમગ્ર દેશના 100 પ્રતિષ્ઠિત સ્થળોની પસંદગી કરવામાં આવી. આ યોજનામાં ખાનગી કંપનીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં 20 સ્થળોની પસંદગી




કરવામાં આવી. આ સ્થળોએ સફાઈ વ્યવસ્થાને સુઘડ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી. આ સિવાય, 10 નવા પ્રતિષ્ઠિત સ્થળોને પસંદ કરવામાં આવ્યાં, જેમાં શ્રી રાઘવેન્દ્ર સ્વામી મઠ મંત્રાલયમ (આંધ્ર પ્રદેશ), હઝારદૌલી કા મહેલ (પશ્ચિમ બંગાળ), શ્રી બ્રહ્મા સરોવર મંદિર (હરિયાણા), વિદુર કુટી મંદિર (ઉત્તર પ્રદેશ), માના ગાંવ (ઉત્તર પ્રદેશ), પેંયોંગ સો (જમ્મુ-કાશ્મીર), શ્રી નાગવાસુકી મંદિર (ઉત્તર પ્રદેશ), નૂપી કીથલ (મણિપુર), શ્રી ધર્મ સંસ્થા મંદિર (કેરળ) અને કણ્વાશ્રમ (ઉત્તરાખંડ)નો સમાવેશ થાય છે.

## સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2016

પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયે વર્ષ 2018માં દેશના તમામ જિલ્લામાં સ્વચ્છતા સર્વેક્ષણની શરૂઆત કરી. આ સરવે 1 ઑગસ્ટથી 31 ઑગસ્ટ સુધી કરવામાં આવ્યો. આ સર્વેક્ષણમાં સ્વચ્છતાના તમામ પરિમાણોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સરવેમાં ટોચનો ક્રમ હાંસલ કરનારા રાજ્યો અને



જિલ્લાઓને 2 ઑક્ટોબર, 2018ના રોજ પુરસ્કૃત કરવામાં આવ્યાં. સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણમાં 6980 ગામડાંઓ અને 698 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ 34000 સાર્વજનિક સ્થળો પર આ સરવે કરવામાં આવ્યો, જેમાં શાળાઓ, આંગણવાડીઓ, જનસ્વાસ્થ્ય કેન્દ્ર, બજાર, ધાર્મિક સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો. સર્વેક્ષણમાં જનતાનો પણ મત લેવામાં આવ્યો. આશરે 50 લાખ લોકોના સલાહ-સૂચનો લેવામાં આવ્યાં.




## સ્વચ્છ સંગ્રહ

સ્વચ્છ સંગ્રહ એ એક વેબ પોર્ટલ છે, જેમાં મંત્રાલયની યોજનાઓ તેમજ સ્વચ્છતા સંબંધિત યોજનાઓ અંગે જાણકારી અપલૉડ કરવામાં આવી છે. આ વેબ પોર્ટલ પરથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંગે જાણકારી મેળવી શકાય છે. આ પોર્ટલ પરથી અલગ-અલગ ગ્રામ પંચાયત એકબીજા પાસેથી ઘણું બધું શીખી શકે છે. સફળ તેમજ વખાણવા લાયક પગલાંઓનું એકબીજા સાથે આદાનપ્રદાન કરી શકે છે. સ્વચ્છ ભારત મિશનના ઉદ્દેશ્યને સાકાર કરવાની દિશામાં તે કારગર સાબિત થશે. આ સાથે જ, રમતગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું. ♦

सत्यमेव जयते

**ભારત સરકાર**
**પંચાયતી રાજ મંત્રાલય**

## વર્ષ 2019 (મૂલ્યાંકન વર્ષ 2017-18 માટે) દરમિયાન

# રાષ્ટ્રીય પુરસ્કારો

## માટે ઑનલાઇન નોંધણીને આમંત્રિત કરવામાં આવે છે

## દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર (ડીડીયૂપીએસપી)

પંચાયતો (ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા)ના
તમામ ત્રણેય સ્તરો માટે સામાન્ય અને વિષયગત શ્રેણીઓમાં

## નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પુરસ્કાર (એનડીઆરજીજીએસપી)

ગ્રામસભાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે ગ્રામ પંચાયતો માટે

## ગ્રામ પંચાયત વિકાસ યોજના પુરસ્કાર

પંચાયતી રાજ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલાં મૉડલ દિશા-નિર્દેશો મુજબ અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વિશિષ્ટ દિશા-નિર્દેશો મુજબ પોતાની ગ્રામ પંચાયત વિકાસ યોજના તૈયાર કરનારી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવા માટે.

ડીડીયૂએસપી અને એનડીઆરજીજીએસપી માટે **28 સપ્ટેમ્બર, 2018**ના રોજ

**http://panchayataward.gov.in** પર ઑનલાઇન અરજીપત્રક આમંત્રિત કરવામાં આવ્યાં છે. આ લિંક પર આગળ વધુ અપડેટ ઉપલબ્ધ થશે. ગ્રામ પંચાયત વિકાસ યોજના પુરસ્કાર અંગે ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવશે. ઑનલાઇન નોંધણી કરાવવા, પુરસ્કાર સંબંધિત દિશા-નિર્દેશો અને પ્રક્રિયા અંગે વધુ જાણકારી તથા આગળના અપડેટ માટે મંત્રાલયની લિંક **http://panchayat.gov.in** અને **http://panchayataward.gov.in/**નો સંદર્ભ લઈ શકાય છે.

ઑનલાઇન અરજીપત્રક ભરવામાં મદદ મેળવવા માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો (યુટી)ના પંચાયતી રાજ વિભાગના નોડલ અધિકારી અથવા તો તેમના રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર સંયોજકનો સંપર્ક કરી શકાય છે. રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રને આ પુરસ્કારોના પ્રચાર-પ્રસાર માટે વિનંતી કરવામાં આવે છે.

**પંચાયતી રાજ**

**(પુનીત શર્મા)**
ઉપ-સચિવ, ભારત સરકાર



નરેન્દ્રસિંહ તોમર
ગ્રામીણ વિકાસ,
પંચાયતી રાજ તેમજ ખાણ મંત્રી



## 2 ઑક્ટોબર, 2018થી 31 ડિસેમ્બર, 2018

# ગ્રામ પંચાયત વિકાસ યોજના (જીપીડીપી) ‘સબકી યોજના સબકા વિકાસ’ જનયોજના અભિયાન

### તમામ ગ્રામ પંચાયતો / ગ્રામસભાઓને વિનંતી છે કે, આ અભિયાનમાં પોતાનું યોગદાન આપીને પોતાના ગામના વિકાસમાં સહયોગ આપે.

**અભિયાન માટેની પ્રવૃત્તિઓનું કેલેન્ડર**

| ક્રમ સં. | પ્રવૃત્તિઓ | સમયમર્યાદા |
|---|---|---|
| 1. | સુવિધા પૂરી પાડનારાના પ્રશિક્ષણ મોડ્યૂલની શરૂઆત | 30 ઑગસ્ટ, 2018 |
| 2. | નોડલ અધિકારીઓની નિમણૂક । રાજ્ય, જિલ્લા તેમજ બ્લૉક સ્તરે । અને તમામ નોડલ અધિકારીઓ દ્વારા વેબ પોર્ટલ પર રજિસ્ટ્રેશન | 10 સપ્ટેમ્બર, 2018 |
| 3. | ગ્રામસભા બેઠકના કાર્યક્રમને અપલૉડ કરવો. | 10 સપ્ટેમ્બર, 2018 |
| 4. | પ્રત્યેક ગ્રામ પંચાયત માટે સુવિધા પૂરી પાડનારની નિમણૂક | 10 સપ્ટેમ્બર, 2018 |
| 5. | સુવિધા પૂરી પાડનારાઓના પ્રશિક્ષણની સમાપ્તિ | 15 સપ્ટેમ્બર, 2018 |
| 6. | ગામની બેઠકો માટે સંબંધિત વિભાગોના અગ્ર હરોળના કાર્યકર્તાઓની નિમણૂક. | 15 સપ્ટેમ્બર, 2018 |
| 7. | પ્રત્યેક ગ્રામ પંચાયતમાં સાર્વજનિક સૂચના બૉર્ડનું પ્રદર્શન અને પોર્ટલ પર તેના જિયોટેગિંગ કરેલાં ફોટોને અપલૉડ કરવા. | 15 સપ્ટેમ્બર, 2018 |
| 8. | ગ્રામસભાની બેઠકના જિયોટેગ કરેલાં ફોટો અપલૉડ કરવા. | ગ્રામસભાના સંચાલનની તરત પછીથી |
| 9. | પ્લાનપ્લસના ઉપયોગ પર મંજૂર કરવામાં આવેલ યોજનાનું પ્રકાશન | 31 ડિસેમ્બર, 2018 |

**જન યોજના અભિયાન / જીપીડીપી અભિયાનની વેબસાઇટ: gpdp.nic.in**
**હેલ્પડેસ્ક: 011-23074309, 011-23386556, 011-23383816, 011-23386140**
**અમારી સાથે પ્રત્યક્ષ રીતે જોડાઓ: https://twitter.com/people_plan**
**https://www.facebook.com/PeoplesPlanCampaign**

Gujarati

**પંચાયતી રાજ મંત્રાલય**

**પંચાયતી રાજ મંત્રાલય**
www.facebook.com/MinistryofPanchayatiRaj
@mopr_goi

**ગ્રામીણ વિકાસ મંત્રાલય**
www.facebook.com/IndiaRuralDev

**પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલય**
www.facebook.com/MODWS
@swachhbharat

ग्रामोदय संकल्प

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर


પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર દ્વારા મુદ્રિત તેમજ પ્રકાશિત
**મુખ્ય સંપાદક:** અમરજિત સિંહા, સચિવ, પંચાયતી રાજ મંત્રાલય તેમજ ગ્રામીણ વિકાસ મંત્રાલય
મેસર્સ થૉમસન પ્રેસ, બી-315, સી-બ્લૉક રોડ, ઓખલા-1, ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, નવી દિલ્હી, દિલ્હી - 110020થી મુદ્રિત
પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર, સરદાર પટેલ ભવન, નવી દિલ્હી- 110001થી પ્રકાશિત


"The translation of ' Gramoday Sankalp ' has been carried out by M/s Jagran Prakashan Ltd. Any inadvertent error or omissions, if any, found in the translation is the responsibility of the agency."